
# વિચાર

વર્ષ ૨૨ અંક ૧, સળંગ અંક ૭૮ જાન્યુઆરી–માર્ચ, ૨૦૧૭



**સક્ષમતાનો માર્ગ – સંગઠિત થવું**

યૂરોપીય સંઘ

उन्नति
UNNATI

- **સંપાદકીય** 3
- ગરીબ મહિલાઓ માટે સૂક્ષ્મ-વીમા ઉત્પાદનો અને સેવાઓનો વિકાસ: સેલ્ફ એમ્પલોઈડ વિમેન્સ એસોસિએશન (સેવા)ના 'વીમો-સેવા' ઈન્શ્યોરન્સ કોઓપરેટિવનો અનુભવ 5
- 'સામાજિક ન્યાય'ની વિભાવના (ગ્રાસરૂટ કાર્યકર્તાઓના ઉપયોગ માટે) 9
- આપત્તિ પ્રબંધન: સંગઠનાત્મક જોડાણો તથા વિવિધ હિતધારકો વચ્ચે સહકારીતાને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત 13
- 'રાઈટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬' - ચાવીરૂપ લાક્ષણિક્તાઓ 15
- સંગઠિત કરવા અને જનએકત્રીકરણ કરવા વચ્ચેનો તફાવત 17
- સાંભળવાની ક્રિયા - 'દ્રષ્ટિકોણ' 21
- રાષ્ટ્રીય આરોગ્ય નીતિ - ૨૦૧૭ - સામાન્ય લોકો માટે આરોગ્ય સેવાની નવી તક 22
- અધિકાર પ્રાપ્તિની મંત્રણા માટે સામાજિક કરાર - જ્ઞાતિગત માળખા હેઠળ બદલાઈ રહેલાં પાસાંઓ 25

**સાંપ્રત પ્રવાહ** 30

# સંપાદકીય

### સક્ષમતાનો માર્ગ – સંગઠિત થવું

ગરીબ વર્ગ સત્તાથી વંચિત હોવાને કારણે નિઃસહાયતા અને પોતાના જીવનના સંદર્ભમાં હંમેશા સતત ભય અનુભવે છે. તેઓના જીવનનો દોરીસંચાર અન્ય શક્તિઓના હાથમાં હોય છે અને આ શક્તિઓ પર તેઓનું કોઈ નિયંત્રણ હોતું નથી. આ પરિસ્થિતિ બદલવા માટે 'સક્ષમતા' જ એક માત્ર ઉપાય છે. ગરીબીની સમસ્યા પાછળ ઘણાં કારણો જવાબદાર છે. પ્રથમ તો જમીન, પાણી, જંગલ, ખનીજ, મશીનો વગેરે જેવાં સંસાધનો પર તેમનું કોઈ નિયંત્રણ નથી. બીજું કે, મોટા ભાગના ગરીબ લોકો પરંપરાગત રીતે રાજકીય અને સામાજિક રીતે પછાત છે. ગરીબ મહિલાઓની સ્થિતિ વધુ ખરાબ છે. અસક્ષમતા કોઈ એક ક્ષેત્ર પૂરતી સીમિત નથી. કોઈ એક ક્ષેત્રમાં નિઃસહાય હોવાના કારણે જે-તે વ્યક્તિ અન્ય ક્ષેત્રોમાં પણ નિઃસહાય જ રહે છે. આ અસક્ષમતા રાજકીય, આર્થિક અને સામાજિક સ્વરૂપની હોઈ શકે છે.

સામાજિક ક્ષેત્રમાં આરોગ્ય, શિક્ષણ, પાણી, સ્વચ્છતા, રહેઠાણ તથા અન્ય બાબતોનો સમાવેશ થાય છે. આ જરૂરિયાતો સંતોષવાની જવાબદારી સરકારની હોવા છતાં, મોટા ભાગનાં લોકો ખાનગી ક્ષેત્રની સેવાઓ થકી આ જરૂરિયાતો સંતોષે છે. ગરીબ લોકો સરકારી વ્યવસ્થાઓ સરળતાથી મેળવી શકતા નથી. આર્થિક અને સામાજિક રીતે સક્ષમ હોય તેવા લોકો રાજકીય સ્તરે પણ સરળતાથી સક્ષમ થઈ જાય છે. સંગઠનની રચના એ સક્ષમ થવા માટેની ગુરૂચાવી છે. સંગઠનની રચના થકી નિર્બળ લોકો શક્તિશાળી બને છે. સંગઠિત થવાથી તેઓ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થાય છે. આથી તેમને ઘણી જાણકારી મળે છે જેના કારણે તેઓમાં એવા આત્મવિશ્વાસનો સંચાર થાય છે કે તેઓ પણ પોતાનું અને પોતાના પરિવારનું જીવન ધોરણ સુધારવાની યોગ્યતા ધરાવે છે. સંગઠન રચવાથી વ્યક્તિની વિચારવાની, સમજવાની અને અનુભવવાની રીત જ બદલાઈ જાય છે. તેમની ભૌતિક પરિસ્થિતિમાં પણ સુધારો થવા માંડે છે. ઓછી મૂડી ધરાવનારા ઉત્પાદકો સંગઠિત થઈને જથ્થાબંધ ભાવોમાં કાચો માલ ખરીદી શકે છે. બજારમાં એકલા પ્રવેશ કરવામાં અસમર્થતા અનુભવતા ખેડૂતો સામૂહિક ધોરણે બજારમાં પોતાનું સ્થાન ઊભું કરી શકે છે. ગરીબ મહિલાઓ પોતાની નાની બચત થકી 'સ્થાનિક બચત બેન્ક' બનાવી શકે છે. જમીન-વિહોણા મજૂરો જમીનની સંયુક્ત માલિકી મેળવી શકે છે. ગામની મહિલાઓ સંગઠિત થઈને શાળા ચલાવી શકે છે અથવા તો આંગણવાડી કે આરોગ્ય કેન્દ્ર શરૂ કરી શકે છે. સંગઠનથી શક્તિ વધે છે અને તેમની રજૂઆતો પર ધ્યાન આપવામાં આવે છે. આ વધતી શક્તિઓ જ સંગઠનનો આધાર છે. સંગઠન મારફત પોતાની વાત રજૂ કરી શકાય છે. નીતિઓ બદલી શકાય છે. નવા કાયદા ઘડી શકાય છે અને નીતિ ઘડવા ક્ષેત્રે પ્રતિનિધિત્વ કરી શકાય છે.

ગરીબોને સંગઠિત કરવા માટે બે પાસાં મહત્વનાં છે - પહેલું તો, ગરીબોના હિતમાં હોય તેવા કોઈ મુદ્દા પર સંઘર્ષ કરવો. સંગઠનનો બીજો મુદ્દો કાર્યક્રમ આધારિત હોય છે. આ પરથી એ સુનિશ્ચિત થાય છે કે સંગઠન રચવાનો પ્રયત્ન લાંબા સમય સુધી ચાલુ રહેશે. મજબૂત ટકાઉ સંગઠન રચવા માટે સંગઠનનું નિયંત્રણ, સંગઠનની સેવા લેનારા સભ્યો દ્વારા જ કરવામાં આવે તે જરૂરી છે. નાનાં કદનાં સંગઠનોનું સંચાલન, વ્યવસ્થાપન અને નિયંત્રણ, લોકો દ્વારા હાથ ધરાતું હોય છે. જ્યારે વિશાળ સંગઠનો માટે કુશળ વ્યક્તિઓની સેવા લઈ શકાય છે. લોકસંગઠનનું સ્વરૂપ લોકશાહી ઢબનું હોવું જોઈએ.

લોકસંગઠનનું સૌથી નાનું કદ, ગ્રામ કે તેના કરતાં પણ નાના સ્તરનું હોય છે. સ્વ-સહાય જૂથો એ લોક સંગઠનનાં સૌથી નાનાં એકમો હોય છે. આ જૂથો જિલ્લા, રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તર સુધી વિસ્તરવાં જોઈએ. જૂથનાં સભ્યોને વધુમાં વધુ લાભ મળી રહે તે માટે દેશની મુખ્ય પ્રવાહની સંસ્થાઓ સાથે જોડાણ સાધવું જરૂરી છે કારણ કે સ્વૈચ્છિક સંસ્થાઓ લોક સંગઠનનું સ્થાન લઈ શકે નહીં. વળી આ સંસ્થાઓ દેશમાં એકસમાન સ્વરૂપે ફેલાયેલી હોતી નથી. ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થા સ્થાપવા માટે સેવા તથા ત્યાગની ભાવના ધરાવતા લોકો

હોય તે જરૂરી છે. ત્રીજું કે જે સંગઠનનું સંચાલન સાચા અર્થમાં લોકો જ કરતા હોય તેવા સંગઠન દ્વારા લોકોમાં સક્ષમતાનો વધારો થાય છે.

નીતિના ઘડવૈયાઓ મોટાભાગે એવો મત ધરાવતા હોય છે કે પંચાયતી રાજ અને લોકસંગઠન બંને એક જ છે. પંચાયતો અને અન્ય પંચાયતી રાજ સંસ્થાઓએ જ વિકાસના તમામ કાર્યક્રમોનું સંચાલન કરવાની જવાબદારી સંભાળવી જોઈએ. પંચાયતી રાજ સંસ્થાઓ રાજકીય સંસ્થાઓ છે. આ સંસ્થાઓના કાર્યક્રમો વિકાસલક્ષી હોય છે. આ સંસ્થાઓએ વિકાસલક્ષી કાર્યોને સહાય અને સહકાર પૂરાં પાડવાં જોઈએ. જો કે, તેનો અર્થ એ નથી કે સ્વયં પંચાયતે જ સંગઠન ચલાવવું જોઈએ. રાજકીય અને વિકાસ સંગઠનોનું સંચાલન કરવા વચ્ચે જે તફાવત છે, તે તફાવત ન સમજી શકવાને કારણે નીતિ ઘડવૈયાઓ એવું માને છે કે ગામમાં કોઈપણ સહકારી સમિતિ સ્થાપવાની જરૂર નથી કારણ કે સહકારી સમિતિઓનું સંચાલન અંતે તો ચૂંટાયેલી પંચાયત જ કરશે. આ બંને સંસ્થાઓનાં કાર્યો જુદાં-જુદાં છે પરંતુ તેમની વચ્ચે પારસ્પરિક જોડાણ મજબૂત હોય તે મહત્ત્વનું છે.

લોકસંગઠનોને સંગઠિત કરીને જ સક્ષમતા મેળવી શકાય છે. રેનાના ઝાબવાલા (સેવા)એ લોક સંગઠનોને આગળ ધપાવવા માટે અને ગરીબોને પ્રોત્સાહિત કરવા માટેની જરૂરી નીતિઓ અંગેનાં સૂચનો આપ્યાં છે, જે નીચે પ્રમાણે છેઃ

- ગરીબ કલ્યાણ કાર્યોને આગળ ધપાવવા માટે આર્થિક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સંગઠન રચવું અસરકારક બની રહે છે. રોજગારી, સુરક્ષા, આવકવૃદ્ધિ વગેરે પરિબળોને કારણે ગરીબોની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય છે.
- ખાનગીકરણ અને ઉત્તરદાયિત્વ ગરીબ-તરફી હોય તે જરૂરી છે. સહકારી સંસાધનોનું ખાનગીકરણ સ્થાનિક લોકસંગઠનોના હિતમાં હોવું જોઈએ. જો સ્થાનિક માછીમારો માટે કોઈ તળાવનું ખાનગીકરણ કરવામાં આવે કે જંગલમાં વસનારા સ્થાનિક લોકો માટે તે જંગલનું ખાનગીકરણ કરવામાં આવે, તો તેનાથી લોકશક્તિ વધશે. રેશનની દુકાન, આરોગ્ય કેન્દ્ર, શિક્ષણ વગેરે જેવી સરકારી સેવાઓને ગરીબો પ્રત્યે ઉત્તરદાયી બનાવવી જોઈએ.
- વિકાસલક્ષી કાર્યોમાં મહિલાઓને નેતૃત્વની તક મળવી જોઈએ. મહિલાઓ રોજિંદા વિકાસ સાથે જોડાયેલા મુદ્દાઓ રજૂ કરતી હોય છે. આથી જ શક્ય હોય ત્યાં સુધી લોકસંગઠનનું નેતૃત્વ મહિલાઓને સોંપવું જોઈએ.
- લોકસંગઠનોનું ક્ષમતાવર્ધન કરવાનું તથા તેમને સહકાર પૂરો પાડવાનું કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકાર, યુનિવર્સિટી તથા તાલીમ સંસ્થાઓએ હાથ ધરવું જોઈએ.
- લોકસંગઠનોમાં વિશ્વસનીયતા ઊભી કરવા માટે તેમના હિતમાં હોય તેવી નીતિઓ ઘડાવી જોઈએ. ■

# ગરીબ મહિલાઓ માટે સૂક્ષ્મ-વીમા ઉત્પાદનો અને સેવાઓનો વિકાસ: સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન્સ એસોસિએશન (સેવા)ના 'વીમો-સેવા' ઈન્શ્યોરન્સ કોઓપરેટિવનો અનુભવ

**- મિરાઈ ચેટર્જી**
ચેરપર્સન, નેશનલ ઇન્શ્યોરન્સ 'વીમો-સેવા' કોઓપરેટિવ અને ડિરેક્ટર, સેવા સોશ્યલ સિક્યોરિટી
પ્રિન્સ માહિડોલ એવોર્ડ કોન્ફરન્સ, 2016 સમયે રજૂ કરવામાં આવેલા મુખ્ય સંબોધનમાંથી.
જાન્યુઆરી, 29, 2016, બેંગકોક, થાઇલેન્ડ

ભારતમાં મોટાભાગનો, 93 ટકા શ્રમિક ગરીબ વર્ગ અસંગઠિત અર્થતંત્ર સાથે સંકળાયેલો છે. મોટાભાગના અસંગઠિત કામદારો નોકરીદાતા-નોકરીકર્તા વચ્ચેનો સ્થિર સંબંધ નથી ધરાવતા હોતા. વળી ઘણા લોકો સ્વરોજગારી કરતા હોય છે. જેમ કે ફેરિયા, કારીગર કે એ પ્રકારનાં અન્ય નાનાં-મોટાં કામ કરતાં હોય છે. 'ખેતી' એ આજે પણ મોટાભાગના ભારતીયો માટે આજીવિકાનો મુખ્ય સ્રોત છે. તેમાંથી મોટાભાગનાં લોકો સ્વ-રોજગારી સાથે સંકળાયેલા, નાના અને સીમાંત ખેડૂતો છે. અસંગઠિત કામદારોની લાક્ષણિકતા એ છે કે તેઓ થોડું કે નજીવું કામ અને આવકની નહિવત્ સુરક્ષા ધરાવતા હોય છે. તેઓ આરોગ્યની કાળજી, બાળ સંભાળ, મૂળભૂત સુવિધાઓ સાથેનો આશ્રય, વીમા કવચ અને પેન્શન જેવી પાયાના સ્તરની સામાજિક સુરક્ષાથી પણ વંચિત હોય છે. એટલું જ નહીં, આ પૈકીના ઘણા શ્રમિકો માટે 'ખાદ્ય સુરક્ષા' આજે પણ એક મુખ્ય સમસ્યા છે.

ભારતના અસંગઠિત અને ગરીબ શ્રમિકોમાં મહિલાઓનું પ્રમાણ મોટું છે. મહિલાઓ મહદ્અંશે તમાકુ ઉગાડવી તથા તેના પ્રોસેસિંગ જેવાં જોખમી કાર્યો સાથે સંકળાયેલી હોય છે તથા તેમને ઘણું જ ઓછું મહેનતાણું ચૂકવાય છે. અન્ય દેશોની જેમ ભારતમાં પણ અસંગઠિત ક્ષેત્ર, ગરીબી અને સ્ત્રી-પુરુષ સમાનતા (જેન્ડર)ના પાસાં પરસ્પર સંકળાયેલાં છે.

'સેલ્ફ એમ્પ્લોઇડ વિમેન્સ એસોસિએશન' (સેવા), એ અસંગઠિત ક્ષેત્રની મહિલા કામદારોનું રાષ્ટ્રીય સંગઠન છે. હું આ સંગઠન સાથે સંકળાયેલી છું. આશરે ચાર દાયકા અગાઉ ઇલા ભટ્ટે 'સેવા'ની સ્થાપના કરી હતી. ઇલા ભટ્ટ, વકીલ અને શ્રમિક (કામદાર) સંગઠક છે. અસંગઠિત મહિલા શ્રમિકોએ બે છેડા ભેગા કરવા માટે વેઠવી પડતી મુશ્કેલીઓ તરફ ધ્યાન જતાં ઇલાબહેને આ ક્ષેત્રે કામગીરી કરવાનો નિર્ધાર કર્યો. ગણ્યાગાંઠ્યા ફેરિયાઓ સાથે શરૂ થયેલી 'સેવા' આજે આશરે વીસ લાખ સભ્યો ધરાવતું વિશાળ સંગઠન બની ચૂક્યું છે. સાથે જ 'સેવા' આફ્રિકા અને એશિયામાં વિવિધ સંગઠનોને પ્રોત્સાહિત પણ કરે છે. ઘરેથી કામ કરતા કામદારોના કલ્યાણ માટે કામ કરતી 'હોમનેટ થાઇલેન્ડ', આવી જ એક ભગિની સંસ્થા છે. 'સેવા'ને, દેશને આઝાદ કરાવવામાં બહુમૂલ્ય યોગદાન આપનાર મહાત્મા ગાંધી દ્વારા પ્રેરણા મળી છે. સેવા, ગાંધીજી જેને બીજી આઝાદી કહે છે - તે ભૂખ અને ગરીબાઈથી આઝાદી મેળવવા માટેની લડત ચાલુ રાખવા માટે કટિબદ્ધ છે. ગાંધીજીએ હાકલ કરી હતી કે પ્રથમ આઝાદી મેળવી લીધા બાદ તમામ ભારતીયોએ ઉપરોક્ત બીજી આઝાદી મેળવવા તરફ આગેકૂચ કરવી જોઈએ. વર્ષો વીતવા સાથે આપણે સમજી શક્યાં છીએ કે જ્યારે ગરીબ વર્ગ સંગઠિત થાય, એક્તાની ભાવના કેળવે અને પોતાનાં સભ્યપદ આધારિત સંગઠનો વિકસાવે (જેના તેઓ વપરાશકર્તા હોય, વ્યવસ્થાપક હોય અને માલિક હોય), ત્યારે જ બીજી આઝાદી મેળવી શકાશે. આ સામૂહિક સંગઠનો મારફત જ ગરીબો રોજબરોજના જીવનમાં તેઓને સહન કરવા પડતા શોષણ અને અન્યાયનો પ્રતિકાર કરી શકશે. મહિલા કામદારોએ ઘરમાં, પોતાના સમુદાયમાં અને સાથે જ સમાજમાં દરેક તબક્કે જાતિગત ભેદભાવનો સામનો કરવો પડતો હોવાથી તેઓ માટે આ સંગઠનો અત્યંત જરૂરી છે.

અમે સમજી શક્યાં છીએ કે 'સેવા'ની અમારી બહેનોની માફક ગરીબ મહિલાઓ ઘર કક્ષાએ પૂર્ણ રોજગારી મેળવીને ગરીબીના ચક્રમાંથી બહાર નીકળીને સ્વ-નિર્ભરતા તરફ આગળ વધી શકે છે. પૂર્ણ રોજગારીમાં કાર્ય અને આવકની સુરક્ષા, ખાદ્ય સુરક્ષા અને સામાજિક સુરક્ષાનો સમાવેશ થાય છે. તેમાંથી, સામાજિક સુરક્ષામાં અગાઉ ઉલ્લેખાયેલી મૂળભૂત સુવિધાઓ અને સેવાઓ, જેવી કે, આરોગ્ય સંભાળ, બાળ સંભાળ, દરેક ઘરમાં પાણીના જોડાણ અને શૌચાલય સાથેના આશ્રયસ્થાન, વીમાકવચ અને પેન્શનનો સમાવેશ થવો જોઈએ. આ તમામ સેવાઓ અને સુવિધાઓ ત્યારે જ શક્ય

બને, જ્યારે મહિલાઓ તેમનું પોતાનું સંગઠન રચીને તેમની સમસ્યાઓનાં સર્જનાત્મક ઉપાયો શોધવા ક્ષેત્રે કામગીરી કરે. 'સેવા' દ્વારા સભ્યપદ આધારિત 5,000 કરતાં વધુ નાનાં, મધ્યમ અને વિશાળ સંગઠનો સ્થાપવામાં આવ્યાં છે. બોર્ડમાં લોકશાહી ઢબે મહિલાઓને ચૂંટવામાં આવે છે અને તેઓ સમાવેશક અને સમાનતાના ધોરણે પોતાની પ્રાથમિકતાઓ નક્કી કરે છે.

મહાત્મા ગાંધી જાણતા હતા કે, દેશમાં વિશાળ સંખ્યામાં ગરીબ વસ્તી હોવાથી અત્યંત ગરીબ તથા સમાજના સૌથી વધુ જરૂરિયાતમંદ અને વંચિત વર્ગને ધ્યાનમાં રાખીને પ્રાથમિકતાઓ નક્કી કરવી જરૂરી છે. ગાંધીજીએ કહ્યું હતું કે, તમે જોયા હોય તેવા ગરીબ અને નબળા વ્યક્તિનો ચહેરો યાદ કરો અને સ્વયંને પ્રશ્ન કરો કે, તમે જે પગલું ભરવા જઈ રહ્યા છો, તેનાથી તે વ્યક્તિને કોઈ લાભ થશે ખરો? શું તમારા આ પગલાથી તે વ્યક્તિ તેના જીવન અને તેની નિયતિ પર નિયંત્રણ મેળવી શકશે? 'સેવા'માં અમે ગાંધીજીએ ચીંધેલા માર્ગ પર ચાલવાનો પ્રયત્ન કરીએ છીએ અને ભારતીય સમાજના અત્યંત ગરીબ વર્ગ - અસંગઠિત ક્ષેત્રની મહિલા કામદારો પર ધ્યાન આપીએ છીએ. નાણાંકીય સેવાઓ એ અમારી 'સેવા'ની બહેનોની પ્રાથમિકતાઓ અને જરૂરિયાતો પૈકીની એક છે. શરૂઆતના દિવસોથી જ મહિલાઓને સમજાવવામાં આવ્યું હતું કે, જો તેઓ નાણાં ધીરનાર અને વ્યાજખોરોનું શરણ લેતી રહેશે તો તેઓ ગરીબીમાંથી બહાર નહીં નીકળી શકે. સાથે જ તેમને પોતાની બચત માટે સલામત સ્થાન મળી રહે અને ત્યારબાદ પોષણક્ષમ ધિરાણ સેવાઓ મળી રહે તે જરૂરી હતું. તેમની પોતાની જ સહકારી બેન્ક - 'સેવા બેન્ક' દ્વારા તેમને આ સેવાઓ પૂરી પાડવામાં આવી, ત્યારબાદ તેમણે વીમાકવચ માટેની તેમની જરૂરિયાત વ્યક્ત કરી. કપડાં વેચવાનો વ્યવસાય કરતી કાર્યકર્તા અને સંગઠનની નેતા આયેશાએ જણાવ્યા પ્રમાણે: "અમે ઘણી મહેનત કરીએ છીએ અને બચત કરીએ છીએ. પરંતુ ઘરમાં કોઈ બિમારી આવે કે પરિવારના કોઈ સભ્યનું મૃત્યુ થાય ત્યારે અમારી તમામ બચત વપરાઈ જાય છે અને અમારે કાં તો નાણાં ધીરનાર પાસે જવું પડે છે કે ઘરેણાં ગીરવે મૂકવાં પડે છે અને દેવું કરવું પડે છે. આવી પરિસ્થિતિમાં અમે સ્વ-નિર્ભર કેવી રીતે બની શકીએ?"

આયેશાનાં સહકર્મી અને જૂનાં કપડાં વેચીને ગુજરાન ચલાવતાં નાનુબેને તેમનો વ્યવસાય ઊભો કરવા માટે સેવા બેન્કમાંથી 27 વખત લોન લીધી છે. નાનુબેન કહે છે, "મારા જેવી મહિલાઓને ધિરાણની જરૂર પડતી હોય છે. અમે અમારી પોતાની બેન્કમાંથી પોસાય તેવા દરે લોન મેળવી શકીએ છીએ. મારા પતિનું મૃત્યુ થયું, તે સમયે મેં મારી તમામ બચત તેમની લૌકિક ક્રિયાઓ પાછળ ખર્ચી નાંખી. હું ઘણા સમય સુધી લોનની પુનઃચૂકવણી કરી શકી નહોતી. મારા જેવી મહિલાઓ વીમાકવચ ધરાવતી હોય તે જરૂરી છે."

આયેશા અને નાનુબેન જેવી અન્ય હજ્જારો મહિલાઓએ પણ વીમા કવચ માટે 'સેવા' સમક્ષ રજૂઆત કરી છે. 70ના દાયકાના અંત ભાગમાં અમે ઘણી રાષ્ટ્રીયકૃત વીમા કંપનીઓનો સંપર્ક સાધ્યો હતો. અગાઉ બેન્કો મહિલાઓને 'તે મહિલાઓ બેન્કેબલ નથી' (પૂરતી આવક નથી ધરાવતી) એમ કહીને વીમો આપવાનો ઇનકાર કરતી હતી. હવે તેમને કહેવામાં આવ્યું કે, 'તે મહિલાઓ 'બેડ રિસ્ક' છે (અર્થાત્ તેમને વીમા કવચ આપવું જોખમી છે) અને તેથી વીમા કંપનીઓ તેમને વીમા સુરક્ષા હેઠળ આવરી શકશે નહીં. 1992માં જ્યારે સેવાની સભ્ય સંખ્યા 50,000 પર પહોંચી, ત્યારે વીમા કંપનીઓ મહિલાઓને વીમાકવચ હેઠળ આવરી લેવા અંગે ચર્ચા કરવા સંમત થઈ.

**શરૂઆત**

વીમા કંપનીઓએ અગાઉ કદી અસંગઠિત મહિલા કામદારો સાથે રૂબરૂ વાતચીત કરી નહોતી. ધીમે-ધીમે તે કંપનીઓ આ મહિલાઓની જરૂરિયાતો, તેમની પોષણક્ષમતા અને જરૂરી સેવા કેવી રીતે પૂરી પાડવી તે વિશે સમજણ મેળવતી થઈ. મહિલાઓએ જણાવ્યું કે, તેમને જીવન વીમો અને બિન-જીવન (નોન-લાઇફ) વીમો (આરોગ્ય, અકસ્માત અને મિલકતનો વીમો) એમ બંને પ્રકારના વીમા કવચની જરૂર હતી. આમ, 1992માં સૂક્ષ્મ વીમા કવચ તરફની લાંબી સફરની શરૂઆત થઈ. 2009 સુધીમાં મહિલાઓ તેમની પોતાની સહકારી મંડળી સ્થાપવા માટેનો જરૂરી સૂક્ષ્મ વીમા અનુભવ ધરાવતી હતી. તેથી, 12,000 હિતધારકો સાથે 'નેશનલ વીમો સેવા ઇન્શ્યોરન્સ કોઓપરેટિવ'ની વિધિસર નોંધણી કરાવવામાં આવી. તમામ હિતધારકો દેશનાં પાંચ રાજ્યોના અસંગઠિત ક્ષેત્રની મહિલા કામદારો છે. સભ્યપદ આધારિત અન્ય અગિયાર સંગઠનોની સાથે સાથે સેવા બેન્ક અને સેવાની આરોગ્ય ક્ષેત્રની સહકારી મંડળીઓ જેવાં તેમનાં કેટલાંક સંગઠનોએ પણ આ નવી સહકારી પહેલમાં રોકાણ કર્યું. મહિલાઓ અને તેમનાં સંગઠનો હિતધારકો હોય તે પ્રકારની આ પ્રથમ સહકારી મંડળી છે. વળી, ફક્ત મહિલાઓ જ વીમા પોલિસી ધારક હતી અને તેમના મારફત પોતાના પરિવારોને પણ આ વીમાકવચ હેઠળ આવરી લઈ શકાય છે. આજે વીમો સેવા 1,00,000 કરતાં વધુ વીમા ધારક મહિલાઓને 10 વીમા ઉત્પાદનો પૂરાં પાડે છે. આ ઉત્પાદનોમાં આરોગ્ય વીમો, જીવન અને અકસ્માત વીમો તથા હોસ્પિટલમાં દાખલ થવાને કારણે આવકમાં થયેલા નુકસાન બદલના વીમાનો સમાવેશ થાય છે.

'વીમો-સેવા' સૂક્ષ્મ વીમા ઉત્પાદનો વિકસાવવા, વીમાની વિભાવના અંગે મહિલાઓને જરૂરી માહિતી પૂરી પાડવી, સાનુકૂળ ઉત્પાદનો

પૂરાં પાડવા માટે અને તે ઉત્પાદનો વેચવા માટે મોટી વીમા કંપનીઓ સાથે જોડાણ કરવું, ઝડપી સેવા પૂરી પાડવા માટે ડેટા બેઝની જાળવણી કરવી અને ક્લેઇમ અંગે કાર્યવાહી કરવી વગેરે સહિતની બહુવિધ સેવાઓ પૂરી પાડે છે. 'વીમો સેવા' મહિલાઓને 'સેવા' દ્વારા પૂરી પાડવામાં આવતી અન્ય સેવાઓ (જેમ કે, 'સેવા બેન્ક' દ્વારા બેન્કિંગ અને લોક સ્વાસ્થ્ય આરોગ્ય સહકારી મંડળી થકી પ્રાથમિક આરોગ્ય) સાથે પણ સાંકળે છે.

## ગરીબ મહિલાઓની પ્રાથમિકતાઓ અને જરૂરિયાતો વિશે જાણકારી મેળવવી

અસંગઠિત ક્ષેત્રની મહિલા કામદારોને વીમા સુરક્ષા પૂરી પાડવાનું કાર્ય મુશ્કેલ હતું. પણ, હંમેશની માફક મહિલાઓએ જ માર્ગ શોધી કાઢ્યો. સૌપ્રથમ શહેર અને ગામનાં અમારાં સભ્યો સાથે સલાહ-મસલત કરવામાં આવી. અમે યુવાન અને વૃદ્ધ મહિલાઓ સાથે મસલત કરીને તેમની પ્રાથમિકતાઓ અને જરૂરિયાતો જાણવાનો પ્રયત્ન કર્યો. મહિલાઓ વીમા સેવાઓ મેળવવા માટે ઉત્સાહિત હતી અને તેઓ પ્રિમીયમ ચૂકવવા માટે પણ તૈયાર હતી. ત્યારબાદ અમે આ મહિલાઓની જરૂરિયાતો, કયાં ઉત્પાદનોની તેમને સૌથી વધુ જરૂર છે અને પ્રિમીયમની કેટલી રકમ તેઓ ચૂકવી શકે તેમ છે તેની ઊંડી સમજૂતી મેળવવા માટે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સર્વેક્ષણ હાથ ધર્યું. આ સર્વેક્ષણનાં તારણો સંગઠનમાં વ્યાપકપણે જાહેર કરવામાં આવ્યા, મહિલાઓ સાથેની તથા અન્ય બેઠકોમાં તે રજૂ કરવામાં આવ્યા, જેથી સંભવિત વીમા ઉત્પાદનો અંગેના તેઓના મંતવ્યો મેળવી શકાય અને અમારા ગરીબ સભ્યોને તે ઉત્પાદનો પ્રાપ્ત થઈ શકે તે માટેના ઉપાયો શોધી શકાય.

## સૂક્ષ્મ વીમા ઉત્પાદનો વિકસાવવા

ત્યારપછી અમે સૂક્ષ્મ વીમા ઉત્પાદનો વિકસાવવા માટે મહિલાઓ તથા વીમા કંપનીઓના નિષ્ણાતો સાથે નાની કાર્ય શિબિરોનું આયોજન કર્યું. ઉપરાંત 'સેવા'ની બહેનો માટે વીમાનું ક્ષેત્ર નવું-સવું હોવાથી અમે વીમાની વિભાવના અંગે તાલીમ સત્રો પણ ગોઠવ્યાં. જ્યારે મહિલાઓ એવા પ્રશ્નો પૂછે કે, જો હું માંદી ન પડી તો? શું મને મારા પૈસા પાછા મળશે?, ત્યારે અમારે ધીરજપૂર્વક તેમને સમજૂતી આપવી પડી હતી. જોખમની સ્થિતિને પહોંચી વળવા માટેની એવી વિભાવના કે જેમાં તમામ વ્યક્તિઓ યોગદાન આપે, પરંતુ ફક્ત થોડી વ્યક્તિઓને જ ક્લેઇમ દ્વારા તેના લાભ પ્રાપ્ત થાય. આ વિચાર મહિલાઓને ગળે ઊતરતાં ખાસ્સો સમય લાગ્યો હતો. 'વીમો સેવા'ના પ્રથમ પાંચ વર્ષ આ સેવા ચાલુ રાખવા માટે વીમા શિક્ષણ અને ક્ષમતા-વર્ધન કરવામાં વીત્યાં હતાં. સભ્યો સાથે સલાહ-મસલત, વાતચીત અને વિવિધ ઉત્પાદનો તથા તેની રકમ અંગેની ચર્ચાઓ હજી પણ ચાલુ જ છે.

## સંસ્થાકરણ અને પ્રાથમિકતાની વ્યવસ્થા

સહકારી મંડળી તરીકે 'વીમો સેવા'ની ઔપચારિક નોંધણી થઈ ગઈ, ત્યાર બાદ તેના પાંચેય રાજ્યોના સભ્યોના પ્રતિનિધિત્વ સાથે પાંચ વર્ષ માટે બોર્ડ ચૂંટવામાં આવ્યું. હવે તમામ પોલિસીઓનો નિર્ણય બોર્ડ દ્વારા લેવાય છે અને મહત્વના નિર્ણયો વાર્ષિક સામાન્ય સભામાં લેવાય છે. સભ્યો સાથે સતત સલાહ-મસલત, બોર્ડ મિટિંગમાં તથા અન્ય મંચ પર સભ્યો દ્વારા મળતા પ્રતિભાવોથી એ સુનિશ્ચિત કરવામાં આવે છે કે, પ્રાથમિકતાઓ મહિલાઓ પોતે સુનિશ્ચિત કરે, જેને આ ક્ષેત્રના વ્યાવસાયિકો દ્વારા (વીમા અંગેના જોખમો તથા હપ્તાની ગણતરી વગેરે જેવી) જરૂરી ટેકાઓ પૂરા પાડવામાં આવે છે. વાર્ષિક પ્રાઇસિંગ મિટિંગ દરમિયાન બોર્ડના સભ્યો વીમા કંપનીઓ સાથે વાટાઘાટ કરે છે. હવે તેમણે એવી માંગણી રજૂ કરી છે કે આટલાં વર્ષોના અનુભવ બાદ હવે 'વીમો સેવા' તેમની અને વીમા કંપનીઓ વચ્ચે મધ્યસ્થ ન હોવી જોઈએ, બલ્કે હવે તેને પૂર્ણતઃ ઇન્શ્યોરર (વીમો ઊતારનાર)માં રૂપાંતરિત કરવી જોઈએ.

પ્રાથમિકતા નક્કી કરવાની આ પ્રક્રિયાને કારણે ઘણી વખત રચનાત્મક વિચારો મળી રહે છે, જેના કારણે તેમની જરૂરિયાતો અને ખર્ચ કરવાની તેમની ક્ષમતા સચવાય તેવાં યોગ્ય ઉત્પાદનો વિકાસ પામે છે. પ્રાથમિકતાની યાદીમાં આરોગ્ય વીમો હંમેશા ટોચ પર રહ્યો છે, જેની પાછળ મુખ્યત્વે હોસ્પિટલની સારવારમાં થતો મોટો ખર્ચ જવાબદાર છે. મહિલાઓએ તેમના સમગ્ર પરિવારને વીમા કવચ હેઠળ આવરી લેવાની માંગણી રજૂ કરતાં અમે પરિવારને આવરી લેતાં પોષણક્ષમ વીમા ઉત્પાદનો વિકસાવ્યાં. ત્યારબાદ તેઓ પોતાની સમસ્યા જણાવી કે જ્યારે પરિવારના કોઈ સભ્યને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે, ત્યારે તેઓ પાસે સારવાર માટેનાં જરૂરી નાણાં નથી હોતાં. જેના કારણે તેમણે વ્યાજે નાણાં લેવાં પડે છે. આના ઉપાયરૂપે એવો વિચાર રજૂ થયો કે જ્યારે તેમને કે પરિવારના કોઈ સભ્યને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે, ત્યારે 'વીમો સેવા'ને જાણ કરવી. ત્યાર બાદ 'વીમો સેવા'એ સ્વયં જ હોસ્પિટલની સારવારનો ખર્ચ ચૂકવી દેવો. જેથી ઊંચા વ્યાજદરે નાણાં ઉધાર ન લેવા પડે. ત્યારબાદ તેમણે 'વીમો સેવા'ને હોસ્પિટલમાં દાખલ થવાને કારણે ગુમાવેલી આવકની ભરપાઈ થઈ શકે તેવું ઉત્પાદન રજૂ કરવા જણાવ્યું. અમે તેમને એકસમાન રકમ ચૂકવી આપે તેવું ઉત્પાદન સંયુક્તપણે રજૂ કર્યું. કેટલાંક વર્ષો અગાઉ વિકસાવવામાં આવેલા કેટલાક સરકારી આરોગ્ય વીમા કાર્યક્રમોમાં ઉમેરવામાં આવેલું આ વીમા ઉત્પાદન લોકપ્રિય થયું છે. વાસ્તવમાં, ગરીબી રેખા હેઠળના (બીપીએલ) પરિવારો માટે રાષ્ટ્રવ્યાપી આરોગ્ય વીમા કવચ વિકસાવતી વખતે નીતિ ઘડવૈયાઓએ 'વીમો સેવા' તથા અમારા સભ્યો સાથે સલાહ-મસલત કરી હતી. એટલું જ નહીં, વર્ષોના અનુભવ સાથે અમે વિકસાવેલી પ્રક્રિયાઓને પણ અપનાવી હતી.

'વીમો સેવા'ના વીમા ક્ષેત્રના વ્યાવસાયિકો સાથે મહિલાઓએ વિકસાવેલાં ઉત્પાદનોમાં ઓછી કિંમતના જીવન વીમા અને બચત જોડાણ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આખરે, અમારી બહેનોએ 'સંયુક્ત ઉત્પાદનો' (બન્ડલ્ડ પ્રોડક્ટ્સ) વિચાર વિકસાવ્યો. જેમાં એક સંયુક્ત પ્રિમીયમ હેઠળ પોસાય તેવી કિંમતે જીવન, આરોગ્ય, અકસ્માત અને મિલકત વીમાને સાંકળી લેવામાં આવ્યા છે. વીમાની વિભાવનાથી તદ્દન અજાણ અમારી બહેનોએ પ્રાથમિક વ્યવસ્થાની સાથે-સાથે વીમા ઉત્પાદનના વિકાસ અને તેના અમલીકરણ માટેનાં જરૂરી જ્ઞાન અને કૌશલ્યો પણ મેળવી લીધાં છે!

જરૂરિયાત આધારિત સૂક્ષ્મ વીમા સેવાઓનો છેલ્લા ત્રણ વર્ષનો કાર્યદેખાવ ઘણો અસરકારક રહ્યો છે. 'વીમો સેવા' નાણાંકીય દ્રષ્ટિએ વ્યવહારૂ સાબિત થઈ છે અને હવે તે દર વર્ષે 10 ટકાની સરેરાશ વૃદ્ધિ નોંધાવી રહી છે. હાલમાં અમારા હિસ્સાધારકો ડિવિડન્ડ મેળવી રહ્યા છે. પણ નાણાંકીય અને સામાજિક લક્ષ્યાંકો વચ્ચે સંતુલન સાધવાની મથામણ અને પ્રયોગ કરતાં અમને 20 વર્ષ લાગ્યાં હતાં. આ ઘણી લાંબી સફર છે પણ હવે 'વીમો સેવા'નું વીમાકવચ ધરાવતા સભ્યો, સાત રાજ્યોમાં ફેલાયેલા છે. સાથે જ 'સેવા'ની ચળવળ સિવાયનાં ભાગીદાર સંગઠનો પણ તેમાં સામેલ છે. ધીમે-ધીમે અમે દેશના જુદા-જુદા ભાગોમાં પણ સૂક્ષ્મ વીમા સેવાઓ લઈ જઈ રહ્યાં છીએ. જેમાં તે પ્રદેશોની સ્થાનિક મહિલાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, તે પ્રમાણેનાં વીમા ઉત્પાદનો વિકસાવવામાં આવે છે.

મહત્વપૂર્ણ બાબત એ છે કે, મહિલાઓ અને તેમના પરિવારોને તાકીદના સમયે આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે. છેલ્લા દસ વર્ષમાં, 15.9 કરોડ રૂપિયા દાવા (ક્લેઈમ) સ્વરૂપે સીધા જ અસંગઠિત ક્ષેત્રની મહિલા કામદારોને મળ્યા છે. અગાઉ જણાવ્યું તેમ, 'વીમો સેવા'ના ઘણા અનુભવોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા (આરએસબીવાય)માં સામેલ કરવામાં આવ્યા છે. વધુમાં ભારતીય સંસદની વીમા સમિતિએ સૂક્ષ્મ વીમાકવચનું મહત્વ, 'જોખમમાં ઘટાડો કરતા પરિબળ' તરીકે અને 'ગરીબી-વિરોધી પગલા' તરીકે આંક્યું છે. વીમા સમિતિએ સંસદ સભ્યોની બહુપક્ષીય સમિતિ સમક્ષ સમર્થન કરવા માટે 'વીમો સેવા સહકારી'ને આમંત્રણ પાઠવ્યું હતું. બોર્ડનાં સભ્ય હમિદા બહેને સૂક્ષ્મ વીમાકવચને કેવી રીતે વિકસાવવામાં આવ્યું અને તે કેવી રીતે પોતાના જેવી સેંકડો બહેનો માટે તારણહાર સાબિત થયું તેની રજૂઆત કરી હતી. વીમા સમિતિના ચેરમેને 'વીમો સેવા'ના નિવેદનને - આંખ ઉઘાડનારું તથા તાજી લહેરખીસળું ગણાવ્યું હતું. સમિતિએ સર્વસંમતિ સાથે એવી ભલામણ કરી હતી કે દેશભરમાં આ પ્રકારની સૂક્ષ્મ વીમા પહેલને પ્રોત્સાહન આપવું જોઈએ તેમ જ આ સૂક્ષ્મ વીમા પહેલ સહકારી મંડળી જેવા સમુદાય આધારિત સંગઠનો દ્વારા ચલાવવામાં આવે તે ઇચ્છનિય છે.

## પડકારો

'વીમો સેવા'ની સફર અનેક પડકારોથી ભરેલી અને નાણાંકીય તથા સામાજિક ઉદ્દેશ્યો વચ્ચે સંતુલન સાધવાના ભગીરથ પ્રયત્નોથી ભરેલી છે. નાણાંકીય સાતત્યપૂર્ણતા હાંસલ કરવાની પ્રક્રિયા ઘણી જ ધીમી અને ચડતી-પડતીઓથી ભરેલી હતી. મહિલાઓ દ્વારા ચૂકવવામાં આવતી પ્રિમીયમની રકમમાંથી થતી આવક તદ્દન સામાન્ય હતી તે જાણવા છતાં, અમે અમારી પહોંચ વિસ્તારવા માટે ઘણા પ્રયત્નો કર્યા. ઉત્પાદનો અને પ્રક્રિયાઓ મહિલાઓની પ્રાથમિકતાને અનુલક્ષીને હોય તથા તે માટેની શરતો અને નિયમો સ્પષ્ટ છતાં સરળ રીતે સમજાવવામાં આવેલા હોય તે અત્યંત જરૂરી હતું. કિંમતને નિર્ધારિત કરતા સમયે, અમારે અમારી સેવાઓની ગુણવત્તા અને સમય સૂચકતા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનું રહેતું. ભારતમાં સૂક્ષ્મ વીમા કવચ માટે સાનુકૂળ પરિસ્થિતિના અભાવની વચ્ચે પણ અમે ગરીબ મહિલા કામદારોના વિશાળ વર્ગને વીમા કવચ હેઠળ આવરી લેવા માટે આ પડકારોનો સામનો કરતા રહ્યા. લાઇસન્સ મેળવવા માટે એક અબજ જેટલી મોટી રકમ હોવી જરૂરી હોવાથી 'વીમો સેવા', પૂર્ણતઃ ઇન્શ્યોરર બનવાને બદલે નાની રકમ સાથે મધ્યસ્થ તરીકેની કામગીરી બજાવે છે. 'વીમો સેવા'ના બોર્ડે તેની વ્યાવસાયિક યોજના તૈયાર કરી છે અને અમારાં ઉત્પાદનો સામાન્ય કદનાં હોવાને કારણે ત્રણ કરોડ રૂપિયા સાથે એ સાબિત કરી આપ્યું છે કે ઓછી આવક ધરાવતા પરિવારોને પણ આર્થિક દ્રષ્ટિએ વ્યવહારૂ હોય તે પ્રમાણે સેવા અને ઉત્પાદનો પૂરાં પાડી શકાય છે.

'વીમો સેવા'ની આ સાફલ્યગાથામાંથી મુખ્ય બોધપાઠ એ મળે છે કે, સાર્વજનિક આરોગ્ય ક્ષેત્રે કે સૂક્ષ્મ વીમા કવચ ક્ષેત્રે કે અન્ય કોઈપણ વિકાસ કાર્યક્રમમાં, ગાંધીજીએ વર્ષો પહેલાં જણાવ્યું હતું તેમ, લોકો કેન્દ્રસ્થાને હોવાં જોઈએ. અમે એ શીખી શક્યા છીએ કે, લોકો, ખાસ કરીને ગરીબ અને સૌથી છેવાડાનો વર્ગ જેવો કે આપણાં દેશની મહિલાઓ જ્યારે પ્રક્રિયાનો ભાગ બનશે તેની આગેવાની લઈ પ્રાથમિકતાઓ નક્કી કરશે ત્યારે તેનો લાભ સમગ્ર સમાજને થશે. ■

# 'સામાજિક ન્યાય'ની વિભાવના

## (ગ્રાસરૂટ કાર્યકર્તાઓના ઉપયોગ માટે)

- વંદના સિંહ, 'ઉન્નતિ' દ્વારા સંકલિત

સામાજિક ન્યાયની વિભાવના સામાજિક ધોરણો, વ્યવસ્થા, કાયદો અને નૈતિકતાના ક્રમિક વિકાસની પ્રક્રિયામાંથી ઉદ્‌ભવી છે. તે ન્યાયપૂર્ણ કામગીરી પર ભાર મૂકે છે અને સામાજિક સમાનતાના સિદ્ધાન્તો પર આધારિત નિયમો લાગુ કરીને સમાજમાં દરમિયાનગીરીનું સર્જન કરે છે. 'સામાજિક ન્યાય' એ શબ્દપ્રયોગમાં 'સામાજિક' શબ્દ સમાજમાં રહેનારા તમામ લોકો સંદર્ભે છે, જ્યારે 'ન્યાય' શબ્દ સ્વતંત્રતા, સમાનતા અને અધિકારો સાથે સંબંધિત છે. આમ, 'સામાજિક ન્યાય', સમાજની દરેક વ્યક્તિ માટે સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે, સમાનતા પૂરી પાડવા માટે અને વ્યક્તિગત હક્કોની જાળવણી કરવા માટે છે. બીજા શબ્દોમાં કહીએ તો 'સામાજિક ન્યાય', એટલે કોઈપણ જાતનો પક્ષપાત કે પૂર્વગ્રહ રાખ્યા વિના, સમાજના તમામ સભ્યોની ક્ષમતાઓનો સર્વોચ્ચ સંભવિત વિકાસ થાય તે સુનિશ્ચિત કરવું. જો કે, 'સામાજિક ન્યાય' શબ્દ ઘણો જટિલ છે અને પ્રયોગાત્મક રીતે તેનો અર્થ તારવી શકાય નહીં.

જસ્ટિસ ક્રિષ્ના ઐયરે, તેમના પુસ્તક 'જસ્ટિસ એન્ડ બિયોન્ડ'માં જણાવ્યું છે તેમ, 'સામાજિક ન્યાય', સ્થાયી કે સંપૂર્ણ વિભાવના નથી જેનું ચોકસાઈપૂર્ણ માપન કરી શકાય કે લાગુ પાડી શકાય. આ વિભાવના લવચિક છે અને સાપેક્ષ છે. વાસ્તવમાં સમાજમાં ન્યાયપૂર્ણ માનવી, ન્યાયપૂર્ણ કામગીરી અને ન્યાયપૂર્ણ કાર્યો એ સામાજિક ન્યાયનું પ્રગટીકરણ છે. રૂસો એવી દલીલ કરે છે કે, લોકો પ્રકૃતિગત રીતે એકસમાન છે પણ ખાનગી મિલકતની સંસ્થાએ લોકોને અસમાન બનાવ્યા છે અને આ અસમાનતાઓ કાયમી ધોરણે ઊભી કરી છે. માનવીની પૂર્ણતા, સમાજના સતત સુધારાઓમાં નિહિત છે, અને તે માનવીનું ફરીથી તેની કુદરતી લાગણીઓ અને ભાવનાઓની કેળવણી કરવાથી શક્ય બને તેમ છે, જે સમાનતા અને સામાજિક ન્યાયની બાંયધરી આપી શકે છે.

સામાજિક ન્યાયનો હેતુ સમાજને પુનઃ વ્યવસ્થિત કરવાનો છે, જેથી સામાજિક સંબંધોમાંથી જ્ઞાતિ, જાતિ, ધર્મ, વંશ, પ્રાંત વગેરે આધારિત ભેદભાવોને નાબૂદ કરી શકાય. બીજી તરફ, સામાજિક ન્યાયમાં સમાજના પછાત, વંચિત તથા દલિત વર્ગોની તરફેણમાં સંરક્ષિત પક્ષપાત (Affirmative Actions) જરૂરી છે. સામાજિક ન્યાયના વિદ્વાનો દ્વારા પણ ઘણી વ્યાખ્યાઓ આપવામાં આવી છે. આથી, તેની સામાન્ય સ્વરૂપે વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. પરંતુ ન્યાયપૂર્ણતા માટે દરેક વિભાવના સપ્રમાણ લાક્ષણિકતા સાથે સંબંધિત હોય છે. જ્હોન રોલ્સ અને રોબર્ટ નોઝિક (અમેરિકન તત્વજ્ઞાની) ન્યાયની સપ્રમાણ લાક્ષણિકતા પર ભાર મૂકે છે. નોઝિકના મત અનુસાર, 'ઐતિહાસિક અધિકાર' એ સપ્રમાણ ન્યાયનું મહત્વનું તત્વ છે, જેમાં સમાજ તેનાં દૂષણોથી વાકેફ હોય છે જ્યાં નુકસાનની ભરપાઈ કરવા તરફ ઝોક વધે છે. આથી તેના મતે પછાત લાગતો અભિગમ મહત્ત્વનો છે કારણ કે તેમાં માલમત્તાની વહેંચણી દ્વારા સમાજમાં સામાજિક ન્યાય પૂરો પાડવામાં આવે છે. જ્હોન રોલ્સ ન્યાયને વાજબીપણા તરીકે દર્શાવે છે, જ્યાં છેવાડાના જૂથોને લાભ મળી રહે તેવો આગ્રહ રાખવામાં આવે છે.

વ્યાપક પરિપ્રેક્ષ્યમાં, 'સામાજિક ન્યાય', માલ-સામાન અને સંસાધનોની ફાળવણીની કાનૂની વ્યવસ્થા થકી વ્યક્તિના હક્કોના રક્ષણ, વળતર, ભથ્થું તથા નફાના નિયમનોનું ધ્યાન રાખે છે. બીજા શબ્દોમાં કહીએ તો, સામાજિક ન્યાય એટલે જ્ઞાતિ, લિંગ, જાતિ કે વંશનો કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વિના સમાજનાં તમામ લોકોના વ્યક્તિત્વના વિકાસ માટે સમાન સામાજિક તકોની પ્રાપ્યતા. આ અસમાનતાઓના આધારે કોઈ પણ વ્યક્તિ વંચિત ન રહેવી જોઈએ કારણ કે ઉપરોક્ત પરિસ્થિતિ, સામાજિક વિકાસ માટે અત્યંત જરૂરી છે. તેથી સામાજિક ન્યાયનો મુદ્દો સામાજિક સમાનતા અને વ્યક્તિગત હક્કો સાથે સંકળાયેલો છે. સમાન સામાજિક મૂડી, એ 'સામાજિક ન્યાય'નું મુખ્ય ઘટક છે. જેના આધારે નાગરિકોને ચોક્કસ સામાજિક હક્કો તથા નાગરિક અને રાજકીય હક્કોની બાંયધરી મળે તે જરૂરી છે. સામાજિક ન્યાયનો વિચાર, માનવીની સુખાકારી અને હિતની જાળવણી કરવા માટે સ્વતંત્રતા, સમાનતા તથા અન્ય માનવ હક્કોનો આગ્રહ રાખે છે. પરંતુ ફ્રેન્કેના જણાવે છે તેમ સામાજિક ન્યાયનો વિચાર સમાનતાના સિદ્ધાન્તથી આગળ વધીને સમાજમાં સમાનતાથી સહમતીના સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે જ્યાં 'આઘાતનો નિષેધ', દખલગીરીનો નિષેધ તથા 'ગરીબીનો નિષેધ' હોય. તેમના મતે, 'સામાજિક ન્યાય' સુધારાની (ઉપચારક) કામગીરીમાં અસમાનતા જન્માવતી હોવા છતાં તે લોકો પર ખાસ ધ્યાન આપે છે.

'ન્યાય' એ સમય અને સંજોગો અથવા તો પરિસ્થિતિ સાથે પણ

સંબંધ ધરાવે છે. ભૂતકાળમાં જે બાબત ન્યાયપૂર્ણ હોય, તે વર્તમાન સમયમાં ન્યાયી ન હોય તેવું બની શકે છે. જેમ કે, પ્રાચીન ગ્રીસ અને રોમન સામ્રાજ્યમાં વ્યક્તિ પાસે ગુલામ હોય તે બાબત સ્વાભાવિક હતી, પણ આધુનિક યુગમાં આ બાબત માનવતા વિરૂદ્ધનો ગુનો ગણાય છે. આમ, ન્યાયપૂર્ણતા એ પરિવર્તન પામતી વિભાવના છે. તે સ્થળ અને સમય અનુસાર બદલાઈ શકે છે. ન્યાય, સામાજિક ધારાધોરણોના અને મૂલ્યોના ઉતાર-ચઢાવને પ્રતિબિંબિત કરે છે કે જેના થકી વ્યક્તિગત આચરણનું મૂલ્યાંકન કરી શકાય. ઉતાર-ચઢાવ આ અર્થમાં, 'ન્યાય' એ સમાજમાં વ્યક્તિઓનું મૂલ્યાંકન કરવા માટેનો માપદંડ બને છે. ડી.ડી. રાફેલના મતે, 'ન્યાયપૂર્ણતા એ સામાજિક નૈતિકતાનો પાયો છે તથા તે સમાજની સામાન્ય વ્યવસ્થા સાથે નિસ્બત ધરાવે છે.' સામાજિક ન્યાયની વિભાવના સમજતી વખતે ન્યાયના પરંપરાગત વિચાર અને 'સામાજિક ન્યાય'ના આધુનિક વિચાર વચ્ચેનો ભેદ પારખવો જરૂરી છે. અલબત્ત, સામાજિક ન્યાયનો વિચાર પ્રમાણમાં નવો છે અને તે આધુનિક, સામાજિક અને આર્થિક વિકાસની ઊપજ છે. ન્યાયના પરંપરાગત વિચારને વિવિધ તબક્કે રૂઢિચુસ્ત વિભાવના તરીકે વર્ણવવામાં આવ્યો છે જેમાં માનવીના તટસ્થ ગુણોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. જ્યારે, સામાજિક ન્યાયની આધુનિક વિભાવના 'ન્યાયપૂર્ણ સમાજ'નું સમર્થન કરે છે.

## સામાજિક ન્યાયના પ્રકાર

'સામાજિક ન્યાય' મુખ્યત્વે પાંચ પ્રકારની નિસ્બત ધરાવે છેઃ

- ન્યાયોચિત ફાળવણી (ડિસ્ટ્રિબ્યુટિવ જસ્ટિસ) - સમાજમાં માલસામાનની સપ્રમાણ ફાળવણી સાથે સંબંધિત છે. જે સમાજમાં પ્રસંગોપાત અસમાનતાઓ ન ઉદ્ભવતી હોય, તે ન્યાયોચિત ફાળવણીના સિદ્ધાન્તોનું પાલન ધરાવતો સમાજ ગણાશે.
- ન્યાયોચિત કાર્યપ્રણાલી (પ્રોસિડ્યુરલ જસ્ટિસ) - એ પરિવાર હોય કે રાજકીય જીવન, જ્યાં ન્યાયોચિત કાર્યપ્રણાલી દ્વારા વિવાદોનું નિરાકરણ થતું હોય અને સંસાધનોની ફાળવણી થતી હોય તેને કહે છે. 'ન્યાયોચિત કાર્યપ્રણાલી' ન્યાયના વહીવટ અને કાયદાકીય પ્રક્રિયાઓ વિશે ચર્ચાઓ પણ આવરી લે છે.
- આંતરવ્યક્તિગત ન્યાય (ઈન્ટરપર્સનલ જસ્ટિસ) અથવા પારસ્પરિક ક્રિયા-પ્રતિક્રિયાયુક્ત ન્યાયપૂર્ણતા (ઈન્ટરેક્શનલ જસ્ટિસ) - રોજિંદા જીવનમાં દરેક વ્યક્તિ દ્વારા ન્યાયોચિત વ્યવહારનો સમાવેશ થાય છે. સમાજ કેવળ કાયદા અને રાષ્ટ્રનો બનેલો નથી. તેમાં સાંસ્કૃતિક સંસ્થાઓ, રીત-રીવાજો, નૈતિક મૂલ્યો વગેરે જેવા અનૌપચારિક પાસાંઓનો પણ સમાવેશ થાય છે.
- ન્યાયોચિત શિક્ષા (રિટ્રિબ્યુટિવ જસ્ટિસ) - જ્યારે કોઈ વ્યક્તિ અન્યાય આચરવા બદલ દોષિત ઠરે, ત્યારે સમાજ તેને કોઈક પ્રકારની શિક્ષા કરે છે. સામાન્યપણે, જનતા આ શિક્ષાને વાજબી અને કાયદેસર ગણે છે.
- ન્યાયોચિત સુધારણા (રિસ્ટોરેટિવ જસ્ટિસ) - એ ન્યાયોચિત અપરાધ સુધારણાની વ્યવસ્થા છે, જ્યાં ગુનેગારને ગુનાના ભોગ બનેલા તથા મોટે ભાગે સમુદાયને ન્યાય આપવાની સાથે ગુનેગારનાં પુનવર્સન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ન્યાયપૂર્ણતા અપરાધ અને શિક્ષા વિશેની પરંપરાગત વિચારસરણીનો નવો વિકલ્પ પૂરો પાડે છે.

## 'ન્યાય' વિશે પ્રાચીન ગ્રીક અને હિંદુ અભિગમ

પ્રાચીન ગ્રીક અને હિંદુ અભિગમ અનુસાર, ન્યાયપૂર્ણતા, હક્કોના, સંદર્ભે નહીં, બલ્કે ફરજો નિભાવવા સંદર્ભે છે. પ્લેટો અને એરિસ્ટોટલ બંનેએ વ્યક્તિ કરતાં દેશને અગ્રતા આપી છે. ખાસ કરીને પ્લેટો ન્યાયપૂર્ણતાને વ્યક્તિના વર્ગને અનુરૂપ તેની ફરજોનું પાલન ગણાવે છે. પ્લેટોનો ન્યાયપૂર્ણતાનો સિદ્ધાન્ત વિવિધ નાગરિકોની ફરજનો નિર્દેશ કરવા પર અને તે ફરજોને અનુકૂળ હોય તેવા ગુણો વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. પ્લેટોના મતે, ન્યાયપૂર્ણતા એ સમાજનો સર્વોચ્ચ ગુણ છે. પ્લેટોના મત પ્રમાણે, શ્રમના વિભાજનનો સિદ્ધાન્ત એ છે કે, દરેક વ્યક્તિએ, ખાસ કરીને દરેક વર્ગે તેઓ જે કાર્ય માટે એકદમ સુયોગ્ય હોય, તે કાર્ય કરવું જોઈએ. આ જ ન્યાયપૂર્ણતા છે. 'એરિસ્ટોટલ ન્યાયપૂર્ણતાને 'રાજકારણ' સાથે પ્રત્યક્ષપણે નથી સાંકળતા. એરિસ્ટોટલના મતે, દેશનું અંતિમ ધ્યેય તેના નાગરિકોને સારૂં જીવન-ધોરણ પૂરૂં પાડવાનું હોય છે. એરિસ્ટોટલે લખ્યું છે, 'પોલીસ નાગરિકોનું રક્ષણ કરે છે અને સાથે જ નાગરિકોને સારૂં જીવન-ધોરણ પૂરૂં પાડવા માટે જ તે અસ્તિત્વ ધરાવે છે.' પ્રાચીન ભારતીય પરંપરામાં, ફરજનું બીજું નામ ધર્મ છે અને ન્યાયપૂર્ણતા એ ધર્મ તરફનું સદાચારપૂર્ણ આચરણ છે. આમ, પ્લેટોના ન્યાયપૂર્ણતાના સિદ્ધાન્તની માફક જ, હિંદુ પરંપરામાં ન્યાયપૂર્ણતાને ધર્મ દ્વારા નિર્દિષ્ટ ફરજોના પાલન સાથે સાંકળવામાં આવી છે.

## 'ન્યાય' વિશે આધુનિક અભિગમ

આધુનિક સમયમાં, ન્યાયપૂર્ણતા પ્રત્યેના મુખ્યત્વે બે અભિગમો ચર્ચાના કેન્દ્રસ્થાને છે. એક ઉદારવાદી અભિગમ છે અને બીજો માર્ક્સવાદી અભિગમ છે. ઉદારવાદીઓની દલીલ એવી છે કે ન્યાયપૂર્ણ સમાજ માટે વ્યક્તિગત હક્કો અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય જરૂરી છે. જ્યારે માર્ક્સવાદી અભિગમ, ન્યાયપૂર્ણ સમાજ માટે સમાનતા પર આધાર રાખે છે. તેમનું માનવું છે કે જ્યાં સુધી સમાજમાં પ્રવર્તી રહેલી વર્તમાન અસમાનતાઓને દૂર કરવામાં નહીં આવે, ત્યાં સુધી સમાજ ન્યાયપૂર્ણ બનશે નહીં. પરંતુ સમકાલીન રાજકીય તત્વજ્ઞાનમાં ન્યાયપૂર્ણતા વિશેની સ્વતંત્રતા, સમાનતાની ચર્ચા સમાપ્ત થઈ ચૂકી છે. સ્વતંત્રતા, સમાનતા અને અધિકારો ન્યાયપૂર્ણતામાં સમ્મિલિત છે.

## ‘ન્યાય’ વિશે ઉદારવાદી અભિગમ

આધુનિક સમયમાં ‘ન્યાય’ના ઉદારવાદી અભિગમને વ્યક્તિગત અધિકારોના સ્વરૂપે સ્પષ્ટ કરવામાં આવે છે. જ્યાં વ્યક્તિગત અધિકારો કાયદા દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે તથા ‘રાજ્ય’ આ અધિકારોથી બાધ્ય હોય છે. આમ ‘ન્યાય’ અંગેની ઉદારવાદી પરંપરા મુજબ ‘ન્યાય’ પ્રત્યેક વ્યક્તિને તેના અધિકાર પ્રાપ્ત કરાવવા ઉપલબ્ધ રહે છે. ઉદારવાદીઓ જીવનના દરેક ક્ષેત્રમાં વ્યક્તિની સ્વતંત્રતા પર ભાર મૂકે છે અને તેમની મુખ્ય નિસ્બત રાજકીય ન્યાય પરત્વે રહે છે. તેઓના સૂત્ર પ્રમાણે આર્થિક ન્યાય એટલે મુક્ત અર્થતંત્ર (ફ્રી માર્કેટ ઈકોનોમી). આ આધુનિક ઉદારમતવાદી ન્યાયની વિભાવના જહોન લૉકે, બેન્થમ, જહોન સ્ટુઅર્ટ મીલ, સ્પેન્સર અને આદમ સ્મિથનાં લખાણોમાંથી વિકસી. જે રોબર્ટ નોઝિક (અરાજક્તા, રાજ્ય અને આદર્શ વિશ્વ), જહોન રૉલ્સ (ન્યાયના સિદ્ધાંતો) અને હયાકના સાંપ્રત લખાણોમાં પણ પ્રતિબિંબિત થાય છે.

લૉકની રાજકીય વિચારધારાનો કેન્દ્રવર્તી મુદ્દો વ્યક્તિગત અધિકારો રહ્યો છે. લૉક, વ્યક્તિત્વવાદી હતા તે નોંધવું રહ્યું. તેઓ માનતા કે વ્યક્તિના અધિકારોનું સંરક્ષણ અને સામાન્ય હિતનું સંરક્ષણ એ બન્ને બાબતો એક જ છે. આમ ઉદારમતવાદી રાજકીય સિદ્ધાંતો માને છે કે ન્યાય એ અધિકારોનો આધાર છે અને અધિકારો એ કાયદાનું સર્જન છે. રૉલ્સ તેની કૃતિ ‘ન્યાયના સિદ્ધાંતો-1971’માં સામાજિક કરારની જુદી જુદી જાણીતી પદ્ધતિઓ દ્વારા ન્યાયોચિત ફાળવણીના પ્રશ્નો હલ કરવાનો પ્રયાસ કરે છે. તેના પરિણામે ઉભરેલો સિદ્ધાંત ‘જસ્ટીસ એઝ ફેયરનેસ’ તરીકે ઓળખવામાં આવે છે. રૉલ્સ, ન્યાયના બે સિદ્ધાંતો તારવે છે - સ્વાતંત્ર્યનો સિદ્ધાંત (ધ લિબર્ટી પ્રિન્સીપલ) અને ભિન્નતાનો સિદ્ધાંત (ધ ડિફરન્સ પ્રિન્સીપલ). સ્વાતંત્ર્યનો સિદ્ધાંત જણાવે છે કે, પ્રત્યેક વ્યક્તિને પાયાના સમાન સ્વાતંત્ર્ય વિશે પૂર્ણતઃ પર્યાપ્ત યોજના મેળવવાનો સમાન અધિકાર છે કે જે અન્ય તમામ માટેની સમાન સ્વાતંત્ર્યની યોજના સાથે સુમેળ સાધતી હોવી જોઈએ. જ્યારે ‘ભિન્નતાનો સિદ્ધાંત’ જણાવે છે કે, સામાજિક અને આર્થિક અસમાનતાઓ બે પરિસ્થિતિઓને સંતોષે છે. એક; કે તે કચેરીઓ અને પદો સાથે જોડાયેલી હોવી જોઈએ જે પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રત્યેકને સમાન અને ઉચિત તકો પૂરી પાડે તથા બીજું કે તે સમાજના ન્યૂનતમ લાભાન્વિત સભ્યોને સૌથી વધુ લાભો પ્રાપ્ત કરાવે.

## ‘ન્યાય’ વિશે માર્ક્સવાદી અભિગમ

માર્ક્સવાદીઓ માને છે કે દેશ એ ‘વર્ગ આધારિત સંસ્થા’ છે. કોમ્યુનિષ્ટોના ઘોષણાપત્રમાં માર્ક્સ અને એન્જલ્સ્ જણાવે છે કે માનવ સમાજનો ઈતિહાસ એ વર્ગ-વિગ્રહનો ઈતિહાસ છે. માર્ક્સની માન્યતા પ્રમાણે, મૂડીવાદી સમાજમાં લોકશાહી છે જેને ટૂંકાવી દેવાઈ હોય છે, જૂઠ્ઠી પાડવામાં આવી હોય અને લોકશાહી માત્ર અમીરો, લઘુમતી વર્ગ માટે જ હોય. આખુંય મહામાળખું, કાયદાઓ, મૂલ્યો, ન્યાય અને ન્યાયાલયો, પોલીસ બળ બધુંજ પ્રભાવી વર્ગના પ્રભાવીપણાંને દૃઢ કરવા માટે જ રચવામાં આવ્યાં હોય છે. આવા સમાજમાં ‘ન્યાય’, એ આર્થિક રીતે મજબૂત લોકોના હિતનો વિષય હોય છે. મધ્યમવર્ગીઓના હિતનો હોય છે કે જે સર્વે હરહંમેશ કામદારવર્ગનું શોષણ કરતા રહે છે. ખાનગી મિલકતની માલિકી નાબૂદ કરવામાં આવે તો જ વર્ગવિહીન સમાજની રચના થઈ શકે તેમ છે જેના થકી ‘રાજ્ય’ નાબૂદ થાય અને અંતતઃ “કોમ્યુનિસ્ટ સમાજ”નું સર્જન ઉદ્ભવે અને ત્યાં જ આદર્શ ન્યાયની સ્થિતિ સંભવી શકે છે.

## સામાજિક ન્યાય વિશે અંગે ગાંધીજીના ખયાલો

બીજા ફિલસૂફો અને વિચારકોની જેમ ગાંધીજીએ ન્યાયના પ્રશ્નને સંબોધ્યો નથી. તેમનાં લખાણોમાં અલગ રીતે સામાજિક ન્યાયના સિદ્ધાંતો વિશે કોઈ પરિકલ્પના કે ચર્ચા પ્રાપ્ત થતી નથી. તેમ છતાંયે તેમના તમામ વિચારોના પાયામાં ‘સામાજિક ન્યાય’ જ રહેલો છે. ભારતમાં સામાજિક ન્યાયના પ્રણેતા ગાંધીજી રહ્યા છે. તેમના પહેલાં કવિઓ, સંતો અને સમાજ સુધારકોએ જ્ઞાતિ આધારિત ભેદભાવથી લઈને અસ્પૃશ્યતા સુધીના મુદ્દાઓને લઈને વ્યાપ્ત સામાજિક અન્યાયો પરત્વે ધ્યાન આપ્યું છે. સામાજિક ન્યાય બહુમુખી પરિકલ્પના છે, જે ગાંધીના વિચારોમાં તે સત્યની પરિકલ્પના, અહિંસાની પરિકલ્પના કે રામરાજ્ય, સર્વોદય, સ્વરાજ, સત્યાગ્રહ અને ટ્રસ્ટીશીપના તેમના સિદ્ધાંતોમાં પ્રદર્શિત થાય છે.

ગાંધીની ફિલસૂફીના આ પાસાંઓ ન્યાયોચિત સામાજિક, આર્થિક અને રાજકીય ધોરણોની સંભાવના પૂરી પાડે છે અને એ સંદર્ભે આપણે ગાંધીજીની ‘સામાજિક ન્યાય’ની પરિકલ્પના જોઈ શકીએ છીએ. ગાંધીજીનો ‘સત્તા અને વિકેન્દ્રીકરણનો ખયાલ’ વ્યક્તિગત સ્વાતંત્ર્ય માટે જાણે એક સુરક્ષા કવચ બને છે. 26 જુલાઈ 1942ના પ્રસિદ્ધ થયેલા ‘હરિજન’માં ગાધીજી લખે છે કે, “મારી ગ્રામસ્વરાજની ક્લપનામાં એવું સંપૂર્ણ ગણતાંત્રીક, સ્વતંત્ર રાજ્ય છે જે પોતાની મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ માટે પાડોશી ગામથી પણ સ્વતંત્ર હોય અને છતાં તે એ રીતે પારસ્પિક રીતે અવલંબિત હોય જેની જરૂરિયાત જ સ્વાવલંબન હોય”.

ગાંધીજી માટે ‘પંચાયતી રાજ’ એક એવી ગોઠવણ હતી જેમાં લોકો પોતે, પોતાના વહેવારો માટે વૈધાનિક રાજકીય પ્રભુતામાં પોતાનું યોગદાન આપે. આ ગોઠવણ એ રીતની રહે કે જેમાં ગામડાંઓ, શહેરોનાં રાજકીય અને આર્થિક પ્રભુત્વથી મુક્ત રહે. ગાંધીજીનું પંચાયતી રાજ માનવીનાં સંપૂર્ણ નૈતિક વિકાસ માટે ગ્રામ સમુદાય અને વ્યક્તિ બન્નેની સ્વતંત્રતાને સુરક્ષિત રાખે છે. ગાંધીજી માનવીય

સમાનતા ઉપર બળ આપે છે. રાજકીય સંસ્થાઓ માત્ર લોકોની આર્થિક સંપન્નતા અને સામાજિક ન્યાય સુધી જ મર્યાદિત રહેશે એ ગાંધીજી સુપેરે જાણતા હતા. ગાંધીજીના શબ્દોમાં જોઈએ તો, "મારા ખયાલ પ્રમાણે આર્થિક સમાનતાનો અર્થ એ નથી કે તે પ્રત્યેકને શબ્દશ: સરખા પ્રમાણમાં રકમ રળશે, એનો અર્થ એટલો જ છે કે પ્રત્યેક સ્ત્રી કે પુરુષને તેની જરૂરિયાત પૂરી થઈ રહે તેટલું અવશ્ય મળવું જોઈએ." આર્થિક ન્યાય માટે ગાંધીજી પાંચ વિકલ્પો પૂરા પાડે છે. (1) નાણાંકીય અને સત્તાકીય વિકેન્દ્રીકરણ, (2) ગૃહ તેમજ નાનાં સ્તરના ગ્રામોદ્યોગ (3) વપરાશ આધારિત જીવનશૈલીનો નિષેધ (4) સમાન વહેંચણી તથા (5) નિધિરક્ષણ (ટ્રસ્ટીશિપ).

ગાંધીજી જણાવે છે કે, "તેનો અર્થ એ છે કે હાલના સમયમાં જે ક્રૂર અસમાનતાઓ વ્યાપે છે તેને સંપૂર્ણ અહિંસક માર્ગે દૂર કરવી."

## સામાજિક ન્યાય અને ડો. બી. આર. આંબેડકર

ડો. બી.આર. આંબેડકર ભારતના પછાત અને કચડાયેલા વર્ગોની સમસ્યાઓને વાચા આપનારા અગ્રણી વિચારકો અને સમાજ સુધારકો પૈકીના એક હતા. એ ખરૂં કે બાબાસાહેબ આંબેડકરે 'સામાજિક ન્યાયપૂર્ણતા'ની કોઈ ચોક્કસ વ્યાખ્યા કે સિદ્ધાન્ત રજૂ કર્યા નથી. તેમ છતાં, પ્લેટો અને રોલ્સ દ્વારા રજૂ કરવામાં આવેલા સામાજિક ન્યાયના સિદ્ધાન્તના આધારે આપણે બાબાસાહેબ આંબેડકરના વિચારોમાં વ્યક્ત થયેલા સામાજિક ન્યાયના મૂળભૂત સાંસ્કૃતિક અને માળખાકીય સિદ્ધાન્તોનો તાગ મેળવી શકીએ છીએ. ડો. બાબાસાહેબ આંબેડકર ભારતમાં સામાજિક ન્યાયનો પાયો નાંખનાર મહાનુભાવોમાં સ્થાન ધરાવે છે. ન્યાયની વિભાવનાનાં સૌપ્રથમ નવાં પરિમાણો રજૂ કરનાર બાબાસાહેબ આંબેડકર હતા. અમે તેમને 'સામાજિક ન્યાયના સર્વશ્રેષ્ઠ વિદ્વાન' તરીકે સંબોધીએ છીએ. તેઓ સ્વયં પણ સામાજિક અન્યાયનો ભોગ બન્યા હતા, અપાર મુશ્કેલીઓ વેઠી હતી. અન્યાય સહન ન કરતાં તેમણે હિંમતભેર અન્યાય વિરૂદ્ધ લડત છેડી. આંબેડકર ન્યાયપૂર્ણતાની મુક્ત વિભાવના ધરાવતા હતા. આ બાબતો ધ્યાન પર લેતાં, માનવ સમાનતા, કલ્યાણકારી સામગ્રી (વેલ્ફેર મટિરીયલ)નું સમાન વિતરણ અને ભેદભાવરહિત સમાજ એ આંબેડકરની ન્યાયપૂર્ણતાની વિભાવનાનું હાર્દ હતાં. આમ, આંબેડકરના વિચારો અનુસાર, સામાજિક ન્યાયમાં પરસ્પર આદર અને અનુકંપા મહત્વનું સ્થાન ધરાવે છે. આંબેડકર પર વિશ્વમાં માનવ સમાનતા અને અનુકંપાના બેજોડ હિમાયતી ભગવાન બુદ્ધનાં લખાણોનો ઊંડો પ્રભાવ હતો. સાથે જ, તેઓ જ્હોન ડુઈ, કાર્લાઇલ, કાર્લ માર્ક્સ, કબીર, મહાત્મા ફૂલે તથા અન્ય વિદ્વાનોથી પણ પ્રભાવિત હતા. આંબેડકરના મત અનુસાર, સમાનતા એ રાષ્ટ્રનો આત્મા છે. તેમણે જણાવ્યું હતું કે, 'સમાનતા કાલ્પનિક હોઈ શકે છે, તેમ છતાં (આપણે) શાસન વ્યવસ્થાના સિદ્ધાન્ત તરીકે તેને સ્વીકારવી જોઈએ.'

સંદર્ભ સૂચિ:


1. V.R.Krishna Iyer , Justice and Beyond, Deep and Deep Publications, 1980
2. Nilanjana Jain, The Problems of Justice in Political Theory and State Practice, Anamika Publisher and Distributers, New Delhi, 2005
3. D.D.Rapheal, Problems of Political Philosphy, London Macmillan, 1979
4. W.K. Frankena, The concept of Social Justice, 1962
5. Dimensions of Social Justice, O.P.Gauba, National Publishing House, N.Delhi, 1983
6. Arundhati Roy, The Doctor and the Saint, Carvan Magazine, 2014
7. International Encyclopaedia of Philosphy (www.iep.utm.edu)


■

# આપત્તિ પ્રબંધનઃ સંગઠનાત્મક જોડાણો તથા વિવિધ હિતધારકો વચ્ચે સહકારીતાને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત

**- બિનોય આચાર્ય, ઉન્નતિ**

('સેન્ડાઇ' માળખાના સ્થાનિક સ્તરના અમલીકરણ માટે નાગરિક સમાજ ભાગીદારી, 2 નવેમ્બર, 2016, એશિયન મિનિસ્ટ્રિયલ કોન્ફરન્સ ઓન ડિઝાસ્ટર રિસ્ક રિડ્કશન (એએમસીડીડીઆર), દિલ્હી ખાતે યોજાયેલ સંમેલનની શરૂઆતની સભામાં થયેલી રજૂઆત)

'સેન્ડાઈ ફ્રેમ વર્ક'ની પ્રાથમિકતા-2 માં આપત્તિ પ્રબંધનને મજબૂત કરવા માટે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેના લીધે ગ્રામ, જિલ્લા, રાજ્ય અને દેશમાં પ્રત્યેક સ્તરે કાયદો , નિયમ અને જુદા જુદા હિતધારકો સાથે સંકલિત અભિગમથી આપત્તિ જોખમમાં ઘટાડો કરી શકાય. 'આપત્તિ પ્રબંધન' જોખમમાં ઘટાડો કરવા માટે એક મુખ્ય પાસું છે.

'આપત્તિ પ્રબંધન' એ પ્રમાણમાં નવું ક્ષેત્ર છે. આપત્તિ પ્રબંધન સરકારી માળખા અને સત્તા તંત્રથી પણ વધુ વિસ્તૃત છે. તે સ્થાનિકથી વૈશ્વિક સુધીનાં તમામ સ્તરોએ કાર્યરત પ્રક્રિયાઓ, તકનીકો, જોડાણો તથા તમામ હિતધારકો જે કામ કરે છે તેને એક સંકલન હેઠળ આવરી લે છે. પરંપરાગત રીતે 'આપત્તિ પ્રબંધન'ને અલગ અલગ વિષય અને ભાગોમાં વહેંચવામાં આવ્યું છે. વળી, 'આપત્તિ પ્રબંધન' મુખ્યત્વે 'આપત્તિ વ્યવસ્થાપન' (ઈમરજન્સી મેનેજમેન્ટ) વિભાગ તરીકે જોવાય છે કે જે નાગરિક સમાજ અને કોર્પોરેટ એકમો સાથે બહુ ઓછો સંપર્ક ધરાવે છે. આથી આફતના સમયે જ તે દેખા દે છે, તે સિવાય રોજબરોજના જીવનમાં તે ભાગ્યે જ જોવા મળે છે. 2011નો યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ સ્ટ્રેટેજી ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન (યુએનઆઇએસડીઆર)ના 'ગ્લોબલ એસેસમેન્ટ રિપોર્ટ' (વૈશ્વિક આકલન અહેવાલ)માં જણાવે છે કે, 'આપત્તિ સમયે થતો મૃત્યુઆંક ઘટાડવા સિવાય, હાલની મોજૂદ આપત્તિ પ્રબંધન ક્ષમતાઓ અને વ્યવસ્થાઓ, તેના ઉદ્દેશ્યો હાંસલ કરવામાં ફળદ્રુપ થઈ નથી.

હિતધારકોની સહભાગિતા, ભાગીદારી, જવાબદેહીતા અને પારદર્શીતાના આધારે જ 'આપત્તિ પ્રબંધન'ની ખરી અસરકારકતાને આંકી શકાય. આવા પ્રબંધનની ગુણવત્તા, વિકાસના પરિણામ તથા આપત્તિની પ્રભાવકતામાં ઘટાડાને સુનિશ્ચિત કરે છે. (Djalamte, 2012). એકથી વધુ સ્તરે સક્રિયતા, એકથી વધુની સહભાગિતા તથા એકથી વધુની ભાગીદારીથી રચાતું 'જોખમ વ્યવસ્થાપન' એ આપત્તિ પ્રબંધનનું એક લક્ષણ છે. સહકાર તથા ભાગીદારી એ સૂચિતાર્થો છે કે સંસ્થાકીય વિકાસ, ક્ષમતા તથા સંસ્થાનીક પગલાઓના આધારે ચાલતા 'જોખમ વ્યવસ્થાપન'ના દેખાવને માપે છે. (જોખમ વ્યવસ્થાપનના સૂચકાંકો, જોખમની ઓળખ, જોખમમાં ઘટાડો (રોકથામ અને નિવારણ), સંકટ સંચાલન (તત્કાલ પ્રતિભાવ અને પૂર્વવત્ સ્થિતિનું નિર્માણ) અને વ્યવસ્થાપન (સંસ્થાનીકરણ તથા જોખમનું હસ્તાંતરણ) વગેરેને ધ્યાનમાં રાખે છે. (માર્થા એલ કેરેને-2007)

સરળ આપત્તિ ગ્રાહ્યતા એ પ્રબંધનની નિષ્ફળતાને સૂચવે છે. પ્રબંધનનું માળખું ચોક્કસપણે જોખમના ઘટાડાને સહાયભૂત થતું હોવું જોઈએ. સહભાગિતા તથા કાર્યશીલ ભાગીદારી વિનાના સરકાર દ્વારા પ્રોત્સાહિત થયેલું પ્રબંધનનું માલખું ક્યારેય 'જોખમના ઘટાડા'ને ઉપલબ્ધ કરી શકતું નથી. મોટાભાગની સહભાગી વ્યવસ્થાઓ આફતના પ્રતિભાવરૂપે જ ઉભરે છે. આપત્તિ ઘટાડા માટેના આવા ભાગીદારી ધરાવતા સંસ્થાનો સામાન્ય સંજોગો દરમ્યાન નિષ્ક્રીય રહેતા હોવાનું નોંધાયું છે અને તેમ છતાં તેને સક્રિય કરવાની પૂરતી ઈચ્છાશક્તિ વર્તાતી નથી. ભાગીદારીના અભાવ, સ્વીકૃતિ, કાયદેસરતા અને સંસાધનોના અભાવના કારણે સ્થાનિક તેમજ રાષ્ટ્રીય સ્તરના વર્તૂળો, જોડાણો અને જૂથોની રચના અને અસરકારકતામાં અવરોધો ઊભા થાય છે. ભારતમાં જોખમો ઘટાડવા માટે રચવામાં આવેલાં સ્થાનિક જોડાણો અને જૂથોનાં એવાં ઘણાં ઉદાહરણો મળી આવે છે. જેમ કે, આફત પછીના પુનવર્સન અંતર્ગત, સુરક્ષિત આવાસા બાંધકામ સુનિશ્ચિત કરવા રચાયેલું મહિલા સ્વયંસેવીઓનું (સ્વયં શિક્ષણ પ્રયોગ જૂથ0, મહારાષ્ટ્રમાં દુષ્કાળ પ્રતિકાર કાર્યોનો આરંભ કરનારું સખી - મહિલા ફેડરેશન, ગ્રામીણ કક્ષાના વિવિધ સંસ્થાઓ દ્વારા રચવામાં આવેલા કોમ્યુનીટી રેઝીલયન્સ ફંડ, માલિકો સંચાલિત પુનનિર્માણ સહભાગીતા (એડીઆરસી)ના નેજા હેઠળ સંસ્થાઓના જૂથ દ્વારા રચવામાં આવેલી 'માલિકો સંચાલિત સુરક્ષિત આવાસ પુનનિર્માણ નીતિ' વગેરેનો ઉદાહરણરૂપે સમાવેશ થાય છે. આમાં, કોર્પોરેટ ગૃહો તથા શૈક્ષણિક સંસ્થાનો જેવા બિન-પરંપરાગત હિતધારકોની ગેરહાજરી ઊડીને આંખો વળગે છે. એશિયન મિનિસ્ટ્રિયલ કોન્ફરન્સ ઓન ડિઝાસ્ટર રિસ્ક રિડ્કશન (નવી દિલ્હી - 2016) હેઠળ

યોજાનારા સંમેલન અગાઉ 'બિલ્ડ બેક બેટર' વિષય પર આયોજિત બેઠકમાં સરકાર (નેશનલ ડિઝાસ્ટર મીટીગેશન ઓથોરિટી - એનડીએમએ), નાગરિક સમાજ સંગઠનો (સીડ્સ, હુન્નરશાલા, ઓડીઆરસી અને ઉન્નતિ) તથા શૈક્ષણિક સંસ્થાનો (ટીઆઇએસએસ - મુંબઈ, એસપીએ - નવી દિલ્હી) એ પણ ભાગ લીધો હતો. આ એક એ પ્રકારનું આયોજન હતું જે નિયમિતપણે યોજાતું રહેવું જોઈએ. ઉલ્લેખનીય છે કે સામાજિક લિંગ આધારિત સમસ્યાઓના સંદર્ભે અગ્રણી સંશોધકો દ્વારા આરંભાયેલું 'જેન્ડર ડિઝાસ્ટર નેટવર્ક' (જીડીએન) આપત્તિ વ્યવસ્થાપનના સંદર્ભે પણ નોંધપાત્ર જ્ઞાન અને સૂઝની સેવા આપતું રહે છે. એશિયાઈ ક્ષેત્રમાં આવાં જોડાણનો સદંતર અભાવ જણાય છે. જો કે, ઉત્સાહપ્રેક બાબત એ છે કે એ.એમ.સી.ડી.આર.આર. દરમ્યાન, એશિયન લોકલ લીડર્સ ફોર ડિઝાસ્ટર રેઝીલીયન્સ (ALL4DR)ના નામે આપત્તિ નિવારણ અને આપત્તિની અસરો ઘટાડવાના પગલાંઓ વિશેનું શિક્ષણ મેળવવા લોકોને પ્રોત્સાહિત કરવા માટેનું એક નવું નેટવર્ક શરૂ કરવામાં આવ્યું. સેન્ડાઈ સમ્મેલન બાદ તરત જ માર્ચ-2016માં ઓસ્ટ્રીયા ખાતે યુરોપિયન દેશોને આવરી લેતા 'વિમેન એક્સચેન્જ ફોર ડી.આર.આર.' નેટવર્કની રચના પણ કરવામાં આવી હતી.

સરકારના હાલનાં આપત્તિ વ્યવસ્થાપનનાં વહીવટી, શાસકીય અને નિયમનનાં માળખાંમાં સુધારો થઈ રહ્યો છે. તેમ છતાં પણ આપત્તિના જોખમોની પરિસ્થિતિમાં ઘટાડો થવાની સ્થિતિમાં સુધારો થઈ શકે નહીં. સંસ્થાકીય રચનાના અભાવે અને સ્પષ્ટતાના અભાવના કારણે અલગ અલગ હિતધારકોની ભૂમિકાઓ બાબતો પણ અસ્પષ્ટતા પ્રવર્તે છે. આપત્તિ પ્રતિભાવના સમયે પ્રોત્સાહિત કરવામાં આવેલા લોકોના સ્થાનિક સ્તરનાં જૂથોની માહિતીનો પણ અભાવ છે. પોતાની ભૂમિકા સંદર્ભે અસ્પષ્ટતા, ટેકાઓ, સંકલન તથા સંસાધનોના અભાવે સમય જતાં નિષ્ક્રિય થઈ જાય છે. ઘણી વખત, આપત્તિ બાદ કઈ જગ્યાએ ખામી રહી ગઈ હતી તે સમજવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવે છે અને મળેલા બોધપાઠનું સંકલન કરવામાં આવે છે, પણ તેનાથી વહીવટી ક્ષેત્રે કોઈ સુધારો નથી આવતો. પ્રબંધન ક્ષેત્રે મળેલી નિષ્ફળતાઓનું દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે અને (સરકારી નિષ્ફળતાઓ સિવાય) હિતધારકો, સહકાર, સહભાગીતા વગેરે ક્ષેત્રે સુધારા કરવા પર પણ ધ્યાન આપવું જરૂરી છે.

ઓસ્માન ડી. કાર્ડોના જણાવે છે તેમ, આપત્તિના સંકટ અંગેની વિગતો સૂક્ષ્મ સ્તરે ઝીણવટપૂર્વક નોંધવામાં આવે છે, પરંતુ જ્યારે તે અંગેની નીતિઓ ઘડવાની આવે છે ત્યારે તેની પ્રક્રિયામાં આ સુક્ષ્મસ્તરની વિગતો જ સંકલિત કરવી બાકાત રહી જાય છે. આથી જ વર્તૂળો, જોડાણો કે મંચો, સ્થાનિક સ્તરે રચવા ખૂબ જરૂરી છે. ત્વરીત પરિણામ, બચાવ માટે શોધખોળ તથા બચાવકાર્ય માટે 'ટાસ્કફોર્સ' તરીકે વિવિધ સ્થળોએ રચવામાં આવેલા પાયાના સ્તરના જૂથોએ ઘણી પ્રભાવક કામગીરીઓ કરી બતાવી છે.

ઉત્તર પ્રદેશના બહરાઈચ જિલ્લાના કેસરગંજ તાલુકાની સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા 'સહભાગી શિક્ષણ કેન્દ્ર' (એસએસકે)એ ગ્રામ પંચાયતો અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી આગોતરી ચેતવણી આપવા માટે અને બચાવ કાર્ય માટે 'બચાવ ટુકડી' (ટાસ્ક ફોર્સ)ની રચના કરી છે. કેટલીક ગ્રામ પંચાયતો મોટરાઇઝ્ડ હોડી રાખે છે. તેઓ આ હોડી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તા તંત્રને જરૂરિયાતના આધારે આપે છે. 'ઉન્નતિ'એ શાળા સુરક્ષાને વેગ આપવા માટે ગુજરાતના કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાની કેટલીક શાળાઓ સાથે કામગીરી કરી છે. જો કે, અગાઉ જણાવ્યું તેમ, સ્થાનિક જૂથો તથા નેટવર્કોને મજબૂત અને સક્ષમ કરવા સંસાધનો અને સ્વીકૃતિનો હજીપણ અભાવ વર્તાય છે.

યુએનડીપીની વ્યાખ્યા અનુસાર, 'પ્રબંધન એટલે રાષ્ટ્રના તમામ ક્ષેત્રોમાં વ્યવસ્થાપન માટે તેમાં દરેકે દરેક સ્તરે તેની રાજકીય, આર્થિક અને વહીવટી સત્તાઓનો ઉપયોગ. જેમાં વ્યવસ્થા, પ્રક્રિયા, નાગરિકો તથા સંસ્થાઓ તમામનો સમાવેશ થયો હોય કે જેના મારફત જૂથો પોતોના હિતને વાચા આપી શકે, પોતાના કાયદાકીય અધિકારો પ્રાપ્ત કરી શકે, પોતાની ફરજો બજાવી શકે તથા પારસ્પરિક મતભેદો દૂર કરી શકે. જેમાં નાગરિક સમાજ અને ખાનગી ક્ષેત્રો સહિત સૌ આવરી લેવાતા હોય. આપત્તિ પ્રબંધનમાં સત્તા/સામર્થ્યનું હસ્તાંતરણ ગમે તેટલું ઈચ્છનીય હોય પરંતુ હજુએ તે વાસ્તિવિકતાથી ઘણું દૂર છે. સમુદાયની પ્રતિકારશક્તિ વધારવા માટે સ્થાનિક સ્તરેથી જ પ્રબંધન થવું અત્યાંત મહત્ત્વનું છે. એડ્રિયન લેવિચ અને કુણાલ સેને (2011) યોગ્ય જ ટાંક્યું છે, 'શોક ન પાળો - બસ સંગઠિત થાઓ'. ■

# 'રાઈટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬' - ચાવીરૂપ લાક્ષણિક્તાઓ

- દીપા સોનપાલ, ઉન્નતિ

આખરે, ભારતીય સંસદ દ્વારા શિયાળુ સત્રમાં, 'ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ, 2016' પસાર કરવામાં આવ્યો. યુનાઇટેડ નેશન્સના, 'કન્વેન્શન ઓન રાઇટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (2007)' પર સહી કરનારા પ્રથમ દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. આ કન્વેન્શને વિકલાંગતા તરફના અભિગમને દાક્તરી કે દાનધર્મના મોડલને સ્થાને, સામાજિક અને માનવ હક્કો આધારિત મોડલમાં ફેરવી નાંખ્યો છે. જે મુજબ, તમામ વર્તમાન કાયદાઓ, નીતિઓ, કાર્યક્રમો, યોજનાઓને કન્વેન્શન સાથે સુસંગત બનાવવામાં આવે તે જરૂરી છે.

## ચાવીરૂપ લાક્ષણિકતાઓ

આ નવા અધિનિયમને પગલે 1995ના અધિનિયમની સાત વિકલાંગતાઓને દૂર કરી અને 21 વિકલાંગતાઓ ઉમેરાશે, જે આ પ્રમાણે છે:

**1. શારીરિક વિકલાંગતાઓ -**

એ. લોકોમોટર - રક્તપિત્ત (લેપ્રસી ક્યોર્ડ), સેરેબ્રલ પાલ્સી, ડ્વાર્ફિઝમ (વામનતા), મસ્ક્યુલર ડાયસ્ટ્રોફી અને એસિડ હુમલાનાં પીડિતો.

બી. દ્રષ્ટિની ખામી - અંધાપો અને ઝાંખી દ્રષ્ટિ.

સી. સાંભળવાની ખામી - બહેરાશ અને સાંભળવામાં તકલીફ.

ડી. બોલવાની અને ભાષાની વિકલાંગતા

**2. બૌદ્ધિક વિકલાંગતા -**

શીખવાને લગતી નિશ્ચિત વિકલાંગતા અને ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસોર્ડર

**3. મેન્ટલ બિહેવિયર (માનસિક વર્તણૂંક)** - માનસિક બિમારી

**4.** અ. મલ્ટિપલ સ્ક્લેરોસિસ અને પાર્કિન્સન જેવી ક્રોનિક ન્યૂરોલોજીકલ કન્ડિશન (મજ્જાતંતુઓની લાંબા સમયની બિમારી) તથા

બ. થેલેસેમિયા, હિમોફિલિયા, સિકલસેલ ડિસિઝ જેવી રક્તને લગતી ખામીઓને કારણે થતી વિકલાંગતા

**5.** બહેરાશ-અંધત્વ સહિતની બહુવિધ (એકથી વધુ) વિકલાંગતાઓ.

નવા અધિનિયમ અનુસાર, વિકલાંગતાના સંદર્ભમાં કરવામાં આવેલા ભેદભાવમાં વિકલાંગતાના આધારે (રહેવાની યોગ્ય સગવડ પૂરી પાડવાનો ઇનકાર કરવા સહિત) કરવામાં આવતા કોઈપણ પ્રકારના ભેદભાવ, બહિષ્કાર અને નિયંત્રણનો સમાવેશ થાય છે.

સંસ્થાનની વ્યાખ્યામાં 'ખાનગી સંસ્થાપના'નો સમાવેશ થાય છે અને જાહેર ઇમારતોની વ્યાખ્યામાં જનતા દ્વારા વ્યાપકપણે ઉપયોગમાં લેવામાં આવતી તમામ સરકારી અને ખાનગી ઇમારતોનો સમાવેશ થાય છે. મુક્ત અને ફરજિયાત શિક્ષણની વિભાવના તમામ નોંધણીકૃત શાળાઓને આવરી લે છે.

વિકલાંગતાની વ્યાખ્યા ત્રણ સ્તર ધરાવે છે - વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ, આધાર ચિહ્ન(બેન્ચ માર્ક) તથા વિકલાંગતા અને સહાયની જરૂરિયાત ધરાવતી વ્યક્તિઓ.

આ અધિનિયમ ઉત્પાદનો, સેવાઓ, પર્યાવરણ અને સહાયક ઉપકરણોના કિસ્સામાં સાર્વત્રિક ડિઝાઇનની વિભાવનાને માન્ય રાખે છે. પ્રત્યાયનની વિભાવના બ્રેઇલ, સાંકેતિક ભાષા, મોટી પ્રિન્ટ, ઓગમેન્ટેટિવ અને વૈકલ્પિક પ્રકાર સહિત પ્રત્યાયનના તમામ પ્રકારોને માન્ય રાખે છે.

- તેના કાર્યક્ષેત્રમાં સરકાર અને ખાનગી એમ બંને ક્ષેત્રો આવરી લેવામાં આવશે.
- સરકારી સહાય ધરાવતી તથા સરકાર દ્વારા માન્ય ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાઓમાં પાંચ ટકા અનામત
- સરકારી સંસ્થાનોમાં ચોક્કસ/આધાર ચિહ્ન (બેન્ચ માર્ક) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ચાર ટકા અનામત
- સાર્વત્રિક ઓળખપત્ર (આઇ કાર્ડ) જારી કરવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આ ઓળખપત્ર દેશભરમાં પ્રમાણભૂત અને માન્ય ગણાશે.
- અવરોધ રહિત વાતાવરણ સર્જવું અને જરૂરિયાતોની પૂર્તિ ન થતાં સજાની જોગવાઈ

- રાજ્યોએ તેમની આર્થિક ક્ષમતામાં રહીને સામાજિક સુરક્ષાના લાભો પૂરા પાડવાના રહેશે. પરંતુ આ લાભોનું પ્રમાણ અન્ય માટેના સમાન લાભો કરતાં 25 ટકા વધારે હોવું જોઈએ.
- સરકારની ગરીબી નાબૂદી યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યક્રમોમાં પાંચ ટકા અનામત
- સેવા પૂરી પાડનારાઓ, હિતધારકો વગેરે તમામ લોકોને વિકલાંગતાને લગતાં પાસાંઓ અંગે માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.
- સેવા પૂરી પાડનારાઓને આપવામાં આવતી તાલીમ તેમ જ તેમના શૈક્ષણિક અભ્યાસક્રમમાં વિકલાંગતાના વિષયને સામેલ કરવો જરૂરી છે.
- વિકલાંગતા ધરાવતાં બાળકો તથા મહિલાઓ માટે સમાન ધોરણે રહેઠાણ અને જમીનની ફાળવણી, આરોગ્ય સેવાઓ, બાળકોના ઉછેર, બેકારી ભથ્થું અને કાળજી લેનાર માટેનું વળતર (કેર ગિવર એલાઉન્સિઝ) વગેરે જેવી ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.
- વિકલાંગતા ધરાવનારી તમામ વ્યક્તિઓને હિંસા, પજવણી, ત્રાસ અને શોષણ સામે રક્ષણ આપવામાં આવે છે. કુદરતી કે માનવસર્જિત આફતો તથા સંઘર્ષની પરિસ્થિતિમાં વિકલાંગતા ધરાવનારી તમામ વ્યક્તિઓને રક્ષણ અને સલામતી પૂરાં પાડવામાં આવે છે.
- જિલ્લાકક્ષાએ નિર્દિષ્ટ અદાલતો નિમવાની જોગવાઈ છે તથા નિર્દિષ્ટ પબ્લિક પ્રોસિક્યુટરની સેવાઓ પૂરી પાડવાની જોગવાઈ છે.
- જિલ્લા સ્તરે સેવાઓને વેગ આપવા માટે તથા તેના પર દેખરેખ રાખવા માટે દરેક જિલ્લામાં ડિસેબિલિટી ડેવલપમેન્ટ અંગેની જિલ્લા સમિતિ રહેશે.
- પાલક કે સંરક્ષકના સ્થાને - મર્યાદિત સંરક્ષણ
- મર્યાદિત સંરક્ષણની સહાયની જોગવાઈ સાથે દરેક વ્યક્તિની કાનૂની ક્ષમતા માન્ય રાખવામાં આવે છે.

1995ના પીડબલ્યુડી અધિનિયમમાં શિક્ષાની જોગવાઈઓનો અભાવ હતો, જ્યારે નવા વિધેયકમાં પ્રથમ ઉલ્લંઘન બદલ રૂ. 10,000થી દંડની શરૂઆત થાય છે અને ત્યારપછીના ઉલ્લંઘન બદલ રૂ. 50,000થી લઈને રૂપિયા પાંચ લાખ સુધીના દંડની જોગવાઈ છે. જે કોઈપણ વ્યક્તિ છેતરપિંડી આચરીને આધાર ચિહ્ન (બેન્ચ માર્ક) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેનો કોઈપણ લાભ લેવાનો પ્રયત્ન કરશે, તો તે વ્યક્તિને બે વર્ષ સુધીની કેદની સજા અથવા તો એક લાખ રૂપિયા સુધીનો દંડ અથવા તો સજા અને દંડ બંને થઈ શકે છે. જે કોઈપણ વ્યક્તિ વિકલાંગતા ધરાવનારી સ્ત્રી અને બાળકની પજવણી કરવાનો પ્રયત્ન કરશે કે તેનું અપમાન કરશે, તેનો ખોરાક અને પ્રવાહી, સહાયક સાધનો અને ઉપકરણો તેને ન આપતાં પોતાની પાસે રાખશે, વિકલાંગતા ધરાવનારી મહિલા કે બાળક પર જાતીય હુમલો કરશે, વિકલાંગતા ધરાવનારી મહિલા પર કોઈપણ પ્રકારની દાક્તરી ક્રિયા કરશે અથવા તેની સંમતિ વગર ગર્ભાવસ્થાનો અંત લાવશે, તો તે સજાપાત્ર ગુનો બને છે. જે બદલ તેને છ મહિનાથી લઈને પાંચ વર્ષ સુધીની સજા અને દંડ થઈ શકે છે.

■

# સંગઠિત કરવા અને જનએકત્રીકરણ કરવા વચ્ચેનો તફાવત

'ધ નેશન'માં તા. 7 ફેબ્રુઆરી 2017ના રોજ પ્રસિદ્ધ થયેલી, 'ડી. ડી. ગુટ્ટનપ્લેન' દ્વારા 'ટ્વીટ્ટર'ના માધ્યમથી લેવામાં આવેલી '**જેન મેકએલેવે**'ની મુલાકાતના અંશો - 'વિચાર'ના વાચકો માટે સંકલિત સ્વરૂપે રજૂ કરીએ છીએ.

'જેન મેકએલેવ', અમેરિકન મજદૂર આંદોલનના સૌથી સ્પષ્ટ વક્તા તથા વિવાદાસ્પદ આલોચકો પૈકીના એક છે. 'રાઈઝીંગ એક્સપેક્ટેશન એન્ડ રાઈડીંગ હેલઃ માય ડેકેડ, ફાઈટીંગ ફોર ધ લેબર મૂવમેન્ટ', એ એમનું પ્રથમ પુસ્તક છે. તે સમયથી મેકએલેવે પોતાના સમયને શિક્ષક (તેણી હાલમાં હાર્વર્ડ સ્કૂલ ઓફ લોમાં 'લેબર એન્ડ વર્ક-લાઈફ પ્રોગ્રામ'માં પોસ્ટ ડોક્ટરલ ફેલો તરીકે કાર્યરત છે) તથા મજદૂર સંગઠનોના પરામર્શક તરીકેની સેવા વચ્ચે વિભાજીત કરી દીધો છે. આ મુલાકાત તેણીનાં નવાં પુસ્તક 'નો શોર્ટકટ્સઃ ઓર્ગેનાઈઝીંગ ફોર પાવર ઈન ધ ન્યૂ ગીલ્ડેડ એઈજ'ના હાર્દ સંદર્ભે છે.

મેકએલેવ જણાવે છે કે, "હું 'સંગઠિત' કરવા અને 'એકત્રીકરણ' કરવા વચ્ચેનો ભેદ તારવવાનો પ્રયત્ન કરું છું અને 'જનમતગણતરી અને સર્વેક્ષણ' સામે 'નિશ્ચિત પરિક્ષણ' એ બે વચ્ચેનો તફાવત સમજવા પ્રયત્ન કરું છું. આ તફાવત ખરેખર મહત્વનો છે. આપણાંમાંના જેઓ સંઘર્ષમય હડતાલો, સંઘ કે મંડળની ચૂંટણીઓ કે કરારો જીતીએ છીએ, એ જીત પાછળનું કારણ છે, આપણી અવિરત 'નિશ્ચિત પરિક્ષણો'માંથી પસાર થવાની હારમાળા. આ નિશ્ચિત પરિક્ષણો આપણને બે વાતો કહે છેઃ એક કે હું જેને 'મૂળમાંથી ઉભરેલા આગેવાનો' (ઓર્ગેનીક લીડર્સ) કહું છું તેવા - કોઈપણ કામકાજના સ્થળે સૌથી વિશ્વસનીય હોય તેવા કામદારોની શું આપણે જંગી બહુમતી મેળવી છે? કારણ કે એવા કામદાર આગેવાનોને ઓળખી કાઢવા જરાપણ સરળ નથી અને આથી 'તેઓ' આપણી વચ્ચે છે કે નહિ તે જાણવા 'નિશ્ચિત પરિક્ષણો' જરૂરી છે."

અને બીજી કે, શું તેઓ પોતાના 'ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર' (સી.ઈ.ઓ.) સામે રજૂઆત કરવા માટેની સામૂહિક અરજીમાં સહી કરવા માટે સહકર્મીઓની જંગી બહુમતી મેળવી શકે છે? આપણે દરેક કામદારને જોખમી કામ કરાવીને એવું જતાવવા માગીએ છીએ કે તેઓ પોતાના 'સિદ્ધાંત' પરત્વે પ્રતિબદ્ધતા ધરાવે છે, કારણ કે તેઓ પોતાનું નામ જાહેરમાં પ્રસિદ્ધ કરીને જણાવે છે કે "સંગઠનની આ ક્ષણે હું મારા સહકર્મીઓની સાથે ઊભો છું", નિશ્ચિત પરિક્ષણનો કેન્દ્રવર્તી ખયાલ એ છે કેઃ "તેઓ પોતાના સી.ઈ.ઓ.ની સામે ખડા થયા છે." સારા સંગઠનકર્તાઓ કહેશે કે, "જીવન પોતે જ એક નિશ્ચિત પરિક્ષણ છે." પ્રત્યેક નવા નિશ્ચિત પરિક્ષણ સાથે તમે કામદારનું સંકટ વધારો છો. નિશ્ચિત પરિક્ષણો કે કસોટીઓ તીવ્ર સંકટની પરિસ્થિતિઓમાં નેતાગીરી અને તેની નિષ્ઠાનું મૂલ્યાંકન કરે છે. આ મૂલ્યાંકનો, ફોન ઉપર લેવાતા જનમતના ભાગરૂપે રસોડામાં ઊભા ઊભા અપાતા પ્રતિભાવોને આધારે થતાં મૂલ્યાંકનો કરતાં તદ્દન ભિન્ન હોય છે.

જીત માટે કામદારોની એજન્સીને ચકાસતાં સમયે, તમે એ ચકાસો છો કે પરિભાષિત માળખા હેઠળ તમારી પાસે જંગી બહુમતી છે કે કેમ, કામકાજના સ્થળોએ, કામદારવર્ગ એકબીજાની વિરુદ્ધ થઈ જાય એવી તમામ પ્રયુક્તિઓ જેવી કે શ્યામ વિરુદ્ધ ગોરા, પુરુષ વિરુદ્ધ સ્ત્રી, યહુદી વિરુદ્ધ બિનયહુદી વગેર. આ દેશના કામદાર યુનિયનોને તોડવાની લડાઈમાં ઘૃણા, ફાટફૂટ, વંશવાદ, સ્ત્રીદ્વેષ વગેરે તમામ પસંદગીનાં શસ્ત્રો રહ્યાં છે. આપણી પ્રારંભિક સભાસદતા 75થી 80 ટકાએ નથી પહોંચતી ત્યાં સુધી તો કામદાર સંઘની ચૂંટણીમાં પણ આપણે 50 વત્તા એક એટલે કે સાદી બહુમતી મેળવવાનું પણ વિચારી શકતા નથી. જ્યારે 'હડતાળ' એટલે કે ખરા અર્થમાં હડતાળ કરવાના નિર્ણય માટે અને તેને જીતવા માટે તો આપણે 90 ટકાથી પણ વધારેની જંગી બહુમતી સ્થિર કરવી અનિવાર્ય બને છે. આથી જ હડતાળ પર જવા માટે અનિવાર્ય એવી આ 90 ટકા બહુમતી છે કે કેમ તે જાણવા માટે આપણે નિશ્ચિત કસોટીઓ કે પરિક્ષણોની હારમાળા શરૂ કરીએ છીએ કારણ કે 'હડતાળ' એ અંતિમ છેડાનું નિશ્ચિત પરિક્ષણ છે - અને આવી કસોટીઓની હારમાળા દ્વારા જ આપણે જીત હાંસલો કરી અમેરિકામાં - 2016 સુધીના અદ્દભૂત કરારો પસાર કરાવી શક્યા છીએ. આવાં જ દબાણ હેઠળ સમાંતરે ચાલેલી બીજી ચળવળમાં એકમાત્ર દક્ષિણિમાં થયેલી સામાજિક અધિકારો માટેની ચળવળનો ઉલ્લેખ થઈ શકે.

1930, 1940 અને 1950ના દાયકાઓમાં ટ્રેડ યુનિયનોએ પણ આવા જ પ્રકારનાં અતિતીવ્ર જોખમોનો સામનો કરવો પડેલો.

સંગઠિત કરવા અને એકત્રીકરણ વચ્ચે તફાવતના મુદ્દે મેકએલેવ વધુમાં જણાવે છે કે, 'મેં 'સંગઠિત કરવાની પ્રક્રિયા'ને વધુ સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. કારણ કે આ શબ્દ 'લોકશાહી' જેટલો જ સામાન્ય થઈ પડ્યો છે. દરેક વ્યક્તિ લોકશાહી વિશે વાત કરે છે પરંતુ એ દ્વારા તેઓ શું કહેવા માંગે છે તે સ્પષ્ટ કરતા નથી. મોટાભાગના 'સંઘો' અને સામાજિક પરિવર્તન માટે સક્રિય જૂથો જણાવતા હોય છે કે તેઓ 'સંગઠિત' કરી રહ્યા છે પણ મારા મતે તેનો મૂળભૂત તફાવત એ છે કે ખરેખરા પ્રયત્નોમાં કાર્યકરોની ભૂમિકા શી છે? શું કામદારો પોતાની મુક્તિ પરત્વે કેન્દ્રીત થયા છે? તેઓના પોતાના સમુદાય અને કામકાજના સ્થળે પરિવર્તન લાવવા માટે જરૂરી જીત હાંસલ કરવાની રણનીતિમાં તેઓ કેન્દ્ર સ્થાને છે ખરા? કે પછી તેઓ એક જટિલ કોયડાનો એક નાનકડો ભાગ છે જ્યાં કામદારોના અવાજ અને તેમના મંતવ્યો ખરેખર નિર્ણાયક બળ નથી. આ દેશમાં (અમેરિકામાં) ચાલતા અભિયાનોમાં છેલ્લા 15થી 20 વર્ષ દરમ્યાન વાસ્તવમાં કામદારોનો અવાજ નિર્ણાયક રહ્યો નથી. છેલ્લા 20 વર્ષમાં ટૂંકા રસ્તાઓ અપનાવવાની હારમાળા ચાલી રહી છે. બધા જ એ અભિગમ પર ઉતરી આવ્યા છે કે, 'સંગઠનની બહાર હોય કે અંદર, સામાન્ય કામદારોને સક્રિય કરવાની મહેનત અને અઘરી કામગીરીઓ કર્યા વગર કેમ ચાલી જાય'.

સભ્યોના મંતવ્યો બાબતે જણાવું તો - સંગઠનની અનુભૂતિના બદલે સંદેશાઓ મારફત અભિયાનો ચલાવી સભ્યોના મતો મેળવી લેવા. સંગઠનની નેતાગીરી વિચારવા લાગી છે કે જ્યારે કંઈ જરૂરિયાત ઊભી થાય એટલે બસ આ રીતે મતો ઉઘરાવી લેવાના. સંગઠનના આંદોલનોમાં 'મતગણતરી'એ 'સંગઠન-પ્રક્રિયા'નું સ્થાન લઈ લીધું છે.

બીજી છે કોર્પોરેટ ઝુંબેશ - કોર્પોરેટ ઝુંબેશની સમગ્ર પરિકલ્પના અને પેચીદી રણનીતીઓનું નિર્માણ સૂચવે છે કે સંગઠનની અગ્રણી આગેવાની સાથે કામદારો સક્રિય રીતે ભાગીદાર ન બને તો પણ કઈ રીતે મુશ્કેલ સમયમાં તેઓના નાણાંકીય ફાળાથી 'બ્રાન્ડ' એટલે કે મોટી પ્રતિષ્ઠિત પ્રતિભાને નુકસાન પહોંચાડી આંદોલનો જીતી લેવાના. મજદૂરોના હિત માટે કામકાજના સ્થળે બહુમત ઊભો કરી જીત મેળવવાનું મોડેલ હવે 'બ્રાન્ડ'ને નુકસાન પહોંચાડવામાં તબદીલ થઈ ચૂક્યું છે અને જેને આપણે 'ઈલેક્શન પ્રોસીજર એગ્રીમેન્ટ્સ' એટલે કે 'ચૂંટણી પ્રક્રિયાના કરાર' કે કાર્ડ ચેક અને તટસ્થતાના સોદા કહીએ છીએ તે કરાવી આપવા માટે નોકરીયાતો પાસેથી નાણાંકીય વળતર મેળવી લેવામાં આવે છે. ભલે આ ખયાલ ખરાબ નથી પરંતુ અંતે હવે તો તેઓએ કામદારો સાથે વાત કરવાનું પણ બંધ કરી દીધું છે.

કારણ કે તમે કહો છો કે તમે કામદારોને 'ટ્વીટ્ર' અને 'ફેસબૂક' જોડી દીધા છે અને 'મેઈલચીમ્પ' સર્વેક્ષણ હાથ ધરી લીધું છે. તમે એમ પણ કહેશો કે અમે સભ્યોના મંતવ્યો લઈ લીધા છે અને 60 ટકા કે 80 ટકા અમારી સાથે છે. પણ આમ, કરનારા ક્યારેય નહીં કહે કે માત્ર પાંચ વ્યક્તિઓએ જ સર્વેક્ષણમાં મત નોંધાવ્યો છે.

કામદાર સંઘોમાં સભ્યપદની સંખ્યા કે તેના પદો માટે કામદારોનો સંપર્ક કરવો તેને કંઈ આંદોલન ન કહેવાય, પરંતુ જે અસંગઠિત કામદારો છે તેઓનાં મન અને હૃદયોને ખરેખર સક્રિય કરવા એ સાચું આંદોલન છે, જે અમારામાંના કેટલાક હજુપણ કરી રહ્યા છે. આવા સંગઠન માટે 'કામદાર' કેન્દ્રમાં હોવો જોઈએ. જેનો આધાર અમે જેને બહુમતીની રણનીતી કહીએ છીએ તેના ઉપર રહેલો છે. આ બહુમતી એટલે કે તેમાં મોટાભાગના કામદારો પોતે સક્રિય હોવા જોઈએ. અને 'નિશ્ચિત પરિક્ષણો' તેની કસોટી કરે છે. કોર્પોરેટ આંદોલનો અને 'શિખરથી તળેટી'ના અભિગમથી ચાલતાં આંદોલનોમાં કામદાર સૌથી છેલ્લો રહે છે. તેઓનો માત્ર 'પ્રતીક કાર્યકર' તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આંદોલનના ચહેરા તરીકે તેનો ઉપયોગ થાય છે. તેઓને પોતાના માલિકો વિરુદ્ધ જુબાની આપવા સત્તાધારીઓ સમક્ષ ખડા તો કરી દેવાય છે પરંતુ રણનીતીના કેન્દ્રસ્થાને તેઓ નથી હોતા. આ પાયાનો તફાવત છે. જ્યારે સંગઠનના મોડેલમાં પરિવર્તનકારી સંસ્થા સામાન્ય માણસોના હાથમાં રહે છે.

શું આ વ્યવસાયિક કર્મચારીગણ સાથે આચરવામાં આવતી છેતરપીંડી છે, થોડીઘણી ચતૂરાઈ છે કે પછી કામદારોની સાથે જ છેતરપીંડી છે? આનો અર્થ એ નથી કે મેં ચલાવેલાં કોઈપણ આંદોલનમાં અમે રાજકારણીઓ કે સમુદાયોને નથી તાણી લાવ્યા કે બીજા પ્રકારે ફાયદા નથી લીધા. અમે પણ આ બધુ કર્યું છે પરંતુ સંગઠનના મોડેલ અંતર્ગત 'કામદાર' કેન્દ્રમાં રહે છે. અમે જોઈએ છીએ આંદોલન કે લડાઈ જીતવા માટે વધારાના હથિયાર તરીકે કામદારોના સમુદાય સાથે પોતાના રાજકીય આગેવાનને, વિશ્વસનીય નેતાને કે આખાયે સમુદાયેને 'તેઓ' એકત્ર કરે.

અમે આ બીજા હથિયારને કંપનીના તે દિવસના શેરને માર્કેટમાં ધરાશયી કરવા માટે પૂરતું ગણતાં નથી, જો કે દેશનાં ઘણાં બધાં આંદોલનો આ બીજા હથિયારથી જ લડવામાં આવે છે. જ્યારે હું કહું છું કે 'વકીલાત' સીટ બેલ્ટ બાંધવાને ફરજિયાત કરવા માટે કે બાળકો માટે ઘાતક હોય તેવાં ખાદ્ય પદાર્થો પર પ્રતિબંધ લાદવા વગેરે જેવા મુદ્દાઓ માટે વકીલાત કરવી સારી વાત છે અને તે

વકીલાતથી શક્ય થઈ શકે છે. એવા કિસ્સાઓમાં કાયદાકીય વકીલાત કે કેસ દાખલ કરવાના હોય ત્યાં સામાન્ય લોકોને સાંકળવા જરા પણ શક્ય નથી. જનએક્ત્રીકરણની એક અલગ ભૂમિકા છે અને સંગઠિત કરવાની ભૂમિકા અલગ એટલું જ નહિ, દાનની પણ અલગ ભૂમિકા છે. જ્યારે નિરાશ્રિતો આપણાં દેશમાં આવે છે ત્યારે કોઈક તેને પહેલું વર્ષ પસાર કરવા જગ્યા પૂરી પાડે છે, યુદ્ધ ક્ષેત્રમાંથી આવેલાંના બાળકોને થોડાં કપડાં આપે છે - તે સીધા સ્વરૂપે કરાતું દાન છે. પણ તેનાથી પરિવર્તન લાવી શકાતું નથી.

વકીલાતની એક ચોક્કસ ભૂમિકા છે, જેમ કે ક્યાંક કોઈ ડેમ બંધાઈ રહ્યો છે અને આપણે તેને રોકી દેવો છે, તો ત્યાં બીજો કોઈ માર્ગ ન હોવાથી લોકો ન્યાયાલયમાં કેસ દાખલ કરી દે છે. ખરેખર, જનએક્ત્રીકરણની પણ અલગ ભૂમિકા છે. હું મારા પુસ્તકમાં એક જ દલીલ કરું છું કે અઘરામાં અઘરી લડાઈ, જેવી કે પ્રમુખની ચૂંટણી જીતવી, અમેરિકન રાષ્ટ્રસંઘની રાજ્યસભાને હસ્તગત કરવી, વૈશ્વિક મૂડીવાદને નાથવો વગેરે જેવી લડાઈઓ માટે વકીલાત કે જનએક્ત્રીકરણ ઉપર આધાર રાખી શકાતો નથી. કારણ કે તેઓ સામાન્ય જનતાના એક માત્ર અને સૌથી મહત્ત્વનાં 'વિશાળ જનસંખ્યા' નામના હથિયાર સામે ઝૂકી જતા હોય છે.

વિરોધ ઉઠાવતી વખતે લોકો વિચારે છે કે, "આપણે વિશાળ સંખ્યામાં છીએ", 'હું સ્થાન સર કરી લઈશ, આટલી સંખ્યા શું વિશાળ નથી?'... વગેરે. આપણે સૌ એવું વિચારીએ છીએ... પરંતુ કેટલાં લોકો હોય છે? શું બળનું મૂલ્યાંકન કરી શકીએ છીએ? કે જે સ્પષ્ટ જણાવે કે અમેરિકન કંપની વોલસ્ટ્રીટને નોંધપાત્ર રીતે કબ્જે કરવા કેટલા શેરની સંખ્યા જોઈશે?

રેલીમાં કેટલા લોકો ભેગા કરી શકીશું એ મહત્ત્વનું કે પૂરતું નથી. રેલીમાં આપણે કોને લાવીએ છીએ, તેઓને કોણ લાવે છે, અને તેને રેલી આપણે ક્યાં સુધી ટકાવી શકીએ છીએ એ મહત્ત્વનું છે. કે પછી મુઠ્ઠીભર એવા લોકો મહત્ત્વના નથી, કે જે શાણા અને મજાના લોકો છે અને ધાર્યા મુજબ આપણને પ્રત્યેક રેલીમાં જોવા મળે છે. એના એ જ લોકો... વોલસ્ટ્રીટનાં પગથિયાંઓ ઉપર હરહંમેશ રેલીમાં હાજર!?

'સંગઠન' પાયાનો વિસ્તાર કરે છે. આપણાં દેશમાં, આપણી સાથે ઊભા રહે તેવા લોકોનો બનેલો પાયો વિસ્તારવો જરૂરી છે પરંતુ 1970ના આરંભથી આપણે તે કાર્ય સ્થગિત કરી દીધું છે. ચળવળકર્તા અને નેતા વચ્ચેના ભેદ વિશે મેકએલેવ કહે છે કે, જનએક્ત્રીકરણ એ એક ચળવળકર્તાનો અભિગમ રહે છે. ચળવળકર્તા એવા લોકો છે કે જેઓ યા તો આંદોલનના પૂર્ણ સમયના વ્યવસાયિક કાર્યકર્તા હોય છે અથવા પૂર્ણ સમયના વ્યવસાયિક કાર્યકર્તા નથી હોતા - આ બેમાંથી એક હોય છે પરંતુ તેઓ હંમેશા આપણી પડખે રહે છે. તેઓ વોલસ્ટ્રીટની સમસ્યાઓ સાથે પૂરી રીતે સંમત છે, તેઓ માને છે કે જલવાયુ પરિવર્તન એક સમસ્યા છે, તેઓ માને છે કે વંશવાદ એક સમસ્યા છે. તેઓ 'બ્લેક લાઈવ્સ્ મેટર' માટે ખડા થાય છે. સમસ્યા એ છે, કે આવા લોકોની સંખ્યા હવે વિશાળ નથી રહી, કારણ કે છેલ્લા 45 વર્ષથી આપણે આપણાં પાયાને વિખરાઈ જવા દીધો છે. સાથે સાથે પ્રગતિશીલ આંદોલનો સ્થાનિક સ્તરની સંગઠન પ્રક્રિયામાંથી 'ચળવળ કેન્દ્રીત' અને 'કર્મચારીગણ કેન્દ્રીત' જનએક્ત્રીકરણના મોડેલમાં તબદીલ થઈ ગયાં છે.

કોઈપણ ક્ષેત્રને લઈએ શહેર, રાજ્ય કે અન્ય કોઈ, સામાજિક માળખાની પરિસ્થિતિનું વિશ્લેષણ કરવા માટે આપણો અભિગમ પદ્ધતિસરનો છે. હું, શ્રમીકબજારોમાં સામાજિક માળખાનું વિશ્લેષણ કરવા સંદર્ભે માટાભાગે વિચારતી હોઉં છું, તે માટે સંઘીય સંગઠન ખૂબ બળૂકું અને રસપ્રદ રહે છે કારણ કે પાટનગર જે રીતે વિશ્વને જુએ છે તે રીતે આ બજારોથી હું સામાજિક વિશ્વને જોઉં છું. જેમ કે શ્રમીક બજારોની હારમાળા... માત્ર શહેરોની હારમાળા નહિ.

સત્તામાળખાના વિશ્લેષણ બાબતે હું જે રીતે વિચારું છું તેમાં ફરક એટલો છે કે, 'આપણે જેના ઉપર નિયંત્રણ મેળવી શકીએ કે જેના માટે લડી શકીએ તેવા મૂડીવાદીઓ અને કર્મચારીવર્ગ એક નિશ્ચિત ક્ષેત્રમાં એકબીજા સાથે કઈ રીતે સંકળાયેલા છે તેનું વિશ્લેષણ કરવું જોઈએ અને હું તે નિશ્ચિત વિસ્તારને એક શ્રમીક બજાર તરીકે જોઉં છું. જ્યારે પરંપરાગત સંગઠન ચળવળોમાં તેઓ કોર્પોરેટ ઝુંબેશનું વિશ્લેષણ કરે છે ત્યારે તેઓ કર્મચારીવર્ગની ફરતે રચાયેલી સામાજિક માળખાની પરિસ્થિતિઓને ધ્યાને નથી લેતા. તેઓ તો માત્ર પૂરવઠા, મૂળભૂત પૂરવઠો, પૂરવઠો પૂરા પાડનારા, પૂરવઠાની સાંકળ, પેન્શન ફંડ, રોકાણકારોના ફંડ અને કટોકટી અર્થેના ફંડ વગેરેનું જ વિશ્લેષણ કરે છે.'

અહીં મુદ્દો એ છે કે, "આપણે સમુદાયને સમજવા માટે પણ સામાજિક માળખાનું વિશ્લેષણ નથી કરતા - મારી દલીલ તો એ છે કે, તેઓ કોની સાથે સંકળાયેલા છે, તથા ક્ષેત્રીય બજારોમાં તેઓ કઈ રીતે ટકી રહ્યા છે તેને ધ્યાનમાં રાખીને સામાજિક માળખાનું વિશ્લેષણ કરીએ તો આપણે માલિકોના શ્રમિક બજારો ઉપરના નિયંત્રણને તોડી શકીએ તેમ છીએ. આપણી સાથેના કાર્યકરો કોણ છે? કયા સમુદાય સાથે આ કાર્યકરો જોડાયેલા છે, તેઓ કયા દેવળ કે બીજે ક્યાંય આસ્થારૂપે હાજરી આપે છે વગેરે. હું જે રીતે સત્તામાળખાના

વિશ્લેષણ અંગે વિચારું છું તેમાં સામાન્ય સંબંધોના જાળાંનો માપવાથી હજારો કામદારો આપમેળે સમુદાયની બાહ્યસીમાઓ વિસ્તારવા લાગશે અને એક રીતે સંગઠન પ્રત્યેનો પ્રેમ અને પોતાના સમુદાય માટે પોતાની ભૂમિકા પરત્વેની ભાવના ઉજાગર થવા લાગશે. જે મહત્ત્વની ચૂંટણીઓને સમયે સંગઠનના ઘરેલૂ મતોમાં બદલાવ દર્શાવશે.

સી. રાઈટ મીલ્સે આપણને એ ખ્યાલ આપ્યો કે પ્રાથમિક શાળામાં જે રીતે ભણાવવામાં આવ્યું છે બરાબર તે રીતે લોકશાહી કામ નથી કરતી. મીલ્સે ખુલ્લેઆમ કહ્યું કે શું તમે રમત સમજો છો? સશસ્ત્ર સેના, રાજકીય અગ્રણીઓ તથા ઔદ્યોગિક ગૃહો વચ્ચે સત્તા માળખાના અંકોડાઓ ભરાવાયેલા છે જે આપણાં 'દરેક વ્યક્તિના મત મળીને બનતી લોકશાહી'ના સરળ ખયાલને સંકીર્ણ બનાવે છે. સર્વપ્રથમ તો હું મીલ્સને અભિનંદન આપું છું કારણ કે મીલ્સે જ આપણને અગ્રણીઓ કઈ રીતે રાજ કરે છે તેનું વિશ્લેષણ કરવા સૂત્રો-સાધનો આપ્યાં, પણ અમે શું કર્યું? અમારા સત્તા માળખાના વિશ્લેષણમાં અમે ખરેખર ઊંડે જઈ સામાન્ય જનતાના જાળાં માપી, તેઓનું આલેખન કરી, તેનો વિકાસ કરી શકીએ છીએ કે જેથી અગ્રણીઓની સત્તાના વિરોધમાં ઊભા થવા તેઓ બળ મેળવી શકે.

જોસેફ લુડેરનાં પુસ્તક (ધ સિવિલ રાઈટ્સ મુવમેન્ટ એન્ડ લોજિક ઓફ સોશિયલ ચેન્જ) વિશે મેકએલેવ જણાવે છે કે, "લુડેરે, સામાજિક ચળવળો કઈ રીતે જીતાઈ તેના આખાયે ઈતિહાસનું પુર્નઆલેખન કરે છે. જીતાયેલી ચળવળોના કિસ્સાઓની એક આખી શ્રેણી તેઓ રજૂ કરે છે. કારણ કે મેં અગાઉ કહ્યું તેમ તેઓ મૂડીવાદ માટે કટોકટી સર્જી શક્યા, તેઓ દક્ષિણની ચાવીરૂપ બજારોમાં માલિકો સામે કટોકટી સર્જી શક્યા. તેઓ રાજકીય સત્તા પરિવર્તન માટે માલિકોને હાથો બનાવી શક્યા. કારણ કે તેઓ ખરેખરી આર્થિક પીડા આપી શક્યા." (દાખલા તરીકે મોન્ટગોમેરીમાં બસ વપરાશનો વિરોધ)

ભ્રષ્ટાચાર અને દેખાડાના આ યુગમાં આપણે જો સંગઠિત થવું હોય તો ચાવીરૂપ શિક્ષણ એ છે કે જો તમે મૂડીક્ષેત્રે કટોકટી ઊભી નહિ કરી શકો તો તમે કશું જ નહિ જીતી શકો કારણ કે અત્યારે આપણી વસ્તીમાં પણ ભારે વધારો થયેલો છે તથા રાજકીય ક્ષેત્રે ધૂમાડાબંધ ખર્ચો કરવામાં આવે છે. સીટીઝન યુનાઈટેડ અને મેકકર્શન બન્નેએ ખર્ચની હદ ઓળંગી દીધેલી. હવેની સંગઠનની કોઈપણ નિર્ણાયક ચૂંટણી કે સામાજિક પરિવર્તનની ચળવળોમાં ડોલર સામે ડોલર ખર્ચીને હરીફાઈ જીતવી અસંભવ થવાની છે. એટલે કે સામાજિક ન્યાય અંગેની ચળવળોની જેમ જો આપણે માલિકો માટે, દરેકે દરેક કામકાજના સ્થળોએ, આર્થિક ક્ષેત્રના દરેકે દરેક ક્ષેત્રમાં જો કટોકટીની પરિસ્થિતિઓ નહિ સર્જી શકીએ તો મને નથી લાગતું કે હવે આપણે કશું જ જીતી શકીએ. દક્ષિણમાં રાજકીય સ્થાપિતોને સામાજિક ન્યાયની ચળવળો હરાવી ન શકી કારણ કે શ્યામવર્ણીઓ મત ન આપી શક્યા. મુદ્દો આ છે. જો દક્ષિણમાં તેઓ ઔદ્યોગિક ગૃહો અને ધંધાઓ માટે કટોકટી સર્જી શક્યા હોત તો પોતાનો ધંધો બચાવવા તેઓ કહેત, કે મહેરબાની કરીને અટકો! કારણ કે આર્થિક ખોટ ભોગવવી ભારે પડે છે. અને તો આપણે જીતી શક્યા હોત. નવા 'ગીલ્ડેડ એજ' એટલે કે કહેવાતા ભ્રામક સમૃદ્ધિના કાળમાં આપણા માટે જીતવાનો આ એક જ માર્ગ શેષ છે.

કામકાજના સ્થળોએ કામદારોનો માલિકો સાથે સીધો સંબંધ ઓછો હોય તેવા સ્થળોએ સંગઠનો રચવા જોઈએ, 'મેક ધ રોડ'માં તેના ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે - અને હું આ વિચારને થોડી વાર માટે પકડી રાખવા જણાવું છું. તેઓ ભૌગોલિક સ્તરે પોતાનું બળ વધારી રહ્યા છે જે બહુ જ ચાલાક વિચાર છે. તેઓ ખરેખરમાં પોતાના સભ્યપદનો આધાર વિસ્તારી રહ્યા છે અને પોતાની પ્રત્યેક ઝુંબેશમાં તેને કેન્દ્રબળ બનાવે છે. છતાં, મને એક પ્રશ્ન છે, જે બહુ મહત્ત્વનો છે કે જો ટ્રેડ યુનિયનોને ભાંગી નાખવામાં આવે તો આપણાં દેશમાં 'મેક ધ રોડ' (આ આંદોલનો જો કે ઘણાં ઓછાં છે છતાં) ટકી શકે ખરાં? મને લાગે છે કે તેઓ ટકી શકે નહિ. તેઓ ન્યૂયોર્કમાં ટકી શકે કારણ કે ન્યૂયોર્કના પ્રવાસી કામદારોને માટે નિસ્બત ધરાવતા વેતનભથ્થામાં ચોરી જેવા બીજા અનેક મહત્ત્વના મુદ્દે તેઓ ભારે કાયદાકીય લડતો જીત્યા છે. અને તેઓ જીત્યા કારણ કે સંગઠનોએ માત્ર સહિઓ નહોતી કરી પરંતુ સંગઠનો જોડાયા, રાજ્યની વિધાનસભામાં કેન્દ્રવર્તી ભૂમિકા ભજવી અને શહેરોની બેઠકો પણ જીતી અને એ જીત 'મેક ધ રોડ'ની જીત થઈ ગઈ કારણ કે તેઓ ટ્રેડ યુનિયનો સાથે કઈ રીતે કામ પાર પાડવું એ બાબતે પણ ચાલાક હતા.

ટૂંકમાં આપણે તત્કાલ પ્રવાસી કામદારોને કેન્દ્રમાં રાખી ગંભીર પણે જનએકત્રીકરણ શરૂ કરવું જોઈએ. સાથે તત્કાળ, દેશના મોજૂદ ટ્રેડ યુનિયનોને કેન્દ્રમાં રાખીને પણ જનએકત્રીકરણ કરવા જોઈએ. પરંતુ અમેરિકન રાષ્ટ્રસંઘમાં સૌથી ઉત્તેજનાપૂર્ણ કામો તો સ્થાનિક, પ્રાંતીય અને રાજ્ય સ્તરે થઈ રહ્યા છે, રાષ્ટ્ર સ્તરે નહિ. સ્થાનિક, પ્રાંતીય અને રાજ્ય સ્તરે આપણે ત્યાં હજુ એવાં ટ્રેડ યુનિયનો છે જે તમામ આકરા અવરોધો સામે પણ જીત હાંસલ કરી રહ્યા છે. મારા માટે આશાની એક જ વાત છે કે હજુપણ લોકો સંગઠનો બનાવી રહ્યા છે અને આપણે હજુ પણ જીતી રહ્યા છીએ. ■

# સાંભળવાની ક્રિયા - ‘દ્રષ્ટિકોણ’

**લિન્ચે મેન્ચોઝો**, સ્કૂલ ઓફ મીડીયા એન્ડ કમ્યુનિકેશન, આરએમઆઇટી યુનિવર્સિટી, મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા - શિક્ષણ શાસ્ત્રમાં ‘સાંભળવાની ક્રિયા’ અંગે લખે છે. ‘ડેવલપમેન્ટ ઇન પ્રેક્ટિસ’, અંક 26, નં.7, ઓક્ટોબર 2016માં પ્રકાશિત લેખની વિગતો અહીં સંક્ષિપ્ત લેખ રૂપે રજૂ કરવામાં આવી છે.

‘સાંભળવું’ એ આપણે જેમની સાથે કામ કરતાં હોઈએ તેમના પરનો વિશ્વાસ દર્શાવતી ક્રિયા છે. ‘પાઉલો ફ્રેઇરે’એ તેમના પુસ્તક ‘એન ઇન્ક્રેડિબલ કન્વર્સેશન’ (1996)માં લખ્યું છે, સહિષ્ણુતાનું આચરણ કરવાથી જ હું વિવિધ લોકો સાથે કામ કરવાની અને તેમની સાથે મળીને શીખવાની સમૃદ્ધ શક્યતા વિશે જાણી શક્યો છું. સહનશીલ હોવાનો અર્થ ‘સરળ’ રહેવું એમ બિલકુલ નથી. ઊલટું, સહનશીલ રહેવું એ વ્યક્તિની ફરજ છે - નૈતિક ફરજ છે, ઐતિહાસિક ફરજ છે અને રાજકીય ફરજ છે પણ, ‘સહનશીલતા’ મારી પાસેથી એવી અપેક્ષા નથી રાખતી કે હું મારૂં વ્યક્તિત્વ ખોઈ બેસું. ફ્રેઇરેના વિશ્લેષણમાંથી ‘સાંભળવાની ક્રિયા’ના ત્રણ સ્વરૂપો ઊભરે છેઃ (1) પુરાવા (ધ્યાનપૂર્વક) સાંભળવા, (2) સ્વયંનો અવાજ સાંભળવો અને (3) બોલવાના સ્વરૂપ તરીકે સાંભળવું.

આપણે ઘણી વખત પુરાવાની અવગણના કરીએ છીએ અને બીબાંઢાળ બાબતો સાંભળ્યા રાખીએ છીએ. લિન્ચે ગ્રામીણ વાર્તાઓ ટાંકે છે - આપણાં વડીલો પશુ-પંખીઓની વાર્તાઓ કહે છે, જેમાં છેતરપિંડી કરતું સસલું હંમેશા ચાલાકી વાપરીને મુશ્કેલીમાંથી છટકી જાય છે, જ્યારે વધુ પડતા હોશિયાર શિયાળે સસલા જેટલી મોટી છેતરપિંડી ન આચરી હોવા છતાં તેને સજા થાય છે. અચરજભરી વાત એ છે કે આપણે સૌ શાંતિથી એ વાર્તાઓ સાંભળીએ છીએ. કારણ કે, જો આપણે તે વાર્તાઓ ન સાંભળીએ, તો આપણને તે વાર્તાઓ જ ન મળે. સાંભળવાનો અર્થ એ બિલકુલ નથી કે કોઈ વ્યક્તિ બોલી રહી હોય ત્યારે શાંતિ જાળવવી. અન્ય વ્યક્તિઓ સાથે પ્રત્યાયનમાં જોડાવું એ સભાન નિર્ણય છે. ફ્રેઇરેના શબ્દોમાં કહીએ તો - વિવિધ લોકો સાથે કામ કરવાની અને તેમની સાથે મળીને શીખવાની સમૃદ્ધ શક્યતા શોધવી. ધ્યાનપૂર્વક સાંભળવાનું કૌશલ્ય આપણને આપણાથી તદ્દન જુદા વિચારો, જુદા દ્રષ્ટિકોણો પ્રત્યે સહિષ્ણુ બનાવે છે. સાંભળવાની ક્રિયા એ અન્ય વ્યક્તિઓ સમાન ધોરણે બુદ્ધિશાળી છે અને વાતચીત તથા ચર્ચામાં પોતાનું યોગદાન આપવા માટે સક્ષમ છે - તે હકીકતના આપણે કરેલા સ્વીકારનું બહુમાન છે. આવી બાબતો આપણને, આપણા વિચારો અને દલીલોને સુધારવાની તક પૂરી પાડે છે. આ રીતે આપણી દલીલો અને વિચાર પ્રક્રિયાઓને તે સંયોજિત કરવામાં મદદરૂપ બને છે. ‘બીજા ને સાંભળવું’ એ દર્શાવે છે કે, આપણે ‘સ્વ’ને બીજાઓ સમક્ષ બૌદ્ધિક ચકાસણીનો વિષય થવા દઈએ છીએ, કે જેથી આપણું પોતાનું જ્ઞાન ચકાસણીએ ખરું ઉતરી શકે. કેળવણીકારોએ પોતાના વિચારો વિદ્યાર્થી પર ન થોપતાં વાતચીત આધારિત સંબંધો કેળવવા જોઈએ.

## લેટર્સ ટુ ક્રિસ્ટિના

‘રિફ્લેક્શન ઓન માય લાઇફ એન્ડ વર્ક’ (1996)માં પાઉલો ફ્રેઇરે નોંધે છે કે જ્યારે તેઓ લખી રહ્યા હોય છે, ત્યારે સૌપ્રથમ તો અગાઉ તેમણે શું લખ્યું હતું તે લખાણને હાલના લખાણ સાથે સાંકળે છે. આ જ બાબત બોલતી વખતે પણ લાગુ પડે છે. સ્વયંને ધ્યાનથી સાંભળવાની ક્રિયાથી, આપણે જે મુદ્દો રજૂ કરવાના હોઈએ તે મુદ્દાના સંદર્ભ સાથે આપણે સુસંગત રહીએ છે. આપણે બોલતાં હોઈએ ત્યારે વાસ્તવમાં આપણે કોઈ મુદ્દા પરનું આપણું વલણ સ્પષ્ટ કરતાં હોઈએ છીએ અને દલીલ તૈયાર કરીએ છીએ. સ્વયંને સાંભળવાની ક્રિયાથી આપણને - જો આપણા વિચારો સમસ્યારૂપ હોય તો - પ્રથમ આલોચક બનવાની તક મળી રહે છે. ગુસ્ટાવો ગુટિઅરેઝે - થિઓલોજી ઓફ લિબરેશનઃ હિસ્ટરી, પોલિટિક્સ એન્ડ સાલ્વેશન (1971)માં નોંધ્યું છે કે; ધ્યાનપૂર્વક સાંભળવાની ક્રિયા, વંચિતો અને પીડિતોવતી અને તેઓના માટે બોલવાના સ્વરૂપ તરીકે વ્યક્ત થાય છે.

આમ, ‘સાંભળવું’ એ ગંભીરતાપૂર્વક થતી ક્રિયા છે, માનવતા પ્રત્યેની આપણી આસ્થાનું બહુમાન છે તથા લોકશાહી, સમાનતા અને સામાજિક ન્યાયના વિચારો પ્રત્યેના આપણા આદરની જીત છે. એના થકી આપણે સમાજના વિદ્યાર્થીઓ બની શકીએ છીએ અને સાંભળવાની ક્રિયાના શિક્ષણશાસ્ત્રના, સહભાગી બની શકીએ છીએ. સાંભળવાની ક્રિયા થકી સૈદ્ધાન્તિક જ્ઞાન હાંસલ કરી શકાય છે જે અન્ય કોઈ પ્રવૃત્તિ થકી મળી શકતું નથી. ■

# રાષ્ટ્રીય આરોગ્ય નીતિ, ૨૦૧૭
## સામાન્ય લોકો માટે આરોગ્ય સેવાની નવી તક

**- મીરાઈ ચેટરજી**
ડાયરેક્ટર, 'સેવા સામાજિક સુરક્ષા'
ભૂતપૂર્વ સભ્ય, ઉચ્ચ સ્તરીય નિષ્ણાંત જૂથ, સાર્વત્રિક આરોગ્ય સંભાળ, 2010-11

ભારત વર્ષમાં 40 કરોડથી વધારે કામ કરતાં લોકો છે, જેમાંથી વધારે લોકો ગરીબ અને નિઃસહાય છે. તેમના માટે તેમનું આરોગ્ય એકમાત્ર મૂડી છે. જ્યાં સુધી લોકો બિમાર ન પડે ત્યાં સુધી તેઓ કામ કરે અને કમાઈને ઘર ચલાવે. એકવાર બિમાર પડી જાય તો તેઓની કમાણી લગભગ પૂરી થઈ જાય અને આરોગ્યની સારવાર માટે ખર્ચા વધી જાય અને દેવું પણ જઈ જાય. અંદાજે દેશમાં છ કરોડ લોકો આરોગ્ય ખર્ચનાં લીધે ગરીબી રેખા નીચે આવી જાય છે. આ ઉપરાંત દેશનાં ગરીબ લોકો નાના ઘર તેમજ ઝૂંપડામાં રહે છે જ્યાં મૂળભૂત સુવિધા જેવી કે પાણી, સ્વચ્છતાની ઉણપ છે. આ બધા કારણો માટે આરોગ્ય સુવિધા દેશમાં ગરીબો માટે એક જટિલ પ્રશ્ન છે. સાર્વજનિક અને સાર્વત્રિક આરોગ્ય સેવા ગરીબી ઉન્મૂલન માટે એક અત્યંત જરૂરી ઘટક છે. સાર્વત્રિક આરોગ્ય સેવાની ઉપલબ્ધતા વધારવા માટે ભારત સરકારે હાલમાં રાષ્ટ્રીય આરોગ્ય નીતિ મંજૂર કરી.

જાન્યુઆરી-2015માં સરકારે પહેલી વાર નીતિનો મુસદ્દો આરોગ્ય મંત્રાલયની વેબસાઈટમાં રાખ્યો, ટીપ્પણીઓ અને સૂચનો મંગાવ્યાં. મંત્રાલયને દેશભરમાંથી હજારો જેટલાં સલાહ સૂચનો આવ્યાં જેને અધ્યન કરી નવી રાષ્ટ્રીય આરોગ્ય નીતિમાં સંકલિત કર્યું. રાષ્ટ્રીય આરોગ્ય નીતિમાં પૂર્વગઠીત સાર્વત્રિક આરોગ્ય સંભાળ માટે ઉચ્ચ સ્તરીય નિષ્ણાંત જૂથ (2010-11)ની ભલામણો પણ સામેલ કરવામાં આવી છે. આ જૂથ, જવાહરલાલ નેહરૂ અને સર જોસેફ ભોરનાં અધ્યક્ષ સ્થાને પૂર્વગઠીત કમિશનોનાં ભલામણોનો પણ અધ્યન કર્યો હતો. બધી જ કમીટીઓ અને હાલની નીતિ 'પ્રાથમિક આરોગ્ય સંભાળ' સામાન્ય લોકોના ઘર સુધી પહોંચે તેના ઉપર ભાર મુકે છે.

### 'રાષ્ટ્રીય આરોગ્ય નીતિ'માં મહત્ત્વની લાક્ષણિકતાઓઃ

### નવી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ ૨૦૧૭

જાન્યુઆરી 2015માં કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયે નીતિનો મુસદ્દો વેબસાઈટ પર મુકી ભારતના તમામ નાગરિકોને આમંત્રણ આપ્યુ કે તે વાંચે અને પોતાના મંતવ્યો આપે. મંત્રાલયનાં કહેવા મુજબ દેશભરમાંથી એટલી બધી ભલામણો આવી કે છ મહિના સુધી તેની છણાવટ કરવા માટે કામ કરવુ પડ્યું. દેશના લોકો પોતાના સ્વાસ્થ્ય માટે આટલો રસ લે છે તેની કલ્પના જ નહોતી. તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રીએ અને તેમનાં મંત્રીમંડળે આ આરોગ્ય નીતિ સ્વીકારી છે અને હવે ધીમે ધીમે આ નીતિ અમલમાં મુકશે. તો આ નીતિમાં આપણાં માટે શું તે જોઈ લઈએઃ

1. સૌથી અગત્યનો મુદ્દો છે કે સ્વાસ્થ્ય સેવા દરેક નાગરિકને મળશે. સાવર્ત્રિક આરોગ્ય (Universal Health) જેમાં હવે દેશના કોઈ નાગરિક કે કામદાર બાકાત નહી રહે, ભલે તે એપીએલ હોય કે બીપીએલ.
2. જો સાર્વત્રિક સ્વાસ્થ્ય સેવા પુરી પાડવી હોય તો તેના માટે યોગ્ય બજેટ અને નાણાંકીય સગવડ હોવી જરૂરી છે. આનંદની વાત એ છે કે નવી નીતિમાં સ્વાસ્થ્ય માટે બજેટ વધારવાની વાત માટે બજેટ ફાળવવા સરકારે પાંચ વર્ષમાં યોગ્ય ફાળવણી કરવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે જીડીપીના માત્ર 1.2 ટકા સાર્વજનિક સ્વાસ્થ્ય પર ખર્ચાય છે જે વર્ષ 2025માં બમણા થઈને 2.5 ટકા થશે.
3. પ્રાથમિક આરોગ્ય સેવા પર જ વધુ ભાર મુકવામાં આવશે.
4. બજેટના બે-તૃતિયાંશ પ્રાથમિક આરોગ્ય સેવા પર જ ખર્ચાશે જેથી ઘરઆંગણે અને શ્રમજીવી કામદારોની નજીક આરોગ્યની સગવડો ઉપલબ્ધ થશે. ખાસ સબસેન્ટર અને પ્રાથમિક આરોગ્ય ઉપરાંત આરોગ્ય સુખાકારી કેન્દ્ર બનાવવામાં આવશે.
5. આવા આરોગ્ય કેન્દ્રમાંથી રસીકરણ, સગર્ભા બહેનોની તપાસ, કુટુંબ કલ્યાણ, ચેપી, બિનચેપી રોગોની તપાસ અને સારવાર, માનસિક સ્વાસ્થ્ય માટે પણ સુવિધા મળશે. ખાસ નોંધનીય વાત એ છે કે પહેલી વખત જ વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્યને પ્રાધાન્ય અપાયું છે.
6. દરેક કુટુંબને એક આરોગ્ય કાર્ડ મળશે, જેથી આ બધી સુવિધાઓ એમને મળતી થાય.

7. દરેક નાગરિકને જીવન રક્ષણની મફત દવાઓ તથા લેબોરેટરી ટેસ્ટની સગવડ મળશે.

8. આયુર્વેદ, યુનાની સુવિધા અને હોમિયોપેથીને પણ પ્રાધાન્ય આપવામાં આવશે અને આ પ્રકારની તબીબી સેવા ગામ અને ચાલી સુધી ઉપલબ્ધ થશે અને સાથે-સાથે યોગનો પણ પ્રચાર થશે.

9. ગંભીર બિમારીની સારવાર માટે જિલ્લા અને રાજ્ય કક્ષાની હોસ્પિટલમાં મૂડીરોકાણ કરીને સુધારો કરવામાં આવશે જેથી અકસ્માત અને ગંભીર રોગો સામે યોગ્ય સારવારની સેવાઓ મળે.

10. દરેક ભારતીયને આરોગ્ય સેવા મળે તે માટે માનવશક્તિની જરૂર તો ખરી, આ નીતિએ એક નવી આરોગ્ય હરોળ સૂચવી છે, જે આરોગ્ય સેવાના વહીવટની જવાબદારી લેશે. આમ, ડોકટરો ઈલાજ ઉપર ધ્યાન આપશે જ્યારે બધા સુધી આરોગ્ય સેવા પહોંચે તેની જવાબદારી આ નવા મેનેજરોની હરોળની રહેશે.

11. સવિશેષ ગામ અને ચાલીના સ્તરે વધુ આરોગ્ય કાર્યકરોની જોગવાઈ કરશે. જેમ કે 'આશા' અને 'મલેરિયા વર્કર' વગેરે. વિશેષમાં કુશળ આશાવર્કર નર્સ અને તેના માટે પણ સુવિધા છે જેથી કરીને ગામડાંના બહેનો ભણીને આગળ આવે. એક નવા ગ્રામીણ ડોકટરોની હરોળ પણ તૈયાર કરવામાં આવશે જે સામાન્ય બીમારીઓ, ઘા પડે તો ટાંકા કે પાટાપીંડીનું કામ કરશે.

12. શહેરી નાગરિકોના સ્વાસ્થ્ય પર ખાસ ધ્યાન આપવામાં આવશે. ભારતમાં એક-તૃતિયાંશ લોકો શહેરમાં વસે છે. શહેરમાં મોટી હોસ્પિટલ સિવાય રોજબરોજની નાની નાની તકલીફો માટે કોઈ સગવડ નથી માટે શહેરોમાં પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઊભું કરવામાં આવશે.

13. ગંભીર અને ખર્ચાળ માંદગી માટે નવી આરોગ્ય નીતિમાં વીમાની પણ ભલામણ કરેલ છે પરંતુ આ ખાસ હોસ્પિટલમાં દાખલ થાય તેને જ ઉપલબ્ધ થઈ શકે છે.

14. આપણા દેશના 75 ટકા લોકો ખાનગી તબીબી સેવા મેળવે છે. કેટલાક શહેરોમાં સરકારી સેવાઓ ઉપલબ્ધ નથી અથવા ગુણવત્તાસભર નથી. જેથી ખાનગી હોસ્પિટલોને આરોગ્ય સેવામાં આવરી લેવામાં આવી છે. પરંતુ ખાનગી હોસ્પિટલમાં અમુક નિયમો અને સ્તરને વળગી રહેવુ પડે છે. જેમ કે, બિનજરૂરી દાખલ ન કરવા, અલગ અલગ રોગો માટે અલગ-અલગ ઈલાજના નિયમો અને કયા રોગ માટે કેટલી ફી લઈ શકે. આ તમામ વાતો ખાનગી આરોગ્ય ક્ષેત્ર સાથે વાર્તાલાપ અને વાટાઘાટો પછી જ નક્કી થઈ શકે જેથી બધાને શોષણ વિના ઓછા પૈસામાં સારી સગવડ મળે.

15. સરકાર ખાસ ટેકનોલોજીમાં વધુ રોકાણ કરશે, તમામ આરોગ્યના રેકોર્ડ કોમ્પ્યુટર દ્વારા સાચવી રખાશે અને એક નાગરિક તથા તેમના ડોકટર વિશે યોગ્ય સમયે એક દર્દીની તમામ આરોગ્યને લગતી માહિતી મળી શકે.

16. સરકારે સ્વીકાર્યું કે લોકોની ભાગીદારી વિના સ્વાસ્થ્યમાં સુધાર થશે નહીં માટે ગ્રામ્ય અને શહેરી મોહલ્લાસ્તરે સ્વાસ્થ્ય સમિતિ પર ભાર મૂકાયો છે. સરકારનું માનવુ છે કે જો આ સ્થાનિક સમિતિઓ સક્રિય થાય તો આરોગ્યને લગતુ કામ ઘરઆંગણે જ થાય. પંચાયતો પણ સ્વાસ્થ્યને લગતી જવાબદારીઓમાં છે. 'સેવા'નો આપણો અનુભવ દર્શાવે છે કે જ્યાં સુધી સ્થાનિક લોકો પોતે જ પ્રાથમિક આરોગ્યની જવાબદારી નહીં લે ત્યાં સુધી આપણું સ્વાસ્થ્ય સુધરી શકે નહીં અને તેમાં પણ બહેનોની સહભાગીદારીથી દેશમાં લોકોની આરોગ્યની સ્થિતિ વધુ મજબૂત બનશે.

17. સ્વાસ્થ્યનો સુધાર માત્ર તબીબી સેવાઓથી જ નહીં આવી શકે તે નવી આરોગ્ય નીતિ સ્પષ્ટ સ્વીકારે છે. તેથી નીતિ ભલામણ કરે છે કે સંકલિત સેવાઓ અનિવાર્ય છે. પોષક આહાર, બાલસેવા, ગટર-પાણીની સુવિધા, સ્વચ્છતા અભિયાન વગેરે અંગે નવી આરોગ્ય નીતિ સૂચવે છે કે, આરોગ્ય મંત્રાલય બીજા મંત્રાલયો સાથે સંકલન કરીને આરોગ્ય પર સીધી અસર થાય તે રીતે કામ કરશે. હાલમાં શિક્ષણ ક્ષેત્રની જેમ સર્વે માટે આરોગ્ય એક અધિકાર છે એ કાયદો હાલ પૂરતો લાવવો નહીં, એવું સરકારનું મંતવ્ય છે. કારણ કે સરકાર માને છે કે પહેલાં મૂળભૂત આરોગ્ય સેવા પહોંચાડીએ તો ખરા પછી ધીમે ધીમે અધિકારો આપીશું.

## રાષ્ટ્રીય આરોગ્ય નીતિમાં સામાન્ય લોકો માટે તકો

1. પ્રાથમિક આરોગ્ય સારવાર લોકોના ઘર સુધી પહોંચે, આથી સેવાઓ સરળ, સમયસર અને ઓછા મૂલ્યમાં મળે.

2. બિનસંચારી રોગો જેમ કે, કેન્સર, ડાયાબીટીસ, વ્યવસાયીક રોગ, માનસિક સ્વાસ્થ્ય અને અન્ય વિકલાંગતાનું શરૂઆતમાં તપાસ થશે જેથી જીવન બચાવ થઈ શકે.

3. અમુક આવશ્યક દવાઓ અને રોગ નિદાન તપાસ નિશુલ્ક મળશે જેથી લોકોની બચત થઈ શકે.

4. મહિલા આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય જેવા વિષયનું પ્રમુખ

સ્થાન આ નીતિમાં છે જેથી વર્ષોથી ઉપેક્ષિત સ્વાસ્થ્ય પ્રશ્નોનો ઉકેલ મળશે.

5. સ્થાનીક આરોગ્ય કાર્યકર જેવાં કે નર્સ, પુરુષ આરોગ્ય કાર્યકર, આશા અને આ ઉપરાંત ગ્રામીણ ડોક્ટરનું નવી કાર્ડરની જોગવાઈ નાગરિકોને રોજગારીની તક આપશે અને સ્વાસ્થ્ય સેવા સુધી પહોંચવા માટે મદદ થશે.

6. ગ્રામસભા અને સ્થાનીક આરોગ્ય સમિતિઓનું કામ સ્વાસ્થ્ય સેવાને લોકો સુધી પહોંચાડવા માટે મદદ કરવાનું રહેશે. આ માટે નાગરીક સમાજ, પંચાયત અને આરોગ્ય સમિતિનાં ક્ષમતાવર્ધન કરવાની એક તક છે.

7. નાગરીક સમાજ જ્યારે સ્થાનિક લોકોનું સંગઠન બનાવશે અને આ સંગઠનો આરોગ્ય સમિતિમાં પ્રતિનિધિત્વ કરશે ત્યારે આરોગ્ય સેવાની ગુણવત્તા અને પારદર્શિતા વધશે.

8. ગરીબ અને વંચિત લોકોને સંગઠીત કરવા માટે જાહેર આરોગ્ય કાર્યક્રમ એક મુદ્દો બની શકે.

9. ઓછા ખર્ચ અને નિઃશુલ્ક આવશ્યક દવાઓનું આઉટલેટ સમુદાય આધારિત સંસ્થાઓને પણ આપી શકાય જેને એન.જી.ઓ. જેવી સંસ્થાઓ સહયોગ પણ કરી શકે, જેથી દવાઓ લોકો સુધી સરખી રીતે પહોંચી શકે.

10. રાષ્ટ્રીય આરોગ્ય નીતિનાં અમલીકરણ માટે અન્ય રાષ્ટ્રીય કાર્યક્રમોનું સંકલન અને જોડાણ કરવું જરૂરી છે, જેમ કે આંગણવાડી (ICDS), પાણી અને સ્વચ્છતા, પોષણ, આજીવિકા, આવાસ જેવા કાર્યક્રમ સાર્વત્રિક આરોગ્ય પ્રાપ્ત કરવા માટે મંચ પુરો પાડી શકે.

11. રાષ્ટ્રીય આરોગ્ય નીતિ નીચે પાયામાંથી સંચાલન કરવા પર ભાર આપે છે જેથી નાગરીક સંસ્થાઓને સરકાર સાથે જોડાઈને કામ કરવા માટે એક તક બને છે. આથી યુવાપેઢીને આરોગ્ય અંગે જાગૃતી, શિક્ષણ અને કાર્ય માટે તક મળશે.

12. ઉચ્ચ સ્તરીય સારવાર મેળવવા માટે સરકારનાં આરોગ્ય પ્રબંધકો, સુવિધાઓ અને ધોરણસર સારવાર, કિંમત માર્ગદર્શિકા પર નિયમન ફાયદાકારક થશે. આથી આરોગ્ય સેવામાં ગુણવત્તા અને પારદર્શિતા રહેશે.

રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો અમલ કરવા માટે સરકાર, નાગરિક સંસ્થાઓ, ખાનગી સંસ્થાઓ અને કોર્પોરેટ સાથે મળીને કામ કરે, એ આવશ્યક છે.

■

# અધિકાર પ્રાપ્તિની મંત્રણા માટે સામાજિક કરાર
## જ્ઞાતિગત માળખા હેઠળં બદલાઈ રહેલાં પાસાંઓ

**– 'ઉન્નતિ'ના કાર્યકરોની આંતરિક ચર્ચાના અંશો**

સામાજિક માળખું, વ્યવસ્થાતંત્ર, સંસ્કૃતિ તથા અર્થતંત્ર સહિત પરિવર્તન પામતી વિવિધ લાક્ષણિકતાઓ સાથે જ્ઞાતિ બહુઆયામી જોડાણ ધરાવે છે. પરિવર્તન પામતી આ લાક્ષણિકતાઓ પાછળ મુખ્યત્વે શહેરીકરણ, ઔદ્યોગિકરણ, સુધારાવાદી ચળવળો, હક્કો આધારિત કાર્ય વ્યવસ્થા તથા લોકશાહીકરણની પ્રક્રિયાઓ જવાબદાર હોય છે. આથી જ જ્ઞાતિ એ સમાજશાસ્ત્ર માટે અધ્યયનનો મુખ્ય વિષય રહે છે. ડન્કન ગ્રાસે તેમના પુસ્તક ફ્રોમ પોવર્ટી ટુ પાવરઃ 'હાઉ એકટીવ સિટીઝન્સ એન્ડ ઈફેક્ટીવ સ્ટેટ્સ કેન ચેન્જ ધ વર્લ્ડ' (ગરીબી થી સત્તા સુધીઃ કેવી રીતે સક્રિય નાગરિકો અને અસરકારક રાજ્ય વિશ્વને બદલી શકે છે) માં અધિકારોની પહોંચ કેવી રીતે સશક્તિકરણ કરે છે તે સમજાવે છે. અધિકારો મળવાથી લોકો, સત્તા સમક્ષ પોતાની માંગણી કરવા સક્ષમ બને છે. જ્યારે પણ દેશ અને રાજ્યો, વંચિત લોકોને હક્કો આપવાની બાંયધરી આપે છે, ત્યારે નાગરિકો અને રાજ્ય વચ્ચે નવા 'સામાજિક કરાર'નું સર્જન થાય છે અને એથી જ્ઞાતિગત ઓળખ, સક્રિય નાગરિકની ઓળખમાં વિલીન થઈ જાય છે. વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિની ભાષા, સાંસ્કૃતિકરણ તથા જ્ઞાતિગત વિસ્તરણ વગેરે દ્વારા કોઈપણ જ્ઞાતિની પરિવર્તીત થતી લાક્ષણિક્તાઓને સ્પષ્ટપણે પ્રદર્શિત કરે છે.

લોકશાહી રાજ્યવ્યવસ્થામાં, 'યજમાની પ્રથા' જેવો અન્ય જ્ઞાતિ આધારિત અસમાનતાના અન્ય ધોરણો, સ્થાપિત પ્રથાઓને રાજ્ય તથા નાગરિક વચ્ચેના સામાજિક કરાર દ્વારા ઓળખ પ્રાપ્ત થતી નથી. અહીં 'નાગરિકત્વ' એક નવા સામાજિક કરાર તરીકે ઉભરે છે.

અહીં, જ્ઞાતિ વ્યવસ્થામાં સૌથી નીચેના સ્તરની જ્ઞાતિઓના જ્ઞાતિ લક્ષણોમાં લોકશાહીકરણ, જ્ઞાતિ આધારિત રાજકીય દાવા, ધાર્મિક સુધારાલક્ષી ચળવળો સાથે જોડાણ, અધિકારલક્ષી સંગઠનમાં જોડાણનું અધ્યયન કરવા પ્રયત્ન કર્યો છે. જ્ઞાતિ વ્યવસ્થામાં સૌથી નીચેની હરોળના અને પોતાના અધિકારો મેળવવામાં વંચિત રહી ગયેલા સમુદાયો દ્વારા મેળવેલ રાજકીય માન્યતાને ત્રણ પ્રકારની ધાર્મિક ચળવળનાં સંદર્ભમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

માયાવતીના નેતૃત્વમાં બહુજન સમાજ પાર્ટી દ્વારા થયેલ પરિવર્તનની કામગીરીને, 'રાધાસ્વામી', 'ડેરા સચ્ચા સૌદા' અને 'સ્વાધ્યાય પરિવાર' જેવી ચળવળોના સંદર્ભને સમજવામાં આવ્યો છે.

અહીં લેખકે ભારતમાં જ્ઞાતિ પ્રથાની બદલાતી સ્થિતિને કોઈ તાત્વીક અભ્યાસ તરીકે નહીં પરંતુ વિકાસલક્ષી સામાજિક કાર્યકર અને સામાજિક પ્રક્રિયાના અવલોકનકાર તરીકે રજૂ કરીએ છીએ.

### રાજકીય પ્રતિનિધિત્વ થકી જ્ઞાતિ માળખામાં પરિવર્તન

'બહેનજી' તરીકેની નવી ઓળખ દ્વારા માયાવતીએ રાજકીય દાવા થકી જ્ઞાતિ વ્યવસ્થાની ઊંચ-નીચની માન્યતાને બહુજન સમાજ પાર્ટીએ પડકારી છે. બ્રાહ્મણવાદી ચિત્ર ઉપસાવતી સાડીમાં સજ્જ તથા કથિક ઉચ્ચ જ્ઞાતિની ભારતીય નારીથી વિપરીત માયાવતીના પોષાક અને વ્યવહારે ભારતના રાજકારણમાં એક ભિન્નતા પેદા કરી છે. એટલું જ નહિ, રાજનીતિમાં પ્રવેશેલી મોટાભાગની મહિલાઓ સાડીનો પાલવ માથે વીંટાળી સમાજમાં પ્રસ્થાપિત વડીલોની આમાન્યા રાખવાની રીત સાથે પોતાને વિવેકી અને નમ્ર વ્યક્તિત્વ ધરાવતી દર્શાવે છે કે જે દેશની પરંપરાગત  નેતાગીરી સાથે સુમેળ ધરાવે છે. જ્યારે માયાવતી કયારેય સાડી પહેરતાં નથી. ઉલ્ટાંના તેઓ સલવાર કમીઝ ઉપર ગળાના ફરતે પોતાનો દુપટ્ટો વીંટાળે છે. વળી માયાવતીએ જાહેર સ્મારકો પાછળ લખખૂટ ખર્ચો કરીને ભારતના નાગરિક સમાજ, ન્યાયતંત્ર અને પોતાના વિરોધીઓનો રોષ વહોર્યો છે. તેઓ ધારત તો શાળા-કોલેજ, યુનિવર્સિટી, સરકારી યોજનાઓ, માર્ગો વગેરેને દલિત નેતાઓના નામ સાથે જોડી દઈ બુધ્ધિજીવી વર્ગની ટીપ્પણીઓમાંથી બચી જઈ શક્યા હોત. પરંતુ પત્થર જેવાં અમૂર્ત માધ્યમ થકી દલિત સમુદાય અને તેની છબિઓને ચીરસ્થાયી બનાવવાના માયાવતીના પ્રયત્નોને નોંધવામાં ટીકાકારો થાપ ખાઈ ગયા છે. પત્થર અને વૈભવી સ્મારકોને માધ્યમ બનાવી માયાવતીએ દેશની મુખ્યધારાના સાંસ્કૃતિક રાજકારણમાં દલિત રાજકીય માન્યતા ને સુનિશ્ચિત કરી દીધી છે. ત્રીજી ઓક્ટોબર 2010ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં છપાયેલા લેખમાં સ્વામિનાથન એસ. અંકલેશ્વરીયા ઐયરે લખ્યુ છે, કે માયાવતીના શાસનકાળ દરમ્યાન અસ્પૃશ્યતાની પ્રથામાં નોંધપાત્ર બદલાવ આવ્યો છે. કથિત ઊંચી જ્ઞાતિના લગ્નોમાં દલિતો માટે અલગ બેઠક વ્યવસ્થા રાખવાના ચલણમાં પ્રમાણમાં ઉત્તરપ્રદેશના પૂર્વભાગમાં 77.3 ટકાથી ઘટીને 8.9 ટકા થયું હતું અને પશ્ચિમ

ભાગમાં તે 73.1 ટકાથી ઘટીને 17.9 ટકા થયું હતુ. બિનદલીત સમુદાયો દ્વારા દલિત ઘરોના ખોરાક અને પાણી સ્વીકારવાની ટકાવારી પૂર્વભાગમાં 1.7 ટકાથી વધીને 72.5 ટકા અને પશ્ચિમ ભાગમાં આ પ્રમાણ 3.6 ટકાથી વધી 47.8 ટકા થયું છે. બંધુઆ મજૂરની પ્રથા લગભગ નહિવત બની છે. જે 32.1 ટકાથી ઘટીને 1.1 ટકા જેટલું નજીવું થઈ ગયું હતું. દલિતો દ્વારા થતી ભાગીયા ખેતીની ટકાવારી પૂર્વમાં 16.7 ટકાથી 31.4 ટકા જ્યારે પશ્ચિમમાં 4.9 ટકાથી વધીને 11.4 ટકા થઈ હતી. પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં માત્ર દલિતો દ્વારા જ મરેલા ઢોર ઉઠાવવાની કામગીરી 72.6 ટકાથી ઘટીને 5.3 ટકા થઈ હતી. સ્થાનિક સ્તરે બિન-પરંપરાગત વ્યવસાયો જેવા કે કડિયા, દરજી કે ડ્રાઈવર જેવા કામો કરતા દલિત પરિવારોનું પ્રમાણ રાજ્યના પૂર્વભાગમાં 14 ટકાથી વધીને 37 ટકા થયું હતું. બિનપરાંપરાગત વ્યવસાયમાં આ પ્રમાણ પશ્ચિમ ભાગમાં 9.3 ટકાથી વધીને 42.1 ટકા જેટલું થયું છે. એટલું જ નહિ, સૌથી ક્રાતિકારી બદલાવ એ નોંધાયો છે કે ધંધા રોજગાર કરતા દલિત પરિવારોનું પ્રમાણ પૂર્વમાં 4.2 ટકાથી વધીને 11 ટકા અને પશ્ચિમમાં 6 થી વધીને 36.7 ટકા જેટલું વધ્યું હતું.

પ્રસૂતિ કરાવવામાં અને બાળકોને શાળાઓમાં પ્રવેશ આપવામાં થતા ભેદભાવમાં પણ બદલાવ જોવા મળ્યો હતો. 1990 ના દાયકામાં દલિત મહિલાઓને એ.એન.એમ. જેવા સરકારી આરોગ્ય સેવકો દ્વારા આરોગ્ય કેન્દ્રમાં પ્રસૂતિઓનો લાભ મળતો ન હતો. પૂર્વ ઉત્તરપ્રદેશમાં આરોગ્ય સેવા પૂરી પાડનારાઓની હાજરી એકદમ વધીને 1.1 ટકા થી 89.9 ટકા જેટલી થઈ હતી. અગાઉ બિનદલિત સરકારી દાયણ ભાગ્યે જ દલિત ધરોમાં પ્રસૂતિ કરાવવા માટે જતી હતી. પરંતુ આ પ્રમાણ વધીને પૂર્વમાં 3.4 ટકાથી 53.4 ટકા થયું હતું અને પશ્ચિમમાં શૂન્યથી વધીને 3.6 ટકા થયું હતું. (જો કે તે હજી ઘણું જ નીચું છે). બીજી તરફ, શાળામાં પ્રવેશ મેળવવાનું પ્રમાણ પૂર્વમાં 28.8 ટકાથી વધીને 63.4 ટકા અને પશ્ચિમમાં 21.7 ટકાથી વધીને 65.7 ટકા થયું હતું. છોકરીઓનું શાળાકીય શિક્ષણ મેળવવાનું પ્રમાણ પૂર્વમાં 10 ટકા હતુ. જે વધીને 58.7 ટકા થયું અને પશ્ચિમમાં આ પ્રમાણ 6.8 ટકાથી વધીને 56.9 ટકા થયું હતું.

સામાજિક સ્વીકૃતિ સ્વરુપે દલિતો ઉચ્ચ જ્ઞાતિની વપરાશની પધ્ધતિઓ અપનાવી રહ્યા છે. દલિત સમુદાયોનાં ટૂથ પેસ્ટ, શેમ્પુ અને બોટલમાં મળતા (વાળ માટેના) તેલનો વપરાશ વધ્યો છે. અગાઉ ઉત્તર પ્રદેશના પૂર્વભાગમાં ફક્ત એક તૃતીયાંશ અને પશ્ચિમના લગભગ નહિવત્ દલિતોમાં લગ્નોમાં કાર કે જીપનો ઉપયોગ થતો જ્યારે આજે લગભગ તમામ દલિત પરિવારો આ વાહનનો ઉપયોગ કરતા થયા છે. તેઓમાં જાનૈયાઓને જમણમાં લાડુ પીરસવાનું પ્રમાણ પૂર્વભાગમાં 33.6 ટકા હતુ અને પશ્ચિમમાં 2.7 ટકા હતું, તે વધીને બન્ને ભાગોમાં લગભગ 100 ટકા થઈ ચૂક્યું છે. (પૂર્વીય જીલ્લાઓમાં ગાઝીપુર, મિરઝાપુર, જૌનપુર, આઝમગઢ અને વારાણસી અને પશ્ચિમી જિલ્લાઓમાં અલીગઢ, બિજનૌર, મુઝફ્ફરનગર અને મેરઠનો સમાવેશ થાય છે.)

ઈ.પી. ડબલ્યુ ના દેવેશ કપૂર, ચંદ્રભાણ પ્રસાદ, લેન્ટ પ્રિચેટ્ટ અને ડી. શ્યામબાબુ દ્વારા ઓગસ્ટ 2010 માં લિખિત લેખ, 'અસમાનતા પર પુર્નવિચાર - 'માર્કેટ રીફોર્મ'ના સમયમાં ઉત્તરપ્રદેશના દલિતો', અનુસાર 1990ના દાયકામાં દલિતોના જીવનધોરણની ગુણવત્તામાં સુધારો નોંધવામાં આવ્યો છે. આ સમયગાળો માયાવતીના ઉદય વિકાસના આ તબક્કામાં તેમની મહત્ત્વની ભૂમિકા દર્શાવે છે. અભ્યાસ અનુસાર, દલિતોની રહેણકરણી, ખોરાક તથા પ્રસંગોચિત વપરાશની પ્રણાલિઓમાં મહત્વના ફેરફારો થયા છે. જે ઉપલો (સામાજિક) દરજ્જો મેળવવા તરફનો મહત્વનો બદલાવ સૂચવે છે. જેમકે, શેરડીનો રસ અને 'રોટી ચટણી' જેવા ઓછા ખર્ચાળ ખોરાકના સ્થાને દલિતો હવે (કણકી નહીં આખા) ચોખા, તાજાં શાકભાજી અને મસાલાનો ઉપયોગ કરતા થયા છે. આ તાલુકાઓમાં યોજાતાં લગ્નોમાં હવે દલિતો માટે અલગ બેઠક વ્યવસ્થાનું પ્રમાણ નહિવત થઈ ગયું છે. અન્ય જ્ઞાતિના લોકો હવે દલિતો પાસેથી મરેલા ઢોરના નિકાલની અપેક્ષા નથી રાખતા. બિનદલિત દાયણો દ્વારા દલિતધરમાં પ્રસૂતિ કરાવવાનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે અને બિનદલિતો દ્વારા દલિત ઘરોની મહેમાનગતિ સ્વીકારવાનું પ્રમાણ પણ વધ્યું છે. ગામ બહાર અને ગામમાં, દલિતોનાં આર્થિક જીવનમાં ઘણો બદલાવ આવ્યો છે. દલિતો પણ હવે દરજી, કડિયા, ડ્રાઈવર તરીકે કામ કરે છે, પાન કે કરિયાણાની દુકાન ચલાવવાના વ્યવસાયોમાં ઝંપલાવે છે. કૃષિ આધારિત સંબંધમો પણ પરિવર્તન આવ્યું છે. લગભગ કોઈપણ દલિત હવે 'હળવાહા' જેવી બંધુઆ તરીકે આર્થિક ભાગીદારીમાં જોડાતો નથી. દલિતો પોતાની મજૂરી વેચવાને બદલે ઊંચી જ્ઞાતિના સમુદાયો સાથે ટ્રેકટરો અથવા જમીનોને કોન્ટ્રાક્ટના ધોરણે કામ હેઠળ લેવાનું પસંદ કરે છે. આમ, રાજકીય માન્યતા અને લોકશાહીમાં પ્રતિનિધિત્વના પગલે જ્ઞાતિગત ઊંચ-નીચની દાવેદારી પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે.

## નવા ધાર્મિક સંપ્રદાયો દ્વારા આરંભાયેલી સામાજિક સુધારણાના પગલે જ્ઞાતિપ્રથામાં પરિવર્તન

'રાધાસ્વામિ'એ એક આધ્યાત્મિક ચળવળ છે. જેનું અનુસરણ દેશના વિવિધ ભાગોમાં કરવામાં આવે છે. તેમાં નીચી જ્ઞાતિના જૂથો પણ જોડાય છે. જેમણે માંસાહારનો ત્યાગ, દારૂ અને નશીલા પદાર્થો ત્યજવાનો, ઉચ્ચ નૈતિક જીવન જીવવાનો અને શબ્દ-યોગ ધ્યાનમાં સક્રિય થવાના નિર્દેશો આપવામાં આવે છે.

અન્ય એક આંદોલન 'સ્વાધ્યાય' તરીકે પ્રચલિત થયું જેનું પ્રચલન સ્વ. આઠવલે દાદા (આ. પાંડુરંગ શાસ્ત્રીજી) દ્વારા કરવામાં આવ્યું. તેઓની ફિલસૂફીમાં કર્મ અને ભક્તિ ને સંયૂકત નવી ઓળખ આપી, પરંપરાગત વ્યવસાય આધારિત જૂથોને ઉદેશવામાં આવ્યા. આઠવલે દાદાના આ સ્વાધ્યાય આદોલને, માનવ અસ્તિત્વના - સામાજિક, આર્થિક, ભાવનાત્મક, રાજકીય અને અંતતઃ આધ્યાત્મિક એમ પાંચેય પરિમાણોને પ્રભાવિત કર્યા. સ્વાધ્યાય પરિવારમાં માછીમારો અને ખેડૂતોથી લઈને રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ સુધી સૌનો સમાવેશ થતો હતો. આઠવલે દાદા તરીકે લોકપ્રિય દાદાજીની 70મી વર્ષગાંઠ નિમિતે મુંબઈની ચોપાટી પર પાંચ લાખથી પણ વધુ સ્વાધ્યાયીઓ એકત્ર થયેલા. આ પ્રસંગે અમીર-ગરીબ, ઊંચ-નીચ વગેરેના ભેદભાવ વિના વિવિધ જ્ઞાતિના લોકો 'ખરા સ્વાધ્યાયી' તરીકે મુક્ત મને એકબીજા સાથે હળ્યા-મળ્યા હતા. આ આંદોલન દ્વારા કર્મકાંડી જ્ઞાતિ વ્યવસ્થા માનવગરિમાના ઉત્સવમાં પરિવર્તીત થઈ હતી. સ્વાધ્યાય આંદોલને સમાનતા લાવવા હેતુસર કેટલાય પ્રયોગો કરેલા. જેવા કે, યોગેશ્વર કૃષિ (સ્વાધ્યાયી દ્વારા સામૂહિક ખેતી), મત્સ્યગંધા (માછીમારો દ્વારા સામૂહિક નાણાંભડોળનું નિર્માણ), વૃક્ષમંદિર (બાગાયતી) અમૃતાલયમ (મૂર્તિવિહિન મંદિરો જ્યાં ગામવાસીઓ નાત-જાતના ભેદભાવ વિના સાંજે સાથે મળીને પ્રાર્થના કરતા) વગેરે. આ પ્રયોગો દ્વારા સ્વાધ્યાયીઓમાં સમાનતાનો વિકાસ થયો. જેના કારણે સ્વાધ્યાય પરિવારોના ગામોમાં વ્યક્તિગત અને સામુદાયિક સ્તરે આર્થિક સ્થિતિમાં પણ નોંધપાત્ર સુધારો થયો હતો.

**ડેરા સચ્ચા સૌદાઃ** ડેરા સચ્ચા સૌદા એ જ્ઞાતિ આધારિત ભેદભાવના અમર્યાદ ફેલાવાની સામે મઝહબી અને રવિદાસ પંથીઓ વચ્ચે પ્રતિક્રિયા સ્વરૂપે ઊભું થયેલું આંદોલન હતું. મૂળભૂત રીતે તો શારીરિક શ્રમના મહત્વ તથા જ્ઞાતિ આધારિત ભેદભાવનો વિરોધ કરતા શીખ સંપ્રદાયનો ઉદય થવા છતાં, સામાજિક બહિષ્કાર અને સામાજિક-આર્થિક બન્ને રીતે અસમાનતાનું ચલણ વ્યાપક રહેતાં તેના વિરોધમાં આ પ્રકારના ડેરાઓ મોટી સંખ્યામાં ઊભા થવા લાગ્યા. ડેરાના અનુગામીઓમાં તમામ જ્ઞાતિના લોકોનો સમાવેશ થતો હતો. છતાં પણ મોટાભાગે તેમાં દલિત અને પછાત જ્ઞાતિના લોકો વધારે રહેતા કે જેઓ આર્થિક રીતે પણ પછાત રહી ગયેલા હતા. સમતાવાદી ઉપદેશના કારણે તેઓ ડેરા તરફ આર્કષાયેલા, આ ડેરાઓ પોતાના ઉપદેશમાં સામાજિક પ્રતિકારના બહુ સાદા છતાં એવા તીવ્ર પરિબળોનો સમાવેશ કરતા કે જે લાંબાગાળે ક્રાતિકારી લોકચેતનાના ઉદય માટેનો પાયો પુરવાર થાય. તેમાં કેટલાક ડેરાઓએ શાળાઓ અને આરોગ્યકેન્દ્રોની સ્થાપના કરી. જેના દ્વારા નીચલી જ્ઞાતિઓના ગરીબ બાળકોને શિક્ષણ અને આર્થિક સહાય પૂરી પાડી તેઓ સક્ષમ બને, સ્વરોજગાર ઊભો કરી શકે, સ્વમાનભેર જીવે તથા પોતાના પરિવારોને ગૌરવપ્રદ જીવન પુરુ પાડી શકે. પંજાબના એક લોકપ્રિય રવિદાસી ડેરા ડેરા સચ્ચખંડ બલાને દલિતોની ચેતના જાગૃત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. 1920ની અદ-ધર્મ ચળવળ અને રવીદાસ ડેરાઓએ પંજાબમાં દલિત લોકચેતના જાગૃત કરવામાં ઐતિહાસિક ભૂમિકા ભજવી છે.

આ અદ-ધર્મ ચળવળે નીચલી જ્ઞાતિના લોકોને એક અલગ ધાર્મિક ઓળખ પૂરી પાડી હતી. આર્થિક રીતે સુધરેલી સ્થિતિ તથા જાગૃત થયેલી સામાજિક ચેતનાના પરિણામે દલિતો પોતાના સહગામી સામાજિક દરજ્જામાં ઉત્થાનની માંગણી કરતા થયા અને સંભવતઃ તેના કારણે જ તેઓ પોતાને સામાજિક સમાનતા અને સન્માન આપતા વૈકલ્પિક સંપ્રદાયો તરફ ખેંચાવા લાગ્યા. આ દરમ્યાન તેઓ, પ્રભુત્ત્વ ધરાવતી જ્ઞાતિઓને પણ પડકારવા લાગ્યા.

સામાજિક બાદબાકીની સાથોસાથ ભૂમિહીનતા અને રાજકારણમાં હાંસિયામાં હોવાને કારણે સ્વમાન અને સમાનતાનું વચન આપતા ડેરાઓ તરફ દલિતો આકર્ષાયા. જો કે દલિતોને મળતી થયેલી ઓળખ, દઢપણે લેવાયેલાં હકારાત્મક પગલાંઓ, નાણાંકીય સહાયો અને આર્થિક સ્તરે પ્રાપ્ત થયેલા વિકલ્પોના કારણે તેઓમાં સમાનતાની ભાવના જાગૃત થઈ જેથી સ્થાનિક તથા દેશના સત્તાના માળખામાં પોતાની હિસ્સેદારી માટે પ્રેરિત થયા. જો કે તે માટે તેઓને પ્રભાવી જ્ઞાતિઓના આકરા પ્રતિરોધનો સામનો કરવો પડ્યો.

## હક્કો આધારિત જનચેતના અને લોકશાહીકરણ દ્વારા જ્ઞાતિનું નાગરિકત્વમાં રૂપાંતરણ

મનરેગા, માહિતી અધિકાર, વન અધિકાર, શિક્ષણનો અધિકાર, અન્નસુરક્ષા, વિસ્થાપનની સમસ્યા વગેરે મુદ્દાઓ માટે જાગૃતિ જન-ચેતના અને સંગઠનોમાં થયેલ વૃદ્ધિને કારણે જ્ઞાતિ આધારિત ઓળખની નવી તટસ્થ નાગરિકની ઓળખ મળી છે. મનરેગામાં સામાજિક ઓડિટમાં શ્રમિકોને (જે મોટાભાગે જ્ઞાતિ વ્યવસ્થામાં નીચેના સ્તરના હોય છે) તેમને પોતાનો અવાજ ઉઠાવવાની તક સાંપડે છે. આ દર્શાવે છે કે નવો સામાજિક કરાર અભિવ્યક્ત થઈ રહ્યો છે. જે સરકારને 'માઈ-બાપ' તરીકે જોતા હતા તેને બદલે દેશનાં નાગરિકત્વ તરીકે જોવાય છે, જેમાં રાજ્ય એ ફરજ બજાવે છે અને નાગરિક અધિકારો મેળવે છે. આ બદલાવ લોકશાહીના અમલથી અધિકાર આપવાની ફરજમાં પરિણમે છે. બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકામાં આવા બદલાવ જોવા મળ્યાં છે.

છેલ્લા વીસ વર્ષથી પંચાયતીરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં અપાતા આરક્ષણે આ પ્રક્રિયાને વધુ મજબૂત કરી છે. સ્થાનિક રાજકારણમાં

દલિત અને અન્ય પછાત જ્ઞાતિઓને તેનાથી નવું લોકતાંત્રીક સ્થાન પ્રાપ્ત થયું છે. જ્યાં તેઓ પરંપરાગત ઉચ્ચ જ્ઞાતિના પ્રભાવીપણાને સ્થાને પોતાને પ્રસ્થાપિત કરી શક્યા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને કારણે નેતૃત્વમાં નિયમિત બદલાવ, વર્ષોથી ચાલતી અધિકાર અંગેની સંગઠિતતાને કારણે બદલાવ આવ્યો છે. ખાસ કરીને નીચલી જ્ઞાતિના લોકોમાં વ્યક્તિગત સ્વ-અભિવ્યક્તિનો મોકો મળ્યો છે. તાજેતરના વર્ષોમાં આંબેડકરવાદી દલિત કર્મશીલ (માર્ટિન મેક્વાન) અને ગાંધીવાદી (નારણભાઈ દેસાઈ) વચ્ચે સામાજિક સમાનતા લાવવા અને જ્ઞાતિ આધારિત ભેદભાવ દૂર કરવા હેતુ સર સંયુક્ત રીતે સંગઠિતતાના પ્રયાસોની રણનીતિને સમજવું પણ રસપ્રદ છે.

## જ્ઞાતિ આધારિત સમાજમાં અધિકારોની પ્રાપ્યતા

ભારતીય જ્ઞાતિ વ્યવસ્થામાં આવેલાં પરિવર્તનો હંમેશા સંસ્કૃતિકરણ, શહેરીકરણ, ઉદ્યોગીકરણ, સુધારાવાદી ચળવળો અને લોકશાહીકરણ જેવાં બાહ્ય પરિબળોથી પ્રેરિત રહ્યાં છે. પરિવર્તનનો વિરોધ અંદરથી જ, ખાસ કરીને 'ઉચ્ચ જ્ઞાતિ' દ્વારા જ કરવામાં આવ્યો છે અને તે માટે 'સાંસ્કૃતિક વિસંવાદિતા'ની પાંગળી દલીલ આગળ ધરવામાં આવી છે. ઉચ્ચ જ્ઞાતિઓનો આ વિરોધ કે પ્રતિકાર ઘણી વખત જ્ઞાતિનાં ધોરણોમાં ફેરફાર કરવાની હિંમત કરનાર વ્યક્તિ કે પરિવારને આપવામાં આવેલી સજા સ્વરૂપે પ્રતિબિંબિત થતો રહ્યો છે. આ એવી પ્રક્રિયા પણ છે, જેના દ્વારા ઉચ્ચ જ્ઞાતિઓ તેમની સત્તા અને દરજ્જો મજબૂત બનાવે છે.

જ્ઞાતિનાં કથિત ધોરણો કે નિયમોનો અનાદર કરનારી વ્યક્તિ 'ઓનર કિલીંગ'નો ભોગ બને છે. મોટાભાગે મહિલાઓ અને છોકરીઓ ઓનર કિલિંગનો ભોગ બનતી હોય છે. હત્યાની આવી ઘટનાઓ પાછળનાં મુખ્ય કારણો મુખ્યત્વે પહેરવેશ, શિક્ષણ, આંતરજ્ઞાતિય લગ્ન, પરિવારની મરજી વિરૂદ્ધનાં લગ્ન વગેરે હોય છે. રાષ્ટ્રીય મહિલા પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસ અનુસાર, ભારતમાં થતી ઓનર કિલીંગની 72 ટકા ઘટનાઓ આંતરજ્ઞાતિય લગ્નનું પરિણામ હોય છે. આ પ્રકારના બનાવો, સામાજિક નિયંત્રણનું સ્વરૂપ તથા ભયનું વાતાવરણ સર્જવાની પ્રયુક્તિઓના સ્વરૂપે હોય છે અને તેનો ઉદ્દેશ્ય લોકોને ડરાવીને સામાજિક ધોરણો તોડતાં અટકાવવાનો હોય છે. વળી આ રીતે સમાજ મહિલાઓની લૈંગિકતા પર, સ્ત્રીના સ્વયંના શરીર પરની તેની સ્વાયત્તતા પર અને પ્રજોત્પતિના તેના અધિકાર પર નિયંત્રણ મેળવવા માંગે છે. ગૌરવને મહિલાની લૈંગિકતા અને સુયોગ્ય (જ્ઞાતિ વ્યવસ્થા અનુસારની) સંતતિને જન્મ આપવાની ક્ષમતા સાથે સરખાવવામાં આવે છે.

જ્ઞાતિનાં ધોરણો તોડવા બદલ વ્યક્તિને તથા સમુદાયના વ્યવહાર માટેનાં પરંપરાગત ધોરણો તોડવા બદલ નિમ્નજ્ઞાતિને સજા કરવાની સત્તા 'ખાપ પંચાયત' તરીકે ઓળખાતી ઉચ્ચ જ્ઞાતિઓની જ્ઞાતિ પંચાયતને આપવામાં આવે છે. મુખ્ય નિયમ એ છે કે ખાપના તમામ છોકરાઓ અને છોકરીઓ ભાઈ-બહેન ગણાય છે. 'ખાપ પંચાયત' આસપાસનાં ઘણાં ગામડાંઓમાં વસતા સમાન ગોત્રના પરિવારો દ્વારા રચવામાં આવેલી 'ખાપ'નો વહીવટ કરે છે. ખાપ પંચાયતો મુખ્યત્વે હરિયાણા, પશ્ચિમિ ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના અમુક ભાગોમાં પ્રચલિત છે. ખાપ પંચાયતો કાર્યરત હોય તે વિસ્તારોમાં પ્રેમલગ્નને પ્રતિબંધિત ગણવામાં આવે છે. ખાપમાં રહેનારા લોકોને સમાન ગોત્રમાં કે તે જ ગામના કોઈપણ ગોત્રમાં લગ્ન કરવાની છૂટ નથી હોતી. ખાપ નિયમોનું ઉલ્લંઘન કરીને લગ્ન કરનારાં ઘણાં યુવા દંપતીઓ મોતને ભેટી ચૂક્યાં છે. લગ્નોમાં 'જ્ઞાતિ આંતરર્વિવાહ' (આતરતર્લગ્નપ્રથા) અને 'ગોત્ર બાહ્યવિવાહ' (બાહ્યલગ્નપ્રથા)નો નિયમ પ્રચલિત છે. કોઈપણ નીચલી જ્ઞાતિ જો ઉચ્ચ જ્ઞાતિ જેવો સામાજિક વ્યવહાર કે આચરણ કરવાની હિંમત કરે તો તેને દંડ ફટકારવામાં આવે છે, શારીરિક સજા કરવામાં આવે છે અને તેનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે છે. એવું ધ્યાન પર આવ્યું છે કે કેટલીક શાળાઓમાં ઉચ્ચ જ્ઞાતિની પંચાયત, નીચી જ્ઞાતિનાં બાળકોને સમાન માટલામાંથી પાણી પીવાની પરવાનગી પણ આપતી નથી.

ખાપ પંચાયત, સામાજિક બહિષ્કાર અને દંડ ફટકારવા જેવા આદેશો આપતી હોય છે અને મોટા ભાગના કેસોમાં કાં તો વ્યક્તિની હત્યા કરવામાં આવે છે કે પછી પીડિતને આત્મહત્યા કરવાની ફરજ પાડવામાં આવે છે. આ તમામ કૃત્યો ભાઈચારા અને ગૌરવના નામે આચરવામાં આવે છે. આ પરિસ્થિતિ પાછળ લોકતાંત્રિક રીતે ચૂંટાતી પંચાયતી રાજ સંસ્થાઓની નિર્બળતા અને ખાપ પંચાયતોની શક્તિશાળી હાજરી કારણભૂત છે. ખાપ પંચાયતોની સત્તાને નિયંત્રિત કરવા માટે સરકાર સુદ્ધાંએ કોઈ નક્કર પગલાં ભર્યાં નથી.

હરિયાણાનાં કેટલાંક ગામડાંઓમાં, ખાપના ચુકાદાઓ હેઠળ અવાર-નવાર યુવાન છોકરીઓને ડરાવવા-ધમકાવવામાં આવે છે, તેમની પજવણી કરવામાં આવે છે અને તેમની હત્યા પણ કરી દેવાય છે. કિશોરીઓને ઝેર પીવડાવીને કોઈપણ પોલીસ રેકોર્ડ વગર તેમના મૃતદેહને સળગાવી મૂકવો એ પરિવારો માટે સામાન્ય બાબત છે. ભાઈચારા અને બંધુત્વની તમામ જવાબદારી છોકરી પર નાંખવામાં આવે છે. છોકરીને જ 'ગામના ગૌરવ'ની રખેવાળ ગણવામાં આવે છે. છોકરાઓ માટે કેટલીક વખત નિયમોમાં છૂટછાટ આપવામાં આવે છે પણ છોકરીને કદી પણ નિયમ તોડવાની કે છૂટ લેવાની પરવાનગી અપાતી નથી. જો કોઈ છોકરો-છોકરી નાસી છૂટે, તો પરિવારોને માથે સામાજિક બહિષ્કાર અને લાખો રૂપિયાના દંડનું સંકટ તોળાય છે. એટલું જ નહીં, તે પરિવારની અન્ય સ્ત્રીઓએ પણ પજવણીનો સામનો કરવો પડે છે.

અંતમાં, જ્ઞાતિએ સામાજિક વ્યવસ્થામાં કાર્યરત હોય છે કે જે મૂળ સ્વરૂપે પિતૃપ્રધાન વ્યવસ્થા છે. જ્ઞાતિના માળખામાં અને જ્ઞાતિગત વ્યવહારમાં પરિવર્તન કરવા સામે જ્ઞાતિમાળખાંમાંથી જ વિરોધ થાય છે. શુદ્ધ ગણાતા વ્યવહારને લગતી સાંસ્કૃતિકરણની પ્રથા દ્વારા સામાજિક અને ધાર્મિક સુધારાની ચળવળોથી જ્ઞાતિમાળખામાં બદલાવ આવ્યા છે. જો કે, આ બદલાવ કેવળ પરિવર્તનની સ્વધારણા છે. સાંસ્કૃતિકરણની પ્રક્રિયામાં કહેવાતી કથિત નીચલી જ્ઞાતિના લોકો કથિત ઉપલી જ્ઞાતિના લોકોના રિવાજો, આદતો, પહેરવેશ, ખાન-પાન વગેરેનું અનુકરણ કરે છે, જે બદલાવની ધારણા બનાવે છે. જેમાં કથિત નીચલી જ્ઞાતિએ પોતાનો જ્ઞાતિ-ગર્વ, સંસ્કૃતિ, વ્યવહાર અને ઓળખને છોડવી પડે છે. જો કથિત નીચલી જ્ઞાતિનાં લોકો સમાનતાની માંગણી કરવા માટે અવાજ ઊઠાવે અથવા બંધારણીય પ્રક્રિયા દ્વારા શક્તિશાળી દરજ્જો મેળવે, તો 'સ્વ-ધારણા' 'સ્વ-અભિવ્યક્તિ'ને સશક્ત કરવામાં રૂપાંતરિત થઈ જાય છે. જે જ્ઞાતિના માળખામાં વાસ્તવિક પરિવર્તનો લાવે છે.

વર્તમાન સમયમાં ભારતમાં 'નીચલી જ્ઞાતિ'ઓને જ્ઞાતિના જડ ઊંચ-નીચના માળખાથી મુક્ત કરવા માટે ઘણી સહાયક પ્રક્રિયાઓ મોજૂદ છે. પોતાની 'જ્ઞાતિનો ગર્વ' રાખનારી ઉચ્ચ જ્ઞાતિઓ પરાજિત સંકુચિત માનસિકતા સાથે પોતાના દ્વારા રચાયેલાં કુંડાળામાં જ્ઞાતિપ્રથાને કાર્યરત રાખે છે. સમય જતા અલગ અલગ વ્યક્તિગત, ખાનગી અને સાર્વજનિક (લોકતાંત્રિક અને આર્થિક) સ્તરે જ્ઞાતિ વ્યવસ્થા કાર્યરત રહે છે. જાહેર ક્ષેત્રોમાં લોકતાંત્રિક અને આર્થિક સ્તરે નીચલી જ્ઞાતિઓએ વધુ સંભાવનાઓ ઊભી કરી છે અને પોતાની પ્રભાવકતાનો વ્યાપ વધારી અંતે પોતાના રાજકીય તથા સામાજિક દરજ્જામાં પરિવર્તન આણ્યું છે.

સામાજિક જન-સંગઠિતતા ઐતિહાસિક રીતે બાકાત રહેલા જ્ઞાતિજૂથો નવી સામાજિક મૂડીનું સર્જન કરે છે જે જાહેર કાર્યક્રમની પહોંચ સુનિશ્ચિત કરે છે. આ પ્રકારના જન-સંગઠનો રાજકીય પ્રક્રિયાના માર્ગે, સામાજિક સુધારણાના આંદોલન દ્વારા, સામાજિક ઓડિટ, ગ્રામસભા વગેરેમાં પોતાની ભાગીદારી વધારે છે. ઉપરાંત, જાહેર કાર્યક્રમો હેઠળની જોગવાઈ દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિ, ગ્રામીણ આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ સમિતિ, રોગી કલ્યાણ સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, પાણી સમિતિ વગેરેમાં હિસ્સેદારી વધારે છે. ■

**જાહેર કાર્યક્રમો અંગે માહિતી અને સમસ્યાઓની ફરિયાદ માટે ટોલ ફ્રી/હેલ્પલાઇન ફોન નંબર**

| | |
|---|---|
| ૧. સર્વ શિક્ષા અભિયાન – એસ.એ.એ. | 1800-233-7965 |
| ૨. હેલો સખી – મહિલા ઈમર્જન્સી હેલ્પલાઇન | 1091 |
| ૩. મહિલા અત્યાચાર (વીમેન વાયોલન્સ) | 1800-233-1111 |
| ૪. અભ્યમ મહિલા હેલ્પલાઇન | 181 |
| ૫. ચાઇલ્ડ લાઇન | 1098 |
| ૬. મુખ્યમંત્રી અમૃતમ્ (માઁ) યોજના | 1800-233-1022 |
| ૭. મનરેગા | 1800-233-4567 |
| ૮. જાહેર વિતરણ યોજના, નોકરી, વિકલાંગતા માટે માહિતી | 1800-233-5500 |
| ૯. ગુજરાત રાજ્ય ગ્રાહક હેલ્પલાઇન | 1800-233-0222 |

# સાંપ્રત પ્રવાહ

## નીતિ આયોગે સામાજિક ક્ષેત્રની યોજનાઓ સ્થાનિક સ્તરે પહોંચાડવા માટે એનજીઓને સહાય કરવા જણાવ્યું

ડાબેરી વિચારધારા સાથે જોડાયેલાં બિન-સરકારી સંગઠનો (એનજીઓ) પર છેલ્લાં અઢી વર્ષથી ચાંપતી નજર રાખ્યા બાદ નરેન્દ્ર મોદી સરકારે યુ-ટર્ન લીધો છે. સરકારે સામાજિક ક્ષેત્રની યોજનાઓ વધુ સારી રીતે પહોંચાડવા માટે નાગરિક સમાજ સંગઠનોનો સહકાર મેળવવા તરફ આગેકૂચ કરી છે. એક તરફ નીતિ આયોગે એનજીઓને સામાજિક ક્ષેત્રની યોજનાઓ પહોંચાડવાનો ભાગ બનવા જણાવ્યું છે, તો બીજી તરફ સૂત્રોએ આ પગલાંનો ઉદ્દેશ વિદેશી ભંડોળ ન મેળવતાં એનજીઓનો વિકાસ સાધવાનો તથા આ એનજીઓને સ્થાનિક સ્તરે કેન્દ્રીય યોજનાઓના અમલીકરણ માટે સહાયક બનાવવાનો છે.

નીતિ આયોગના ઉપાધ્યક્ષ અરવિંદ પાનગરિયાએ નાગરિક સમાજ સંગઠનો (સિવિલ સોસાયટી ઓર્ગેનાઇઝેશન્સ - સીએસઓ) સાથે મંત્રણા યોજી હતી તથા દેશમાં જિલ્લા અને તાલુકા સ્તરે સેવાઓ પહોંચાડવા માટે સરકારને મદદરૂપ થવા જણાવ્યું હતું. 'થિન્ક-ટેન્ક' પેનલે 17થી વધુ અગ્રણી સ્વૈચ્છિક સંગઠનો સાથે સતત ચર્ચા-મંત્રણા કરી હતી. જેમાં 15 કેન્દ્રીય મંત્રાલયોના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યા પ્રમાણે - શિક્ષણ, આરોગ્ય, અશક્ત વૃદ્ધોની સંભાળ, મહિલા સશક્તિકરણ, ગ્રામીણ વિકાસથી લઈને હસ્ત કારીગરી જેવાં વિવિધ સામાજિક ક્ષેત્રોએ કાર્યરત સ્વૈચ્છિક સંગઠનોએ ગ્રામીણ વિકાસ મંત્રાલય, મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય, ફૂડ એન્ડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એફએસએસએઆઇ), લઘુમતી બાબતોના મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

તાજેતરમાં ગૃહ મંત્રાલયે વિવિધ કારણો રજૂ કરીને 11,000 કરતાં વધુ સ્વૈચ્છિક સંગઠનોની એફસીઆરએ નોંધણી રદ કરીને કડક કાર્યવાહી કર્યા બાદ, મોદી સરકારના વલણમાં અચાનક જ પરિવર્તન આવ્યું છે. આ કાર્યવાહી પાછળનું એક કારણ એ પણ હતું કે આ સંગઠનો દેશના વિવિધ ભાગોમાં સરકાર વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હતાં. જો કે, નીતિ આયોગે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે રાજ્ય સરકારો, કેન્દ્ર સરકારની સામાજિક ક્ષેત્રે રજૂ કરવામાં આવેલી વિવિધ યોજનાઓનો અમલ કરવા માટે પૂરતાં પગલાં ભરતી નથી. આ પગલું કોંગ્રેસનાં અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્રીય યોજનાઓની કામગીરી સુધીની મુક્ત પહોંચ પૂરી પાડી હતી તેનું પણ વિરોધાભાસી જણાય છે.


જો કે, હવે નીતિ આયોગને, સરકારી નીતિઓ અને યોજનાઓના અસરકારક અમલીકરણમાં સીએસઓની ભૂમિકાનું મહત્વ સમજાયું છે તેમ અધિકારીએ જણાવ્યું હતું. સામાજિક ક્ષેત્રે કેન્દ્ર દ્વારા પુરસ્કર્તા યોજનાઓના અમલીકરણમાં અત્યંત અંતરિયાળ વિસ્તાર સુધી આ યોજનાઓ તથા સેવાઓ પહોંચાડવામાં સીએસઓ સહાયરૂપ બને તેવી 'થિન્ક ટેન્ક' પેનલને આશા છે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, 'ભારત' યુનાઇટેડ નેશન્સ દ્વારા અપનાવવામાં આવેલાં સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો (સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ - એસડીજી) પાર પાડવા માટે પ્રતિબદ્ધ છે ત્યારે સામાજિક ક્ષેત્રની યોજનાઓના અમલીકરણને વધુ અસરકારક બનાવવામાં આવે તે જરૂરી છે અને સીએસઓને સાંકળીને આ લક્ષ્યાંક સિદ્ધ કરી શકાય છે. આ ચર્ચા દરમિયાન પાનગરિયાએ સીએસઓના પ્રતિનિધિઓને જણાવ્યું હતું કે, સરકાર અને નાગરિક સમાજ સંગઠનો વચ્ચેની અસરકારક ભાગીદારી ખાસ કરીને સામાજિક સ્તરે સરકારી સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ ક્ષેત્રે લાંબી મજલ કાપશે.

અધિકારીએ ઉમેર્યું હતું કે, આ બેઠકમાં મહત્વની કેન્દ્રીય યોજનાઓની સેવાઓ પહોંચાડવાની કામગીરીમાં સુધારો લાવવા રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરે સીએસઓ અને સરકાર વચ્ચેની ભાગીદારી મજબૂત કરવાના અસરકારક ઉપાયો નક્કી કરવામાં આવ્યા હતા. સીએસઓ સેવા પહોંચાડવા ક્ષેત્રે ભંડોળની ફાળવણીથી લઈને મૂલ્યાંકનની પ્રક્રિયાઓ સહિતની બાબતોમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

આ મંત્રણામાં પ્રથમ હેલ્પ એજ ઇન્ડિયા, સુલભ ઇન્ટરનેશનલ, પ્રધાન, અક્ષય પાત્ર અને પ્રયાસ સહિતનાં સીએસઓએ ભાગ લીધો હતો.

સ્રોતઃ 'ઇન્ડિયન એક્સપ્રેસ', માર્ચ 2, 2017, નવી દિલ્હી.

## વર્ષ ૨૦૧૭–૧૮ માટે નિમ્ન યોજનાઓને ફાળવાયેલું ભંડોળ (રૂ. કરોડમાં)



ઉન્નતિ
**વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬
ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: **www.unnati.org**
ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૧૪, રાજસ્થાન.
ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org

આ બુલેટિનનાં લેખોમાં મંતવ્યો લેખકોના વ્યક્તિગત છે.

**દીપા સોનપાલ**, ઈ-મેલઃ sie@unnati.org, **રમેશ પટેલ,** ઈ-મેલઃ publication@unnati.org

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'
મુદ્રણ: પ્રિન્ટવિઝન, અમદાવાદ.

**ફક્ત અંગત વિતરણ માટે**

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે 'વિચાર'માં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.